શનિવાર, ૭ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦
MUMBAI SAMACHAR www.bombaysamachar.com
7 September 2024, Saturday REGD.No. MCS/058/2024-26

# દૈનિક મુંબઈ સમાચાર

મુંબઈથી પ્રસિદ્ધ થતું સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ પુસ્તક: ૨૦૩ Volume 67 Issue 214 વિક્રમ સંવત ૨૦૮૦ ભાદ્રપદ સુદ-૪ મુંબઈ
R.N.I. No. 1563/1957 ★
૨૦૩ વર્ષ



આદરણીય કેન્દ્રીય ગૃહ પ્રધાન

**શ્રી અમિતભાઈ શાહને**

**અત્યંત આદરપૂર્વક વંદન...**

મુંબઈ સમાચારની ૨૦૦ વર્ષની યાત્રાની સાક્ષીરૂપ ડૉક્યુમેન્ટરી
‘મુંબઈ સમાચાર ૨૦૦ નોટઆઉટ’ના
વિમોચન સમારોહમાં ઉપસ્થિત રહેવાની સહમતી
દર્શાવવા બદલ **આપનો ખૂબ ખૂબ આભાર.**






એશિયાના સૌથી જૂના અખબારે ૨૦૦ વર્ષ પૂરાં કરવાનો
ઈતિહાસ ઘડ્યો છે. આ પ્રસંગે દેશના આદરણીય ગૃહ પ્રધાન

**શ્રી અમિતભાઈ શાહના હસ્તે**

## ‘મુંબઈ સમાચાર ૨૦૦ નોટઆઉટ’

## ડૉક્યુમેન્ટરીનું વિમોચન

રવિવારે સાંજે ૫.૩૦ વાગ્યે
હોટલ સહારા સ્ટાર, સફાયર બોલરૂમ,
સાંતાક્રુઝ એરપોર્ટ, વિલેપાર્લે, મુંબઈ.



આટલું જ નહીં, આ ક્ષણોને યાદગાર બનાવવા માટે
હાસ્યનો પ્રલય સર્જવા આવી રહ્યા છે,
જાણીતા હાસ્ય સુપર સ્ટાર
**સાઈરામ દવે**
હાસ્યનો હાહાકાર લઈને.

સાથે હશે
મસ્તીખોર
**મિલન ત્રિવેદી.**



## ‘ખડખડાટ હાસ્ય દરબાર’ હાસ્ય, લોકગીત અને સંગીત સાથેનો ‘મોજનો મેળો’

**સુરક્ષાના કારણોસર:**

★ જે વ્યક્તિના નામે પાસ આપવામાં આવ્યો હશે તેમને જ ફક્ત ફોટો ઓળખપત્ર (આધાર કાર્ડ/પાસપોર્ટ/ડ્રાઈવિંગ લાઇસન્સ) સાથે જ પ્રવેશ આપવામાં આવશે
★ ચહાની વ્યવસ્થા સાંજે ૫.૦૦થી ૫.૩૦ દરમિયાન કરવામાં આવી છે
★ કાર્યક્રમ સાંજે ૫.૩૦ વાગ્યે ચાલુ થઈ જશે અને ૬.૦૦ વાગ્યા પછી કોઈને પ્રવેશ મળશે નહીં.
★ પાણીની બાટલી સહિત કોઈપણ બેગ/સામાન લઈ જવાની પરવાનગી નથી (પાણીની વ્યવસ્થા કરાઈ છે)
★ વધુ માહિતી માટે સંપર્ક: ૯૩૨૬૧૫૨૯૪૨ (બપોરે ૧૨થી સાંજે ૬)

# જળ સંરક્ષણ, પ્રકૃતિ સંરક્ષણ એ ભારતની સાંસ્કૃતિક ચેતનાનો એક ભાગઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી

## વડા પ્રધાનના હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી સુરતથી ‘જળસંચય જનભાગીદારી યોજના’નો શુભારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જળ સંરક્ષણ એ માત્ર નીતિઓનો વિષય નથી પણ સામાજિક નિષ્ઠાનો પણ મુદ્દો છે. આવનારી પેઢીઓ આપણા તરફ સન્માનની નજરે જુએ, આદર સાથે યાદ કરે એ માટે ભૂગર્ભમાં મહત્તમ જળસંચય થવું જરૂરી છે. જળસંચયની યોજના જળસ્રોતોના રક્ષણ જ નહીં, ભાવિ પેઢીને સમૃદ્ધ જળવારસો આપવાનું માધ્યમ બનશે. એટલે જ સરકાર જળ સંરક્ષણ દ્વારા જળ સુરક્ષાને નવી તાકાત આપવા સંકલ્પબદ્ધ છે એવું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સુરતમાં ‘જળસંચય જનભાગીદારી યોજના’નો વર્ચ્યુઅલ માધ્યમથી શુભારંભ કરાવતા જણાવ્યું હતું.

સુરતના ઈન્ડોર સ્ટેડિયમ ખાતેથી વડા પ્રધાને વરસાદના પાણીના એક એક ટીપાનો ભૂગર્ભમાં સંગ્રહ કરીને ભૂગર્ભ જળ ઊંચા લાવવાનું મહત્ત્વ સમજાવતા વધુમાં કહ્યું હતું કે, જન જન સુધી પાણી પહોંચાડવા માટે વર્ષોથી ગુજરાતમાં સાર્થક અને પરિણામલક્ષી પ્રયાસો થયા છે, નર્મદા ડેમની પૂર્ણતા, સૌની યોજના, સુજલામ સુફલામ જળ અભિયાન જેવા અનેકવિધ પ્રોજેક્ટ્સના કારણે ગુજરાત જળસંરક્ષણ અને જળવ્યવસ્થાપના ક્ષેત્રે દેશના અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ બન્યું છે.

જાગૃત જનમાનસ, જનભાગીદારી અને જનઆંદોલન એ જળસંચય અભિયાનની સૌથી મોટી શક્તિ છે, ત્યારે દેશમાં જનભાગીદારીથી ૬૦ હજાર અમૃત સરોવરોનું નિર્માણ થયું છે એમ જણાવતા વડા પ્રધાને ગુજરાતમાં નિર્માણ પામેલા ૨૬૦૦ થી વધુ અમૃત સરોવરો બદલ રાજ્યની જનતાની જલસંચયની કામગીરીમાં જનભાગીદારીને બિરદાવી હતી. જળસંચય જનભાગીદારી યોજનાનો મુખ્ય આશય ગુજરાતભરમાં ૨૪,૮૦૦ જળસંચય સ્ટ્રક્ચર ઊભા કરવાનો છે, જે સફળ બનશે એવો વિશ્વાસ વ્યક્ત કરી તેમણે પરંપરાગત જળસ્રોતોના નવિનીકરણની સાથે સાથે નવા જળસ્રોતોનું પણ નિર્માણ થાય એના પર ભાર મૂક્યો હતો.

જળસંચય એ માત્ર એક પૉલિસી જ નથી, એક પુણ્યકાર્ય છે, જેમાં ઉદારતાની સાથે ઉત્તરદાયિત્વ પણ સામેલ છે એમ સ્પષ્ટપણે જણાવીને તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ભારતમાં લોકભાગીદારી અને જનઆંદોલન દ્વારા જળ સંરક્ષણ અને પ્રકૃતિ સંરક્ષણ માટે એક અનોખું અભિયાન ચાલી રહ્યું છે. કેન્દ્ર સરકારે ટકાઉ ભવિષ્ય માટે જે ૯ ઠરાવો રજૂ કર્યા છે તેમાં જળ સંરક્ષણ એ પહેલો ઠરાવ છે. સંજોગોને કારણે ભૂગર્ભ જળસંગ્રહ તેમજ જળ વ્યવસ્થાપનનું આ કામ અમારી પાસે આવ્યું નથી, પરંતુ સરકારે આ પડકારજનક કાર્યને જવાબદારી સમજીને કેચ ધ રેઇન, અટલ ભૂજલ યોજના, નમામિ ગંગે જેવી યોજનાઓ-પહેલોથી જળસંચય-વ્યવસ્થાપનને વ્યાપક બનાવ્યું છે, જેનાં સારાં પરિણામો મળી રહ્યાં છે.

જળ સંરક્ષણ, પ્રકૃતિ સંરક્ષણ એ ભારતની સાંસ્કૃતિક ચેતનાનો એક ભાગ છે એમ જણાવી વડા પ્રધાને વૃક્ષો ભૂગર્ભ જળને ઊંચા લાવવામાં અતિ ઉપયોગી હોવાથી ‘એક પેડ માં કે નામ’ અભિયાન શરૂ કરી આપણી જનેતા અને પ્રકૃતિમાતા પ્રત્યે વાત્સલ્ય પ્રગટ કરવાનું દેશવાસીઓને આહ્‌વાન કર્યું હતું.

આ પ્રસંગે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સુજલામ સુફલામ જળ અભિયાનના પરિણામે છેલ્લા સાત વર્ષમાં રાજ્યની જળ સંગ્રહ ક્ષમતામાં ૧૧ હજાર લાખ ઘનફૂટનો વધારો થયો છે. ‘જળસંચય જનભાગીદારી યોજના’ પર્યાવરણ સંરક્ષણ અને જળ વ્યવસ્થાપની એક મહત્ત્વપૂર્ણ પહેલ છે, જે ગુજરાતમાં જળ પુરવઠા, જળ વ્યવસ્થાપન અને જળસંચયની કામગીરી થકી દેશને દિશા ચીંધશે,રાજ્યમાં સુરત સહિતના દ. ગુજરાતના તાપી, ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લાઓમાં ૧૦,૦૦૦ જેટલા બોરવેલ રિચાર્જ કાર્યો પૂર્ણ થયા છે. છેલ્લા સાત વર્ષમાં રાજ્યની જળસંગ્રહ ક્ષમતામાં ૧૧ હજાર લાખ ઘનફૂટનો વધારો થયો છે.

જ્યારે કેન્દ્રીય જલશક્તિ પ્રધાન સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, વિકાસ મૉડેલ તરીકે પ્રખ્યાત ગુજરાત આગામી દિવસોમાં જળ સંચયમાં પણ દેશનું મૉડેલ રાજ્ય બનશે. સમગ્ર રાજ્યમાં ૨૪૮૦૦થી વધુ બોર રિચાર્જિંગના કામો હાથ ધરાશે. વિકસિત ભારતના નિર્માણમાં પાણીની સમસ્યા બાધારૂપ નહીં બને એવો વિશ્વાસ આપણે સૌએ જળસંચય યોજનાને દેશભરમાં લાગુ કરીને અપાવવાનો છે એમ જણાવી પાટીલે ઉમેર્યું હતું કે, ‘જનશક્તિથી જળશક્તિ’ ને સફળ બનાવવા સંકલ્પ લઈએ. સામૂહિક કામગીરીથી ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવીશું તો આવનારી પેઢીના આપણે ઋણી બનીશું.

## અમદાવાદમાંથી ૨૦૦ કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપાયોઃ ઓડિશાના ત્રણ લોકોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં નશાનો વેપાર ફૂલીફાલી રહ્યો છે, ડ્રગ્સ માફિયાઓ અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા સહિતના શહેરોમાં ડ્રગ્સની તસ્કરી કરી રહ્યા છે, ડ્રગ્સ તસ્કરીનું નેટવર્ક બનાવી તે ડ્રગ્સ રેકેટ ચલાવી રહ્યા છે. શુક્રવારે ઓડિશાથી ટ્રકમાં ભરીને લાવેલાં ૨૦૦ કિલો ગાંજા અને ડ્રગ્સ સાથે ત્રણ આરોપીને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે ઝડપી લીધા હતા. પોલીસે ડ્રગ્સ તસ્કરોની વટવા જીઆઈડીસીમાં ગાંજો-ડ્રગ્સની ડિલિવરી કરવાનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો.

આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું હતું, કે આ ડ્રગ્સનો જથ્થો વટવા જીઆઈડીસીમાં ઉતારવાનો હતો. તેમા લગભગ ૨૦૦ કિલોથી વધુનો ગાંજો અને એમ.ડી સહિત ડ્રગ્સના પેકેટો મળી આવ્યા છે. ગુજરાત સહિત અન્ય રાજયોમાં પણ ડ્રગ્સનો જથ્થો ઉતાર્યો હોવાની પોલીસને માહિતી મળી હતી. ડ્રગ્સનો આ જથ્થો કોને-કોને આપવાનો હતો અને રસ્તામાં અન્ય કોઇને આ જથ્થો ડિલિવરી કર્યો છે કે નહીં તે સહિતના તમામ ઍંગલ પર હાલ તપાસ ચાલી રહી છે.

## રાજ્ય સરકારના ૪.૫૦ લાખ કર્મચારીઓએ ફરી સરકાર સામે બાંયો ચઢાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારનાં ૪.૫૦ લાખ જેટલા કર્મચારીઓએ ફરી એકવાર સરકાર સામે બાંયો ચઢાવી છે, કર્મચારી મહામંડળે મુખ્ય પ્રધાનને પત્ર પાઠવી ૧૫-પડતર પ્રશ્નો વહેલી તકે નહીં ઉકેલાય તો આ મહિનાના અંતથી જ રાજયભરમાં રિસેસનાં ટાઈમમાં સૂત્રોચ્ચાર, તાલુકા-જિલ્લા મથકોએ રેલી સહિતનાં આંદોલનાત્મક કાર્યક્રમો યોજવાની ચીમકી ઉચ્ચારી છે. ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના હોદ્દેદારોનાં જણાવ્યા મુજબ મંડળની આ રવિવારે ગાંધીનગર ખાતે બેઠક રાખવામાં આવી છે. જેમાં લડતની રણનીતિ ઘડાશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને લખવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે તમને અવારનવારની રજૂઆતો કરવામાં આવી છે. જેને ઘણો સમય પસાર થવા છતાં કોઈ પણ પ્રશ્નનો ઉકેલ ન આવતાં સરકારના કર્મચારીઓમાં નિરાશા સર્જાઈ છે. કર્મચારીઓએ આપની સમક્ષ ઘણી આશા રાખી છે. તે આ પત્ર દ્વારા નીચેના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા અનુરોધ છે. છેલ્લે ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના પડતર પ્રશ્નોનો સરકાર દ્વારા ઉકેલ ન આવે તો રિસેસમાં સૂત્રોચ્ચાર કરવા તાલુકા જીલ્લા મથકોએ રેલી સભાઓ કરવી વગેરે કાર્યક્રમો જાહેર કરવામાં આવશે.

કર્મચારીઓના પડતર પ્રશ્નોમાં મૂળ જીપીએફ જૂની પેન્શન યોજનાનો સત્વરે અમલ કરવો, ફિકસ પગારની પ્રથા બંધ કરવી, અને હાઈ કોર્ટના ચુકાદા મુજબ મૂળ તારીખથી લાભો આપવા, રહેમરાહે નોકરી મૂળ સ્વરૂપે ચાલુ કરવી તથા વર્ગ-૪ની આઉટ સોર્સિંગ ભરતી બંધ કરી નિયમીત ભરતી કરવી. કર્મચારીઓની ૫૦ વર્ષની વયમર્યાદા બાદ તમામ ખાતાકીય પરિક્ષાઓમાંથી મુકિત આપવી, સાતમાં પગારપંચ મુજબ ૧૦-૨-૩૦ વર્ષે ઉચ્ચત્તર પગારધોરણ મૂળ તારીખથી કોઈપણ જાતની પગાર મર્યાદા વિના આપવું.

તે ઉપરાંત વય નિવૃતિ ૫૮ થી વધારી ૬૦ વર્ષ કરવી તથા તા.૩૦/૦૬ના રોજ વયનિયુકત થનાર/થયેલને એક ઈજાફો ઉમેરી લાભ આપવો.તથા નિવૃતિ પછીની પુનઃ નિમણૂક સંપુર્ણ કરવી અને નિયમિત ભરતી કરવી ખાતાકિય પરીક્ષાઓ મૂળ ખાતા મારફતે લેવાય તેવી વ્યવસ્થા કરાવવી અન્યથા શર્તી પ્રમોશન આપવા. કર્મચારીઓને ગાંધીનગરમાં આપેલ રાહત દરના પ્લોટની જેમ જિલ્લાના કર્મચારીઓને પ્લોટ આપવા અથવા હાઉસિંગ બોર્ડના મકાનોમાં અગ્રતાના ધોરણે રાહત દરે મકાનની ફાળવણી કરવી, પંચાયત, બોર્ડ-નિગમ, મહાનગરપાલિકા અને નગરપાલિકાના કર્મચારીઓને રાજ્ય સરકારનાં કર્મચારી ગણવા અને રાજ્ય સરકારના કર્મચારીઓને મળતા તમામ લાભો આપવા રાજ્ય સરકારમાં ડ્રાઈવર અને વર્ગ-૪ કર્મચારીઓની નિયમિત ભરતી કરવી રૂમ.૨૫ લાખની મર્યાદામાં કેસલેશ મેડિકલની મર્યાદામાં પૉલિસી આપવી તથા બિન સચિવાલય કર્મચારીઓને થતા પગાર વિસંગતતા બાબત (સમાન કામ સમાન વેતન) કેન્દ્ર સરકારના ૭માં પગારપંચના ઠરાવ મુજબ એચઆરએ (૩૦ ટકા) તથા અન્ય ભથ્થાઓ આપવા અને ચાર્જ એલાઉન્સ તથા ટીએ/ડીએ-૭ પગારપંચ મુજબ આપવું સહિતની કર્મચારીઓની માગો છે.

## ૧૨ જિલ્લામાં એક જ દિવસમાં ૧૦ વર્ષનો રેકોર્ડ વરસાદ ખાબક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં તારીખ ૨૦થી લઇને ૨૯ ઓગસ્ટ સુધીમાં સાર્વત્રિક મેઘમહેર થઈ છે. તેમા પણ ૩૩ જિલ્લામાંથી ૧૭ જિલ્લામાં બે દિવસમાં કુલ એટલો વરસાદ ખાબક્યો જેટલો છેલ્લા ૧૦ વર્ષમાં પણ નહોતો પડ્યો.

આઈઆઈટી ગાંધીનગર ખાતે મશીન ઇન્ટેલિજન્સ એન્ડ રિસાયલન્સ લેબોરેટરી દ્વારા તારીખ ૨૦ થી ૨૯ ઓગસ્ટ દરમિયાન કેટલો વધારે વરસાદ નોંધાયો તે અંગે અભ્યાસ હાથ કરવામાં આવ્યો હતો. જેના અનુસાર ૧૭ જિલ્લામાં બે દિવસમાં કુલ એટલો વરસાદ પડ્યો જેટલો છેલ્લા ૧૦ વર્ષમાં પણ નહોતો. જેમાં જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકામાં ૫૦ વર્ષમાં પણ ન પડ્યો હોય તેવો વરસાદ બે દિવસના સમયગાળા દરમિયાન પડ્યો હતો.

આ ઉપરાંત મોરબીમાં ૫૦ વર્ષ, દ્વારકામાં ૧૦૦ વર્ષમાં ન પડ્યો હોય તેવો વરસાદ આ સમયગાળામાં દરમિયાન પડ્યો હતો. તેમ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ગાંધીનગર દ્વારા કરાયેલા રિસર્ચમાં બહાર આવ્યું છે.

આઈઆઈટી ગાંધીનગર સિવિલ એન્જિનિયરિંગના આસિસ્ટન્ટ પ્રોફેસર-એમઆઇઆર લેબના મુખ્ય સંશોધકે જણાવ્યું હતું કે, પૂરનું સંભવિત જોખમ ધરાવતા વિસ્તારમાં અણઘડ શહેરી વિકાસ, રસ્તાની ઊંચાઇમાં ફેરફાર, બેફામ શહેરીકરણ માટે ડ્રેનેજ લાઇન સાથે ચેડાં કરવા જેવી બાબતોને કારણે પૂરનું સંકટ વધ્યું હોઇ શકે છે. પૂરની સ્થિતિમાં ડ્રેનેજ સિસ્ટમ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

વડોદરાની વાત કરવામાં આવે તો ત્યાં આ સમયગાળામાં પૂર જેવી સમસ્યા સૌથી વધુ સર્જાઇ હતી. ત્યાં ૩ દિવસમાં જેટલો વરસાદ પડ્યો તેટલો ૧૦ વર્ષથી ઓછા સમયગાળામાં ભાગ્યે જ પડતો હોય છે. સંભવિત પૂરની સ્થિતિનો સામનો કરવા શહેરોએ ડ્રેનેજ સિસ્ટમ સુધારવાથી માંડીને આડેધડ શહેરીકરણ રોકવા જેવા વિવિધ પગલાં લેવા પડશે.

## સફેદ રણમાં ભરાયેલાં વરસાદી પાણીથી આ વર્ષે રણોત્સવના આયોજન પર સંકટનાં વાદળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સૂકા રણપ્રદેશ કચ્છને પ્રવાસન ક્ષેત્રે વિશ્વભરમાં જાણીતું કરનારા ભાતીગળ ધોરડો આસપાસના સફેદ રણમાં શરદઋતુમાં યોજાતા રણોત્સવનું સ્થળ ભારે વરસાદ બાદ દરિયા જેવું બની જતાં રણોત્સવ યોજાશે કે કેમ એ અંગે લોકોમાં શંકા ઉભી થવા પામી છે. આ અગાઉ ભરતીના પાણીના અભાવે સફેદ નમકની ચાદરની જગ્યાએ કાળા કાદવ યુક્ત જમીન દેખાતા સરકારી તંત્ર દોડતું થયું હતું એ વચ્ચે હવે રણ જાણે દરિયો બની ગયું હોય તેવું ડબોડબ ભરેલા પાણીને જોઈને લાગી રહ્યું છે.

કચ્છના સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક ફલક પર ઉજાગર કરવા માટે દર વર્ષે યોજવામાં આવતા રણોત્સવને માણવા અને ખાસ કરીને જે સફેદ રણને જોવા માટે દેશ-વિદેશથી પ્રવાસીઓનું ઘોડાપૂર આવે છે ત્યાં અત્યારે વરસાદી પાણી ભરાયેલા છે. સામાન્ય રીતે જૂન અથવા જુલાઈ મહિનામાં વરસાદ પડ્યા પછી ઓગસ્ટના અંત સુધીમાં પાણી ઓસરવા લાગે છે અને નવેમ્બર સુધીમાં રણમાં પાણી સૂકાઈ જાય છે. રણમાં પાણી સુકાયા બાદ ખારાશની જમીન ઉપર સફેદ નમકની ચાદર પથરાઈ જાય છે. જોકે હાલમાં ઓગસ્ટના અંતમાં ભારે વરસાદ પડતાં હવે આગામી બે મહિનામાં રણમાં પાણી સુકાય તેવી કોઈ શક્યતા ન દેખાતાં આ વર્ષે પ્રવાસીઓ માટે સફેદ રણનું સૌંદર્ય માણવું અશક્ય બની જાય તેવી ભીતિ સેવાઈ રહી છે.

રણોત્સવના સફળ આયોજન માટે મશીનો વડે રણમાં તરાપો તરી શકે એટલા ભરાયેલા પાણીને ખેંચવામાં આવે તો પાણી વહેલું સૂકાઈ શકે તેવો મત રણોત્સવ થકી રોજગારી મેળવનારો વર્ગ વ્યક્ત કરી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વરસાદી પાણીની આફત ઉપરાંત કાર્યક્રમના આયોજકોને લઈને ઉભો થયેલો વિવાદ પણ હાલ ચરમસીમાએ પહોંચ્યો છે. ટુરિઝમ વિભાગ દ્વારા રણોત્સવનું સંચાલન લલ્લુજી એન્ડ સન્સ નામની કંપની પાસેથી પરત લઈને અમદાવાદની પ્રવેગ નામની એજન્સીને સોંપવામાં આવ્યું હતું. ત્યારબાદ આ નિર્ણયને વડી અદાલતમાં પડકારનારી લલ્લુજી એન્ડ સન્સની તરફેણમાં નામદાર અદાલતે ચુકાદો આપી, ટેન્ડરને રદ કરી દેતાં ટૂરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાતને પણ નીચા જોણું થયું છે.

## સુરતમાં જ્વેલર્સની દુકાનના તાળાં તૂટ્યાઃ ₹ ૧.૨૫ કરોડની મતા ચોરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ઉમરા વિસ્તારમાં જ્વેલર્સની દુકાનમાં ત્રાટકેલા ચાર જેટલા તસ્કરો ત્રણ કિલો સોનું અને સાતેક કિલો જેટલી ચાંદીની ચોરી કરીને ફરાર થઈ ગયા હોવાની ઘટનાથી ચકચાર મચી ગઇ હતી. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે કારમાં ફરાર થઈ ગયેલા અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સુરત શહેરના ઉમરા વિસ્તાર ખાતે આવેલા ટર્નિંગ પોઈન્ટ નજીક જ્વેલર્સની દુકાનમાં તાળું તોડી ચોરી થઈ હતી. જેથી પોલીસના અધિકારીઓ ઘટનાસ્થળે પહોચ્યા હતા. જ્યાં હાજર ફરિયાદી શૈલેશકુમાર સોનીએ જણાવ્યું હતું કે, તેઓની દુકાનમાં રહેલું આશરે ત્રણ કિલો સોનું અને સાતેક કિલો ચાંદી જે શોરૂમમાં શોકેસમાં ગોઠવેલી હતી, તે કોઈ ચોર ઈસમો તાળું તોડીને ચોરી કરીને લઇ ગયેલી છે. જેની અંદાજિત કિંમત રૂ.૧.૨૫ કરોડ થવા જાય છે.

પોલીસે ઘરફોડ ચોરીની ફરિયાદ નોંધી છે. જેમાં ફિંગર પ્રિન્ટ એક્સપર્ટ, ડોગ સ્કવોડ અને એફએસએલના અધિકારીઓને સ્થળ પર બોલાવીને તપાસ હાથ ચાલી રહી છે. આ ઉપરાંત અલગ-અલગ ટીમો બનાવીને ફરાર થઈ ગયેલા તસ્કરોની ધરપકડ માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ મામલે પોલીસે ગુનો નોંધી અલગ-અલગ ટીમો બનાવીને તપાસ શરૂ કરી હતી.

## ગાંધીનગરમાં મચ્છરજન્ય રોગચાળો વકર્યોઃ ડેન્ગ્યૂના ૭૦ અને મલેરિયાના ૧૩ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ, વડોદરા, સુરત અને અમદાવાદ બાદ હવે રાજ્યના પાટનગર ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં રોગચાળો વકર્યો છે, ગાંધીનગરમાં ડેન્ગ્યૂના ૭૦ અને મલેરિયાના ૧૩ કેસ ઉપરાંત ઝાડા ઉલટીના કેસ પણ વધ્યા છે, જેના કારણે તંત્ર દોડતું થયું છે. ગાંધીનગર મનપાએ ફોગિંગ, દવાઓનો છંટકાવ શરૂ કર્યો છે. બીજી તરફ વાત કરવામાં આવે તો શહેરમાં ચાલુ માસમાં ઝાડા ઊલટીના ૩૮૨ કેસ, કમળાના ૧૭૮ કેસ, ટાઇફોઇડનાં ૩૦૪ કેસ, કોલેરાનાં ૧૬ કેસ નોંધાયા છે. ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારોમાં પણ રોગચાળો વધ્યો છે, પરંતુ તંત્ર દ્વારા દવાનો છંટકાવ કરવામા આવતા ધીરે ધીરે રોગચાળા પર કાબૂ આવી જશે તેવી તંત્રએ આશા વ્યક્ત કરી હતી.

## કંડલા બંદરની આસપાસ ફેલાયેલા ૬૦૦થી વધુ કાચા-પાકા દબાણો હટાવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દેશના મહાબંદર કંડલાના પ્રશાસન દ્વારા બંદર આસપાસના કોસ્ટલ લેન પર અંદાજિત ૨૦૦ એકર જેટલી જમીન પર વર્ષોથી ગેરકાયદે ખડકાયેલી બન્ના ઝૂંપડપટ્ટી વસાહતને નેસ્તનાબૂત કરવા માટે કચ્છના ઇતિહાસની અત્યારસુધીની મેગા ડિમોલીશન ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે અને ગણતરીમાં કલાકોમાં જ દીનદયાલ પોર્ટ ઓથોરિટીએ ૬૦૦ જેટલાં ઝૂંપડાને હટાવી ૪૦૦ કરોડથી વધુના મૂલ્યની જમીન ખાલી કરી દીધી છે. જો કે, વર્ષોથી અહીં સ્થાયી થયેલા અંદાજે સાડા પાંચેક હજાર લોકો બેઘર બની ગયા છે.

આ અંગે કંડલા બંદરના જનસંપર્ક અધિકારી ઓમપ્રકાશ દાદલાણીએ જણાવ્યું હતું કે, છેલ્લાં પાંચ દાયકાના સમયગાળા દરમ્યાન પોર્ટ ઑથોરીટી હસ્તકની આ જમીન પર ગેરકાયદે દબાણો થવા શરૂ થઈ ગયા હતા. થોડા વર્ષો અગાઉ બંદરના પ્રશાસને દબાણકારોને દબાણો હટાવી લેવા સૂચના આપી હતી અને બે અઢી માસ અગાઉ પણ દબાણો ખાલી કરી દેવા જાહેર સૂચના અપાઈ હતી. નવા કંડલાના બન્ના વિસ્તાર ઉપરાંત જૂના કંડલાના ઇફકો ઝૂંપડપટ્ટીના નામે ઓળખાતા મુંબઈના ધારાવીના મિનિ સ્વરૂપ સમા આ સ્લમ વિસ્તારમાં મોટાભાગે પોર્ટ પર કામ કરતાં શ્રમિકો અને માછીમારો રહેતા હતા.

આખરે વહેલી પરોઢે પોર્ટ પ્રશાસન અને સીઆઈએસએફના ૨૦૦ કર્મચારીઓ, સાડા પાંચસો જેટલાં પોલીસ કર્મચારીઓ, પચ્ચીસેક જેસીબી, બાર જેટલાં હિટાચી હાઈડ્રા મશીનો, કાટમાળ હટાવવા ૨૦૦ જેટલી ટ્રક અને ડમ્પરોની મદદથી પોર્ટના ચેરમેન સુશીલકુમાર સિંઘ, ડેપ્યુટી ચેરમેન નંદિશ શુક્લા, પૂર્વ કચ્છ એસ.પી. સાગર બાગમારની ઉપસ્થિતિમાં દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરાઈ હતી. પોર્ટ સુરક્ષા, રાષ્ટ્રીય સુરક્ષા અને અને કોસ્ટલ સુરક્ષાને ધ્યાનમાં રાખી આ કામગીરી કરવી અનિવાર્ય બની ગઈ હોવાનું પોલીસ વડા સાગર બાગમારે જણાવ્યું હતું.

## જૂનાગઢ-પોરબંદર હાઈવે પર મોડીરાત્રે કારમાંથી દોઢ કરોડના દાગીના-રોકડની લૂંટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ-પોરબંદર હાઇવે પર ગુરુવારે મોડીરાત્રે બાંટવાના પાજોદ ગામ નજીક અમદાવાદના બે સેલ્સમેન પાસેથી ત્રણ લૂંટારુઓ સોનું-ચાંદી અને રોકડ લૂંટી ફરાર થયાની ઘટના બની હતી. મોડી રાત્રે અમદાવાદના બે સેલ્સમેનને છરી બતાવી અને ઢીકાપાટુનો માર મારીને કુતિયાણા તરફથી આવતાં ત્રણ લૂંટારા અઢી કિલો સોનું, પાંચ કિલો ચાંદી અને અઢી લાખ રોકડની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર મામલે સેલ્સમેને જણાવ્યા મુજબ બાંટવા પોલીસે ત્રણ અજાણ્યા ઇસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ઘટનાની જાણ પોલીસને થતાં એસપી, એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ અને લોકલ પોલીસ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને તમામ રોડની નાકાબંધી કરવામાં આવી હતી.

આ સમગ્ર ઘટના અંગે મળતી વિગત મુજબ, અમદાવાદના માણેકચોકમાં આવેલી કલા ગોલ્ડ ફેક્ટરીના સેલ્સમેન ધર્મેન્દ્ર જોશી અને ધનરાજ ભાંગડે કુતિયાણા તરફથી પોતાનું ફોર-વ્હિલર લઈ સોમનાથ તરફ જતા હતા એ સમયે બાંટવા-કુતિયાણા રોડ પર પોતાની કારમાં પંચર પડતાં આ બંને સેલ્સમેન ઊભા હતા. ત્યારે અચાનક જ બાઈક પર આવી એક વ્યક્તિએ આ સેલ્સમેન સાથે અપશબ્દો બોલી માથાકૂટ શરૂ કરી હતી. ત્યારે જોતજોતાંમાં અચાનક જ બે અન્ય ઈસમો આવી છરી બતાવી માર મારીને કારમાંથી અઢી કિલો સોનું, પાંચ કિલો ચાંદી અને ૨.૫૦ લાખ રોકડ અને સેલ્સમેનના મોબાઈલ મળી કુલ ૧ કરોડ ૧૫ લાખ ૮૨ હજારનો મુદ્દામાલ લૂંટી ગયા હતા.

## ઑગસ્ટમાં ગુજરાતના કારના વેચાણમાં ૯.૩ ટકાનો ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં નવી કારના વેચાણમાં ૯.૩ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો, જેમાં ૨૮,૧૯૩ કારોનું વેચાણ થયું હતું, જે ઑગસ્ટ ૨૦૨૩ માં ૨૫,૭૯૨ કારોનું હતું. ફેડરેશન ઑફ ઑટોમોબાઈલ ડિલર્સ એસોસિયેશન (ફાડા)ના આંકડામાં આ અંગે ખુલાસો થયો હતો, આ ચિત્ર સમગ્ર ભારતની સ્થિતિથી તદ્દન વિપરીત છે, જ્યાં પેસેન્જર વાહનોના વેચાણમાં સમાન સમયગાળા દરમિયાન ૪.૫ ટકાનો ઘટાડો થયો છે. ડીલરોના મતે રાજ્યના કાર માર્કેટમાં વૃદ્ધિ ગ્રાહકોનું હકારાત્મક વલણ દર્શાવે છે.

ગાંધીનગરમાં પરિવહન વિભાગના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, ઑગસ્ટમાં મજબૂત વેચાણનું પ્રદર્શન રક્ષાબંધન અને જન્માષ્ટમીને આભારી છે, જે ખરીદી માટે સારા મુહૂર્ત લાવ્યા હતા. ગુજરાતમાં, લોકો ઘણીવાર શુભ પ્રસંગોએ કાર ખરીદવાનું પસંદ કરે છે, અને જન્મદિવસને પણ ખરીદી માટે મહત્ત્વનો સમય માનવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં, નવી અને સેકન્ડ હેન્ડ કારની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે, જે ચાલુ રહેશે.

ફેડરેશન ઑફ ઑટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશનના ગુજરાત પ્રભાગના ચેરમેને જણાવ્યું હતું કે, ટૂ-વ્હીલર અને કારના વેચાણમાં વાર્ષિક ધોરણે ૮-૧૦ ટકા વૃદ્ધિ સાથે, ગુજરાતે ઑગસ્ટ ૨૦૨૪માં સારું પ્રદર્શન કર્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં તહેવારોની સિઝનમાં અને ત્યારપછીના મહિનાઓમાં, આસપાસના ગ્રામીણ સેન્ટિમેન્ટમાં સુધારા સાથે, વેચાણમાં વધારો થયો છે. આગળ પણ ગણેશચતુર્થી, નવરાત્રિ અને દિવાળી જેવા તહેવારોની મોસમ ગ્રાહક સેન્ટિમેન્ટને વેગ આપે તેવી અપેક્ષા છે.

## બેચરાજી નજીક રુપેણ નદીના વહેણમાં કાર તણાઇ

### ત્રણ લોકોનું રેસ્ક્યૂ કરીને બચાવ્યા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના બેચરાજીમાં મુશળધાર વરસાદને પગલે કનોડા અને મોટપ ગામે રુપેણ નદી પર બનેલા કોઝવે પરથી પસાર થઇ રહેલા પાણીનાં વહેણમાં એક કાર તણાઇને ખાડામાં ફસાઇ જતાં સ્થાનિક લોકોએ ભારે કારમાં સવાર ત્રણ લોકોનું રેસ્ક્યૂ કરીને બચાવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર બેચરાજીના કનોડા ગામે પસાર થતી નદી પર બનેલા કોઝવેમાં વરસાદને લીધે ભારે પાણીનું વહેણ હતું. આ દરમિયાન એક કારચાલકે કોઝવે પરથી કાર પસાર કરવા જતાં કાર તણાઈ હતી. સ્થાનિક લોકો તરત જ ત્યાં દોડી આવ્યા હતા અને કારમાં સવાર યુવક સહિત ૩ લોકોને બહાર કાઢી તેનું રેસ્ક્યૂ કરાયું હતું.

## અમદાવાદ-પાલનપુર હાઈવે પર દોઢ કિલોથી વધુના સોનાની લૂંટ

### આ સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોરી, લૂંટ, હત્યા અને દુષ્કર્મ સહિતની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી છે, અમદાવાદ-પાલનપુર હાઇવે પર લગભગ દોઢ કિલોથી વધુના સોનાની લૂંટ થતા ચકચાર મચી ગઈ હતી, પોલીસે આ સમગ્ર મામલે આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તપાસ હાથ ધરી છે. આંગડિયા કર્મી સોનું લઈને જોધપુર જઈ રહ્યો હતો તે દરમિયાન બસ હોટલ પાસે ઊભી હતી અને સોનાની લૂંટ થઈ હતી.

બનાસકાંઠાના છાપીના ભરકાવાળાના પાટીયા પાસે રાજસ્થાન જતી બસમાં લૂંટનો બનાવ બન્યો હતો, લૂંટ કરનારા આરોપીઓ પહેલા બસમાં ચડ્યા હતા અને થોડા સમય બાદ બસમાંથી સોનું ભરેલો થેલો લઈને ફરાર થઈ ગયા હતા, આ સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ હતી.

પોલીસે સીસીટીવીના આધારે તપાસ કરીને નાકાબંધી પણ કરી હતી, પોલીસે આ અંગે જણાવ્યું હતું કે, જે આરોપીઓ લૂંટ કરવા આવ્યા હતા તે લોકોને અગાઉથી જ ખબર હતી કે આ બસમાં સોનું લઈને કર્મચારી જઈ રહ્યો છે.

દૈનિક મુંબઈ સમાચાર

MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 September 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26

R.N.I. No. 1563/1957 ★

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 214 ■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ ભાદ્રપદ સુદ-૪ ■ મુંબઈ

શનિવાર, ૭ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦

LIKE & FOLLOW: /Mumbaisamachar4u








# ૩૭૦ કલમ ભૂતકાળ જ રહેશેઃ અમિત શાહ

**જમ્મુ, કાશ્મીર માટે ભાજપનો ચૂંટણીઢંઢેરો જાહેર**

## ત્રાસવાદ, ભાગલાવાદને સંપૂર્ણ નાબૂદ કરાશે

## કાશ્મીરી પંડિતો, વિસ્થાપિતોનું પુનર્વસન થશે

## પાકિસ્તાન સાથે મંત્રણા નહિ

## પાંચ લાખ નવી નોકરી ઊભી કરાશે

## પર્યટન ઉદ્યોગને ફરી ધમધમતો કરાશે

## ખેડૂતો, વિદ્યાર્થીઓને વધુ આર્થિક લાભ મળશે

## મહિલાઓને સ્વાવલંબી બનાવાશે



જમ્મુઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણી માટે ભાજપનો ઢંઢેરો શુક્રવારે બહાર પાડતા જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરને બંધારણમાં ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબૂદ કર્યા બાદ તે ભૂતકાળ બની ગઇ છે અને તેને ભવિષ્યમાં ક્યારેય અમલમાં નહિ મુકાય.

તેમણે જણાવ્યું હતું કે ત્રાસવાદ અને ભાગલાવાદને સંપૂર્ણ નાબૂદ કરાશે. ત્રાસવાદ જ્યાં સુધી સંપૂર્ણ બંધ નહિ થાય ત્યાં સુધી પાકિસ્તાનની સાથે કોઇ પણ પ્રકારની મંત્રણા નહિ યોજાય. સત્તામાં આવ્યા બાદ આતંકવાદ અંગે શ્વેતપત્ર બહાર પડાશે. ત્રાસવાદીઓએ તોડેલાં મંદિરોનું ફરી નિર્માણ કરાશે.

અમિત શાહે સપ્ટેમ્બર અને ઑક્ટોબરમાં ત્રણ તબક્કામાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે ભાજપના ઢંઢેરામાંના પચીસ જેટલા વચનની યાદી જાહેર કરી હતી.

ભાજપે જમ્મુ અને કાશ્મીરમાં હિંસાના સમયે સ્થળાંતર કરીને અન્ય સ્થળે જતાં રહેલા કાશ્મીરી પંડિતો સહિતના વિસ્થાપિતોને ફરી અહીં લાવીને તેઓનું પુનર્વસન કરવા વિવિધ અસરકારક પગલાં લેવાની બાંયધરી આપી હતી.

કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણી જીતીને ભાજપ સત્તા પર આવશે, તો યુવાનો માટે પાંચ લાખ નવી નોકરી ઊભી કરાશે. સરકારી નોકરીમાંની બધી ખાલી જગ્યા ભરવામાં આવશે. જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લાં દસ

(જુઓ પાનું ૨) ▸▸

### મુંબઈ સમાચાર

મુંબઈ સમાચારનું કાર્યાલય ગણેશચતુર્થી નિમિત્તે તા. ૭.૯.૨૦૨૪, શનિવારે સંપૂર્ણ બંધ રહેવાનું હોવાથી તા. ૮.૯.૨૦૨૪, રવિવારનો અંક પ્રસિદ્ધ નહિ થાય, તેની વાચકો, અખબારના વિક્રેતાઓ, જાહેરખબર આપનારા લોકો વગેરેએ નોંધ લેવી.

– વ્યવસ્થાપક

**પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા નમ્રવાણી**

૬

# સેન્સેક્સમાં ૧,૦૧૭ પોઇન્ટનો કડાકો

## માર્કેટ કેપમાં ₹ ૫.૪૯ લાખનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાની મંદીની ચિંતા ફરી સપાટી પર આવવાથી વૈશ્વિક ઇક્વિટી બજારમાં નરમાઇનો માહોલ જામતાં મંદીવાળા હાવી થઇ ગયા હોવાથી સેન્સેક્સમાં ૧૦૧૭ પોઇન્ટનો કડાકો બોલાવા સાથે બીએસઇ પર લિસ્ટેડ શેરોના કુલ બજાર મૂલ્યમાં લગભગ રૂ. ૫.૪૯ લાખ કરોડ ઘટીને રૂ. ૪૬૦.૩૫ લાખ કરોડ નોંધાયું છે.

સેન્સેક્સ ૧,૦૧૭.૨૩ પોઇન્ટ અથવા ૧.૨૪ ટકા ઘટીને ૮૧,૧૮૩.૯૩ પોઇન્ટની બે સપ્તાહ નીચી સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૯૨.૯૫ પોઇન્ટ અથવા ૧.૧૭ ટકા ઘટીને ૨૪,૮૫૨.૧૫ પોઇન્ટના સ્તરે સ્થિર થયો હતો.

ડોલર, યુએસ બોન્ડ યિલ્ડ અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડા છતાં ખાસ કરીને વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર અમેરિકામાં મંદીના સંકેત મળવાને કારણે વૈશ્વિક બજારો પાછળ સ્થાનિક બજારમાં પણ વેચવાલીનું દબાણ વધ્યું હતું. રોકાણકારોએ નિર્ણાયક યુએસ જોબ્સ રિપોર્ટની જાહેરાત અગાઉ સાવચેતીના માનસ વચ્ચે વેચવાલી કરી હતી.

અર્થશાસ્ત્રીઓ માને છે કે, અમેરિકામાં જાહેર થનારા નોન-ફાર્મ ડેટા અને અનએમ્પ્લોયમેન્ટ ડેટાની અસર, ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં ઘટાડાનું કદ અને ઝડપ નક્કી કરી શકે છે. બજારનાં સાધનો

(જુઓ પાનું ૨) ▸▸

# હાથરસમાં રોડ અકસ્માતમાં ૧૫નાં મોત

હાથરસ (ઉત્તર પ્રદેશ) : અહીંના નેશનલ હાઈવે ૯૩ પર રોડવેઝની બસે વૅનને પાછળથી ટક્કર મારતાં વૅનમાં મુસાફરી કરી રહેલા ૧૫ લોકો મરણ પામ્યાં છે. આ બનાવમાં ઘાયલ થનાર બીજા ૧૬ને સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

(જુઓ પાનું ૨) ▸▸

# ઉત્તરાખંડના બાગેશ્વરનાં ગામોમાં ઘરોમાં પડી તિરાડો

પિથૌરાગઢઃ ઉત્તરાખંડના કુમાઉ પ્રદેશના બાગેશ્વર જિલ્લામાં બે ડઝનથી વધુ ઘરોની છત અને દીવાલોમાં તિરાડો પડવાના કારણે લોકો ચિંતિત થયા હતા. આ ઘટનાએ દોઢ વર્ષ પહેલાં જોશીમઠમાં થયેલા ભૂસ્ખલનની યાદ અપાવી હતી. સ્થાનિક લોકો સમયાંતરે ભૂસ્ખલન વધવાની પાછળ આ વિસ્તારમાં મોટા પાયે થઇ રહેલા ખનન અને કોન્ટ્રાક્ટરો દ્વારા ખાણકામ માટે ખોદવામાં આવેલા ખાડાઓને એમ જ છોડી દેવાને માને છે. આ કોન્ટ્રાક્ટરો વારંવાર બ્લાસ્ટિંગ અને જેસીબી જેવાં ભારે મશીનોનો ઉપયોગ કરીને ખાણકામના નિયમોનું ઉલ્લંઘન કરે છે.

બાગેશ્વરના જિલ્લા ખનન અધિકારી જિજ્ઞાસા બિષ્ટે કેટલાંક મકાનોમાં તિરાડો પડી હોવાની ફરિયાદો બાદ એક ભૂસ્તરશાસ્ત્રી અને કેટલાક મહેસૂલ અધિકારીઓ સાથે ૩ સપ્ટેમ્બરે ગામની મુલાકાત લીધી હતી.

બિષ્ટે કહ્યું હતું કે "બે વર્ષ પહેલાં આ વિસ્તારમાં ખાણકામ બંધ કરી દેવામાં આવ્યું હતું, પરંતુ કાંડા ગામમાં અમને ઓછામાં ઓછાં સાત-આઠ ઘરો મળ્યાં જેની દીવાલો અને છતમાં હજુ પણ તિરાડો છે." બાગેશ્વર કલેક્ટર કચેરી ખાતે આયોજિત જનતા દરબારમાં સ્થાનિક લોકોએ આ મુદ્દો ઉઠાવતાં વહીવટીતંત્રનું ધ્યાન આ તરફ ગયું હતું. જો કે, તેમણે કહ્યું કે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે હજુ સુધી જિલ્લામાં આવી કોઈ ઘટનાની નોંધ લીધી નથી. ખાણ ખનિજ અધિકારીએ

(જુઓ પાનું ૨) ▸▸

# ભારતના પ્રવીણ કુમારનો રેકૉર્ડ-બ્રેકિંગ ઊંચો કૂદકો, જીતી લીધો ગોલ્ડ મેડલ




પૅરિસઃ ભારતનો ૨૧ વર્ષનો પ્રવીણ કુમાર અહીં શુક્રવારે પૅરિસ પૅરાલિમ્પિક્સમાં ઊંચા કૂદકાની હરીફાઈમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે વિક્રમજનક જમ્પ સાથે આ સિદ્ધિ હાંસલ કરી હતી.

ટી-૬૪ વર્ગમાં પ્રવીણે પાંચ સ્પર્ધકો સામેની હરીફાઈ વચ્ચે સર્વશ્રેષ્ઠ ૨.૦૮ મીટર ઊંચા કૂદકા સાથે પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને ગોલ્ડ જીતી લીધો હતો. તેનો આ બીજો પૅરાલિમ્પિક મેડલ છે. ૨૦૨૧માં ટોક્યોમાં તે સિલ્વર મેડલ જીત્યો હતો. ટી-૬૪ વર્ગમાં શારીરિક રીતે અક્ષમ જે ઍથ્લીટોએ ભાગ લીધો એમાં અમેરિકાના ડેરેક લૉક્સિડેન્ટે ૨.૦૬ મીટર

# કેન્યામાં સ્કૂલમાં આગ લાગતાં ૧૭ વિદ્યાર્થીનાં મોત

નૈરોબી (કેન્યા) : કેન્યામાં શાળાની ડોર્મિટરી એટલે કે શયનગૃહમાં આગ લાગતાં ૧૭ વિદ્યાર્થીઓ મરણ પામ્યાં હતાં અને બીજા ૧૩ને દાઝવાથી ગંભીર ઈજા થઈ હતી.પોલીસે એવી આશંકા વ્યક્ત કરી હતી કે જાનહાનિનો આંકડો હજી વધી શકે.

પોલીસના પ્રવકતા રેસિલા ઓનયાન્ગોએ માહિતી આપી હતી કે નીયેરી કાઉન્ટીમાં હિલસાઈડ એન્ડર્શા પ્રાયમરીમાં ગુરુવારે રાત્રે લાગેલી આગનું કારણ જાણી શકાયું નથી અને તપાસ થઈ રહી છે. શાળામાં ૧૪ વર્ષથી નાના બાળકો ભણે છે.

ન્યેરી કાઉન્ટી કમિશનર પાયસ મુર્ગુ અને શિક્ષણ મંત્રાલયે માહિતી આપી હતી કે જે ડોર્મિટરીમાં આગ લાગી એમાં દોઢસોથી વધારે છોકરાઓ સુઈ શકે છે. આ મકાન લાકડાનું હોવાથી આગ ઝડપથી પ્રસરી હતી.

(જુઓ પાનું ૨) ▸▸


મોટાભાઈ ! ૩૮ વરસનો અનુભવ છે!
હિના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
www.heenatours.in
022-61596900

100% PURE NEW ZEALAND
14 Days NZ Group Tour with Maharaj Oct - Jan 2025
DOWNLOAD TOUR PLAN
PAY ONLY 25,000/- & BOOK YOUR SEAT
ESTD. 2014
Freedom your holiday, your way
+91 98751 62567
FREEDOMTOURISM.COM

અજય મોદીના દિવાળી પ્રવાસો
સિક્કિમ-દાર્જીલીંગ ₹25999* વ્યક્તિ દીઠ અને વધુ ૦૮ દિવસ
ગુજરાતી-પંજાબી-કાંઠીયાવાડી ભોજન
સિમલા-મનાલી ₹18999* વ્યક્તિ દીઠ અને વધુ ૦૭ દિવસ
Kandivali-63596 19321







**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હરિયાણામાં ભાજપ માટે સાફસૂફીની મોટી તક

**એક** સમયે આયારામ ગયારામ એટલે કે પક્ષપલટુઓ માટે પંકાયેલું હરિયાણા ફરી અસલી રંગમાં આવી રહ્યું છે અને વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં જ પક્ષપલટાનો દૌર શરૂ થઈ ગયો છે. આ પક્ષપલટામાં સૌથી વધારે અસર ભાજપને થઈ રહી છે. હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી ૫ ઓક્ટોબરે થવાની છે અને આ માટે ભાજપની પ્રથમ યાદી જાહેર થતાં જ બગાવતની સ્થિતિ પેદા થઈ ગઈ છે.

ભાજપે બુધવારે સાંજે ૬૭ ઉમેદવારોની યાદી જાહેર કરી તેની થોડી જ મિનિટોમાં જ ભાજપના નેતાઓનાં ધડાધડ રાજીનામાં પડવા માંડ્યાં. સોશિયલ મીડિયા પર એક પછી એક પાર્ટીના નેતાઓએ રાજીનામાની જાહેરાત કરવા માંડી અને શુક્રવાર લગી આ સિલસિલો ચાલુ રહ્યો હતો. ભાજપની પહેલી યાદી જાહેર થયાના ૪૮ કલાકથી ઓછા સમયમાં ૪૦ જેટલા મોટા મનાતા નેતાઓએ ભાજપને અલવિદા કહી દીધું છે.

ભાજપે ગયા વખતે ટિકિટ આપેલી તેમાંથી ૪૦ જેટલા નેતાઓને આ વખતે કાપી નાખ્યા છે ને તેમાં ૩ મંત્રી પણ છે. ભાજપે પહેલી યાદી જાહેર કરી રાજીનામાં આપનારામાં ૧ મંત્રી, ૧ ધારાસભ્ય, ૫ પૂર્વ ધારાસભ્યોનો સમાવેશ થાય છે અને તેમાં સૌથી મોટું નામ હરિયાણાના ઊર્જા મંત્રી રણજિત ચૌટાલાનું છે. ચૌટાલાનું પત્તું ભાજપે કાપ્યું એ સાથે જ ચૌટાલાએ પોતાના સમર્થકોની બેઠક બોલાવીને પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું અને અપક્ષ તરીકે ચૂંટણી લડવાની જાહેરાત કરી નાખી.

રણજીત ચૌટાલા ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન ચૌધરી દેવીલાલના પુત્ર છે. લોકસભા ચૂંટણી પહેલા ભાજપે તેમને પાર્ટીમાં લઈને હિસારથી ચૂંટણી લડાવી હતી પણ ચૌટાલા ચૂંટણી હારી ગયા હતા. ચૌટાલા પોતે ખાલી કરેલી સિરસાની રાણિયા વિધાનસભા બેઠક પરથી ટિકિટ માગી રહ્યા હતા પણ ભાજપે ટિકિટ ના આપી. ચૌટાલાનો દાવો છે કે, ભાજપ હાઈકમાન્ડે તેમને ડબવાલીથી ચૂંટણી લડવાનું કહ્યું હતું પણ પોતે ત્યાંથી ચૂંટણી લડવા માગતા નહોતા અને ભાજપ રાણિયા બેઠક પરથી ટિકિટ આપવા તૈયાર નહોતો તેથી પોતે ભાજપ છોડી દીધો છે. ચૌટાલાએ એલાન કર્યું છે કે, હું રાણિયા વિધાનસભા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડીશ અને સપ્ટેમ્બરે રાણિયામાં મોટો રોડ શો કરીને ભાજપને મારી તાકાત બતાવીશ.

દેશની ધનિક મહિલામાં ટોપ ટેનમાં સ્થાન ધરાવતાં સાવિત્રી જિંદાલે પણ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. સાવિત્રી જિંદાલ ભાજપના સાંસદ નવીન જિંદાલનાં માતા છે કે જે કૉંગ્રેસ છોડીને ભાજપમાં આવ્યાં છે. આ સિવાય ફતેહાબાદની રતિયા વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય લક્ષ્મણ નાપાએ ટિકિટ ન મળતાં રાજીનામું આપી દીધું છે. નાપાએ અડધી રાત્રે ભાજપ પ્રદેશ પ્રમુખ મોહનલાલ બડોલીને પોતાનું રાજીનામું મોકલી આપ્યું અને સવારે છ વાગે તો દિલ્હીમાં પૂર્વ સીએમ ભૂપેન્દ્રસિંહ હુડાના ઘરે પહોંચી જતાં નાપા કૉંગ્રેસમાં જોડાશે એ નક્કી છે.

આ સિવાય ભાજપ ઓબીસી મોરચાના પ્રમુખ કર્ણદેવ કંબોજે પણ રાજીનામું આપી દીધું છે. ખુદ મુખ્ય મંત્રી નાયબસિંહ સૈની કંબોજને સમજાવવા પહોંચ્યા હતા પણ કંબોજ માનવા તૈયાર નથી. સોનીપતનાં કવિતા જૈન પણ ભાજપના ઉમેદવાર સામે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે. કવિતા જૈન રાજીવ જૈનનાં પત્ની છે અને સંજીવ જૈન ભૂતપૂર્વ મુખ્ય મંત્રી મનોહર લાલ ખટ્ટરના ઓએસડી હતા.

બીજાં પણ ઘણાં નોંધપાત્ર નામો છે કે જેમાં હિસારના બરવાલામાં જિલ્લા કાઉન્સિલર મહંત દર્શનગિરી, હિસારના પૂર્વ મેયર ગૌતમ સરદાના, ડો.સતીશ ઢોલા, હિતરુણ જૈન, સીમા ગેબીપુર, શમશેર ગિલ, નવીન ગોયલ, સંજીવ વાલેચાએ ભાજપને રામ રામ કરી દીધા છે અને અપક્ષ લડવાની જાહેરાત કરી છે.

ભાજપની છાપ એક શિસ્તબદ્ધ પાર્ટી તરીકેની છે અને તેમાં આટલા મોટા પાયે બળવો થાય એ વાત ચોંકાવનારી છે પણ તેના માટે ભાજપ જ જવાબદાર છે. ભાજપને હાથનાં કર્યાં હૈયે લાગી રહ્યાં છે એમ કહી શકાય. ભાજપે સત્તાને ખાતર કરેલા ભરતી મેળાનું આ પરિણામ છે.

જે લોકો ભાજપ છોડી રહ્યા છે તેમાંથી મોટા ભાગનાં લોકો એવાં છે કે જેમને ભાજપની વિચારધારા કે શિસ્ત સાથે કંઈ લેવાદેવા નથી. બલ્કે ભાજપ સાથે જ કંઈ લેવાદેવા નહોતી પણ ભાજપ સત્તા ખાતર હાથ-પગ જોડીને તેમને લઈ આવેલો. સત્તા હતી ત્યાં સુધી એ લોકો ભાજપ સાથે રહ્યાં, હવે ભાજપ તેમને ટિકિટ નથી આપી રહ્યો ને સત્તામાં ભાગીદાર બનાવવા તૈયાર નથી એટલે ભાજપ છોડી રહ્યા છે.

હરિયાણામાં ભાજપ જીતવાનો નથી એવી હવા જામેલી છે એ પણ ભાજપમાંથી મોટા પાયે રાજીનામાં પડી રહ્યાં છે તેનું એક કારણ છે. ભાજપે ૨૦૧૪ અમે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં હરિયાણામાં તમામ ૧૦ બેઠકો જીતી હતી પણ ૨૦૨૪માં ચિત્ર બદલાઈ ગયું. ૨૦૨૪માં હરિયાણાની ૧૦ બેઠકોમાંથી ૫ બેઠકો ભાજપ જીત્યો જ્યારે ૫ બેઠકો કૉંગ્રેસે જીતી છે. આ કારણે કૉંગ્રેસ જોરદાર ફોર્મમાં છે અને ભાજપ ડાઉન છે.

કૉંગ્રેસ ભાજપને સત્તાથી દૂર રાખવા માટે આમ આદમી પાર્ટી સાથે જોડાણ કરવા પણ તૈયાર છે. હરિયાણા વિધાનસભાની ૯૦ બેઠકોમાંથી કૉંગ્રેસ આમ આદમી પાર્ટીને ૭ બેઠકો આપવા તૈયાર છે જ્યારે અરવિંદ કેજરીવાલની પાર્ટીને ૧૦ બેઠકો જોઈએ છે તેમાં કોકડું ગૂંચવાયું છે પણ આ સમસ્યાનો ઉકેલ આવી જશે એવું લાગે છે.

હરિયાણામાં ખેડૂત આંદોલન સહિતના મુદ્દાની વ્યાપક અસર થઈ છે એ કારણે પણ ભાજપ નહીં જીતે એવી હવા જામેલી છે તેથી સત્તા માટે ભાજપમાં આવેલા નેતા સત્તા છોડીને ભાગી રહ્યા છે. હરિયાણા વિધાનસભાની ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી નહોતી મળી. એ વખતે સત્તા ટકાવવા માટે ભાજપે જેજેપીનો ટેકો લીધેલો ને પછી જેજેપીના ઘણા ધારાસભ્યોને તોડી લીધા તેની પણ અસર છે.

અત્યારે જે હાલત છે તેમાં ભાજપ મુશ્કેલીમાં લાગી રહ્યો છે પણ વાસ્તવમાં ભાજપ માટે આ આશીર્વાદરૂપ સ્થિતિ છે. અત્યારે ભાજપમાંથી કચરો સાફ થઈ રહ્યો છે અને ભાજપના પાયાના કાર્યકરો જ પક્ષમાં રહેશે એવું લાગે છે. ભાજપે આ કાર્યકરોને મહત્ત્વ આપીને સંગઠનને મજબૂત બનાવવું જોઈએ. ભાજપની યાદીમાં પક્ષપલટુઓ મોટા પ્રમાણમાં છે પણ એ છતાં ભાજપ ભવિષ્યમાં પક્ષપલટુઓને મહત્ત્વ નહીં આપવાનું વચન આપીને પોતાના કાર્યકરોને સાચવી લે તો હરિયાણા ગુમાવવાનો વારો નહીં આવે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર શરદઋતુ),
શનિવાર, તા. ૭-૯-૨૦૨૪, શ્રી ગણેશ ચતુર્થી

- ભારતીય દિનાંક ૧૬, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬

મીસરી રોજ ૪થો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
નક્ષત્ર ચિત્રા બપોરે ક. ૧૨-૩૩ સુધી, પછી સ્વાતિ.

- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૬ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૧, સ્ટા. ટા.
- : મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
- ભરતી : બપોરે ક. ૧૪-૦૨, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૦ (તા. ૮)
- ઓટઃ સવારે ક. ૦૭-૨૮, રાત્રે ક. ૧૯-૫૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ'' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી'' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - ચતુર્થી. શ્રી ગણેશ ચતુર્થી, સિદ્ધિવિનાયક ચતુર્થી, પાર્થિવ શિવપૂજા પ્રારંભ, સંવત્સરી પર્વ, જૈન ચતુર્થી પક્ષ, ભદ્રા સમાપ્તિ ક. ૧૭-૩૭. ચંદ્ર અસ્ત ક. ૨૧-૧૮.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

- શ્રી ગણેશ મહિમાઃ આજથી ગણેશ મહાપર્વનો પ્રારંભ થાય છે. દેશ દેશાવરમાં, દરેક વર્ણમાં શ્રી ગણેશજી સર્વમાન્ય દેવ છે. શુભ પ્રસંગોના આરંભોમાં કોઈપણ પૂજાના પ્રારંભમાં શુભ મંગળ કાર્યો, પ્રસંગો, પ્રવાસ, લખાણ ઈત્યાદિમાં પ્રથમ શ્રી ગણેશનું આવાહ્ન સ્મરણ, પૂજા કરવામાં આવે છે. લગ્ન પ્રસંગમાં મંડપ મુહૂર્તમાં પ્રથમ શ્રી ગણેશનું સ્થાપન કરવામાં આવે છે. કોઈપણ કાર્યના પ્રારંભાય એટલે સ્વાભાવિક રીતે શ્રી ગણેશ થયા એમ ઉચ્ચારવામાં આવે છે. શ્રી ગણેશ કર્યા એટલે માંગલિક કાર્ય કે કોઈપણ કામકાજ આયોજનનો પ્રારંભ કર્યો તેમ સમજવામાં આવે છે. ગણપતિ મહાપર્વ ભાદ્રપદ સુદ-૧૪, મંગળવાર, તા. ૧૭ અનંતચતુર્દશી સુધી ઉજવવામાં આવશે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી સુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેક, તુલસીપૂજા, શ્રી ગણેશ સહસ્ર નામાવલી, મંગળ-શનિ ગ્રહદેવતાનું પૂજન, શ્રી હનુમાનજીનું પૂજન, શનિદેવતાનું પૂજન, ચંદ્ર બળ જોઈ પ્રયાણ, મહેંદી લગાવવી, માલ લેવો, બી વાવવું, ખેતીવાડીના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વાયુદેવતાનું પૂજન, રાહુદેવતાનું પૂજન. ઉપવાટિકા બનાવવી. વૃક્ષ રોપવા.
- આચમનઃ બુધ-હર્ષલ ચતુષ્કોણ સંગીત પ્રિય, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિ પ્રિય
- ખગોળ જ્યોતિષઃ બુધ-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

**(ઉત્તરાયણ સૌર શરદઋતુ), રવિવાર, તા. ૮-૯-૨૦૨૪**

- ભારતીય દિનાંક ૧૭, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર સ્વાતિ બપોરે ક. ૧૫-૩૦ સુધી, પછી વિશાખા.
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૬ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૦, સ્ટા. ટા.
- : મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
- ભરતી : બપોરે ક. ૧૪-૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૭ (તા. ૯)
- ઓટઃ સવારે ક. ૦૭-૫૮, રાત્રે ક. ૨૦-૨૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ'' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી'' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - પંચમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રીમાતાનું પૂજન. નાગદેવતાનું પૂજન, વાયુ-રાહુદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, પરદેશ પ્રવાસનું પસ્તાનું, પરગામ પ્રયાણ મધ્યમ, હજામત, વિદ્યારંભ, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, નવાં વસ્રો, આભૂષણ, માલ લેવો, દુકાન-વેપાર, રત્નધારણ, પશુ લે-વેંચ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, વૃક્ષરોપવા, ઉપવાટિકા બનાવવી.
- શ્રી ગણેશ મહિમાઃ જેઓ પોતાના કાર્યક્ષેત્ર માટે સંતુષ્ટ ન હોય, અવારનવાર, કામધંધા-નોકરી બદલવાના વિચારો આવતા હોય તેમણે શ્રી ગણેશની ભક્તિ, પૂજા, સ્તોત્રપાઠ, સંકષ્ટ ચતુર્થી, વ્રત ઈત્યાદિ જીવનમાં અપનાવવાથી પોતાના કામકાજમાં સ્થિરતા, હિંમતપૂર્વક, અડગતાથી પ્રગતિ સાધી શકશે. જન્મકુંડળીમાં સૂર્ય-શનિના રાહુના અશુભ યોગો હોય, કેન્દ્રસ્થાનમાં પાપગ્રહો સ્કવેર યોગમાં હોય, ચંદ્રના શનિ સાથેના અશુભ યોગો હોય તેમણે શ્રી ગણેશની નિત્ય ઉપાસના ચાલુ રાખવી.
- આચમનઃ સૂર્ય-શનિ પ્રતિયુતિ, પરિવારમાં ખોટા આક્ષેપનો સામનો કરવો પડે. ચંદ્ર-શનિ ત્રિકોણ નિર્ણયો લેવામાં શીઘ્રતા દાખવે.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર

# કાશ્મીર વિધાનસભા ચૂંટણીઃ ૧૪ કાશ્મીરી પંડિતે ઉમેદવારી નોંધાવી

નવી દિલ્હીઃ કાશ્મીર વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી હોવા વચ્ચે ૧૪ કાશ્મીરી પંડિતે ઉમેદવારી નોંધાવી હોવાનું ચૂંટણી અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

નેવુંના દાયકામાં ચોક્કસ સમુદાયના લોકો દ્વારા આચરવામાં આવેલી અમાનવીય હિંસાને પગલે જેમને કાશ્મીર છોડી જવાની ફરજ પડી હતી તે ત્રણ લાખ કરતાં પણ વધુ કાશ્મીરીઓ મૂળ વતનમાં પાછા ફરે અને યોગ્ય રીતે તેમનું પુનર્વસન થાય તેની ખાતરી કરવા આ લોકોએ વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી છે.

વિસ્થાપિત થયેલા કાશ્મીરીઓ માટે હબ્બા કડાલ વિધાનસભા મતદાર ક્ષેત્ર જાણે ચૂંટણી જંગનું મેદાન બની ગયું છે.

ઉમેદવારી નોંધાવનાર કુલ ૧૪ કાશ્મીરી પંડિતોમાંથી સર્વાધિક છએ હબ્બા કડાલ વિધાનસભા મતદાર ક્ષેત્રમાંથી ઉમેદવારી નોંધાવી છે.

બીજા તબક્કાની ચૂંટણીમાં અન્ય ૨૬ મતદાર ક્ષેત્ર સાથે હબ્બા કડાલ વિધાનસભા મતદાર ક્ષેત્રમાં પણ પચીસ સપ્ટેમ્બરે ચૂંટણી યોજાશે.

આ છમાંથી પાંચે માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે. ત્રણ સ્વતંત્ર ઉમેદવાર સહિત કુલ ૧૪ કાશ્મીરી પંડિતે ઉમેદવારી નોંધાવી છે.

અશોકકુમાર ભાટે ભાજપ, સંજય સરાફ લોક જનશક્તિ પાર્ટી અને સંતોષ લાબ્રુએ ઑલ ઈન્ડિયા ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે.

અશોક રૈના, પાનાજી ડેમ્બી અને અશોક સાહિબે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે.

આ તમામ ઉમદવારોનો આશય વિસ્થાપિત કાશ્મીરીઓ મૂળ વતનમાં પાછા ફરે અને યોગ્ય રીતે તેમનું પુનર્વસન થાય અને કોઈ પણ પ્રકારના ભય વિના તેઓ રહી શકે તેવું વાતાવરણ નિર્માણ કરવાની ખાતરી કરવાનો છે. (એજન્સી)

# કર્ણાટક ફિલ્મ ઉદ્યોગે જાતીય સતામણીની સમસ્યા અંગે ચર્ચા કરવા મહિલા કલાકારોની બેઠક બોલાવી

બેંગલૂરુઃ કર્ણાટક ફિલ્મ ચેમ્બર ઑફ કોમર્સે જાતીય સતામણી અને ફિલ્મ ઉદ્યોગની અન્ય સમસ્યા અંગે ચર્ચા કરવા માટે મહિલા કલાકારોની બેઠક ૧૬ સપ્ટેમ્બરે બોલાવી છે.

કર્ણાટક રાજ્યમાંના મહિલા પંચના આદેશને પગલે કર્ણાટક ફિલ્મ ચેમ્બર ઑફ કોમર્સે આ બેઠક બોલાવી છે.

કર્ણાટક ફિલ્મ ચેમ્બર ઑફ કોમર્સના પ્રમુખ એન. એમ. સુરેશે જણાવ્યું હતું કે રાજ્યના મહિલા પંચે અમને આ બેઠક ૧૩ સપ્ટેમ્બરે બોલાવાની સૂચના આપી હતી, પરંતુ તે દિવસે તહેવાર હોવાથી અને અનેક લોકો ત્યારે શૂટિંગમાં વ્યસ્ત હોવાથી અમે મહિલા કલાકારો સાથેની બેઠક ૧૬ સપ્ટેમ્બરે બોલાવી છે. આમ છતાં, મોટા ભાગની મહિલા કલાકારો ૧૬ સપ્ટેમ્બરે બેઠકમાં હાજર રહી શકશે કે નહિ, તેની જાણકારી નવ સપ્ટેમ્બર, સોમવારે મળશે. અમે આ બેઠકમાં ભાવિ પગલાં અંગે નિર્ણય લઇશું.

દરમિયાન, ફિલ્મ ઇન્ડસ્ટ્રી ફોર રાઇટ્સ ઍન્ડ ઇક્વલિટીએ શુક્રવારે બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે અમારી માગણીને માન આપીને કર્ણાટકના મહિલા અને બાળકલ્યાણ વિભાગનાં પ્રધાન લક્ષ્મી હેબ્બલકરે ફિલ્મ ઉદ્યોગમાં જાતીય સતામણી કરનારા લોકો સામે કડક પગલાં લેવાની બાંયધરી આપી હતી.

તેણે જણાવ્યું હતું કે ભાજપનાં મંજુલા સી. અને કૉંગ્રેસનાં સૌમ્યા રેડ્ડીએ પણ અમારી માગણીને ટેકો આપ્યો હોવાથી અમે તેઓના આભારી છીએ. (એજન્સી)

# હિમાચલના પાંચ જિલ્લામાં પૂરના જોખમની ચેતવણી

સિમલાઃ ભારે વરસાદને કારણે હિમાચલ પ્રદેશમાં ૪૦ જેટલા રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરવાની ફરજ પડી હોવા વચ્ચે હવામાન ખાતાએ હિમાચલના સિમલા, સોલાન, સિરમોર, મંડી અને બિલાસપુર એમ પાંચ જિલ્લામાં શનિવારે પૂરના જોખમની હવામાન ખાતાએ ચેતવણી આપી છે.

રાજ્યના બારમાંથી ૧૦ જિલ્લામાં વીજળી ને વાદળોના ગડગડાટ સાથે ભારે વરસાદ થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને હવામાન ખાતાએ યલો ઍલર્ટ જારી કર્યો છે.

મંડીમાં ૧૬, કાન્ગ્રામાં ૧૦, સિમલામાં નવ, કુલુમાં બે અને સિરમોર, ઉના અને લાહૌલ પ્રત્યેકમાં એક સહિત કુલ ૪૦ રસ્તા વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં હોવાનું સ્ટેટ ઈમરજન્સી સેન્ટરે જણાવ્યું હતું. રાજ્યમાં ૩૨ ઊર્જા કેન્દ્રને પણ અસર થઈ હોવાનું તેમણે કહ્યું હતું. દરમિયાન, રાજ્યના અનેક વિસ્તારમાં હળવો વરસાદ પણ નોંધાયો હતો.

જૂન મહિનામાં ચોમાસાનો આરંભ થયા બાદથી અત્યાર સુધીમાં હિમાચલમાં સામાન્ય કરતાં ૨૧ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. ૨૭ જૂને ચોમાસું શરૂ થયા ત્યાર બાદથી અત્યાર સુધીમાં હિમાચલમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૫૫ કરતાં પણ વધુ લોકોનાં મોત થયા છે. વરસાદને કારણે હિમાચલ પ્રદેશને અત્યાર સુધીમાં રૂ. ૧૩૦૩ કરોડનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ૩૭૦ કલમ

વર્ષથી સુવર્ણ-યુગ શરૂ થયો છે. અમિત શાહે જમ્મુ અને કાશ્મીરમાં પર્યટકોને ફરી આકર્ષીને અહીંનો પર્યટન ઉદ્યોગ ફરી ધમધમતો કરવા માટેની યોજનાના ભાગરૂપે રાજૌરી અને જમ્મુમાં પર્યટન કેન્દ્રો શરૂ કરવાની જાહેરાત કરી હતી. જમ્મુ અને શ્રીનગરમાં મેટ્રો ટૂંક સમયમાં દોડતી થશે.

તેમણે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરના ખેડૂતોને નાણાકીય વર્ષ ૨૦૨૫માં 'પીએમ કિસાન સન્માન નિધિ યોજના'માં વધુ રૂપિયા ૪,૦૦૦ આપીશું અને તેઓના કલ્યાણાર્થે જરૂરી દરેક પ્રકારની સહાય કરીશું.

અમિત શાહે જમ્મુ અને કાશ્મીરની મહિલાઓને સ્વાવલંબી અને આર્થિક દૃષ્ટિએ સધ્ધર બનાવવા માટે વધુ પગલાં લેવાની પણ ભાજપ વતી બાંયધરી આપી હતી. ઉજ્જવલા યોજના હેઠળ તમામ લાભાર્થીને રાંધણગૅસના બે સિલિન્ડર મફત અપાશે.

તેમણે જમ્મુ અને કાશ્મીરના વિદ્યાર્થીઓના લાભાર્થે વિવિધ યોજના પણ જાહેર કરી હતી. અહીંના વિદ્યાર્થીઓને મુસાફરી માટે રૂપિયા ૩,૦૦૦નું ભથ્થું અપાશે. યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે રૂપિયા ૧૦,૦૦૦ અપાશે.

અમિત શાહે જણાવ્યું હતું કે ચૂંટણીના ભલે ગમે તે પરિણામ હોય, પણ અમે ગુજ્જર લોકોને અપાયેલા અનામતના લાભમાં ફેરફાર થવા નહિ દઇએ. જમ્મુ અને કાશ્મીરને ૨૦૧૯માં કેન્દ્રશાસિત પ્રદેશ બનાવ્યા, તે પછી સૌપ્રથમ વખત વિધાનસભાની ૯૦ બેઠકની ચૂંટણી યોજાઇ રહી છે. ૧૮ સપ્ટેમ્બર, પચીસ સપ્ટેમ્બર અને પહેલી ઑક્ટોબરે મતદાન થશે અને આઠ ઑક્ટોબરે મતગણતરી યોજાશે. અહીં કુલ ૮૭.૦૯ લાખ મતદાર છે. (એજન્સી)

### ઉત્તરાખંડના

જણાવ્યું હતું કે જિલ્લામાં જ્યાં ખાણકામ ચાલી રહ્યું છે તેને અડીને આવેલાં ૨૫ થી વધુ ગામોના ઘરોમાં તિરાડો દેખાઈ રહી છે. અહીંના મોટાભાગનાં ગામો એવા છે કે જેમના રહેવાસીઓએ ખાણકામ માટે એનઓસી પ્રમાણપત્ર આપ્યા હતા. સ્થાનિક ઘનશ્યામ જોશીએ જણાવ્યું હતું કે જિલ્લાનાં કુલ ૪૦૨ ગામોમાંથી ૧૦૦થી વધુ ગામો ધીમે ધીમે ભૂસ્ખલનના ભયનો સામનો કરી રહ્યા છે. બાગેશ્વરના જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારી શિખા સુયલના જણાવ્યા અનુસાર, બાગેશ્વરના ૧૧ ગામોના ૧૩૧ થી વધુ પરિવારોની ઓળખ કરવામાં આવી છે જેમને પુનર્વસનની જરૂર છે કારણ કે 'તેમની વસાહતો જોખમમાં છે. તેમણે કહ્યું કે, આવાં ગામોનો વધુ સર્વે પણ કરવામાં આવી રહ્યો છે.'

સ્થાનિક લોકોની ફરિયાદો મળ્યા બાદ સંબંધિત વિભાગના અધિકારીઓએ કપકોટ બ્લોકના કાલિકા મંદિરની પણ મુલાકાત લીધી હતી. જો કે, તેમને ત્યાં ખાણકામના નિયમોના ઉલ્લંઘનનો કોઈ કેસ મળ્યો નથી. જિજ્ઞાસાએ કહ્યું, ''કપકોટના કાલિકા મંદિર વિસ્તારની ખાણો બે વર્ષ પહેલા બંધ થઈ ગઈ હતી પરંતુ ત્યાંનાં ઘરોમાં હજુ પણ તિરાડો દેખાઈ રહી છે.'

### સેન્સેક્સમાં

અનુસાર યુએસ નોન-ફાર્મ પેરોલ્સ રિપોર્ટની જાહેરાત પહેલા રોકાણકારો વધુને વધુ નર્વસ બન્યા હોવાથી ભારતીય ઇક્વિટી બજારોમાં ઘટાડો થયો હતો. સપ્ટેમ્બરમાં સંભવિત રેટ કટ માટે ભૂમિકા બાંધતા, ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલે તાજેતરમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે નીતિ ઘડવૈયા શ્રમ બજારમાં વધુ નબળાઇને આવકારતા નથી.

આ વિધાનનું અર્થઘટન કરતા બજારના નિષ્ણાત અભ્યાસુઓ કહે છે કે, જો મોડેથી જાહેર થનારા ઓગસ્ટના રોજગાર ડેટા, બજારની અપેક્ષાઓ સામે નબળા રહે અને બેરોજગારી અનુમાન કરતાં વધુ વધે, તો ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૫૦ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો કરી શકે છે.

જો કે, ઇક્વિટી બજાર દ્વારા આને આવકાર્ય પરિસ્થિતિ ના ગણી શકાય કારણ કે આવા ડેટા વિકાસની ગંભીર ચિંતાઓ સાથે અમેરિકાના અર્થતંત્ર માટે ભારે સ્લો ડાઉનના સંકેત આપે છે, જે વેચવાલીનું દબાણ વધારી શકે છે.

વિશ્વબજારના નકારાત્મક સંકેત ઉપરાંત સ્થાનિક બજારને તાત્કાલિક અસરકર્તા કારણમાં વિદેશી ફંડોના ડિસ્કલોઝર્સ નોર્મ્સ માટેની ડેડલાઇનને કારણે બજારમાં પેનિક હતું, પરંતુ બજારના નિષ્ણાતો અનુસાર સેબીના ઉક્ત ધારાધોરણને કારણે એફઆઇઆઇ માટે ભારતમાં લાંબાગાળાના રોકાણના આકર્ષણમાં કોઇ ઘટાડો થવાની સંભાવના નથી.

આ ઉપરાંત લોન અને ડિપોઝિટ ગ્રોથ ડેટાની જાહેરાત અગાઉ બેંક શેરોમાં વધેલા વેચવાલીના દબાણ અને ધોવાણ સાથે, આ જ કારણસર ઇન્ડેક્સ હેવીવેઇટ નાણાકીય શેરોમાં ઘટાડો થયો હોવાથી પણ સ્થાનિક બજારનું સેન્ટિમેન્ટ ખરડાયું હતું. આ જ કારણે મિડકેપ ઇન્ડેક્સ ૧.૪ ટકા ઘટ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ તાજી રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યા પછી એક ટકા ઘટ્યો હતો.

### કેન્યામાં સ્કૂલમાં

સ્કૂલ રાજધાની નૈરોબીથી ૨૦૦ કિલોમીટર (૧૨૫ માઈલ) ઉત્તરે દેશના સેન્ટ્રલ હાઈલૅન્ડમાં આવેલી છે, જ્યાં લાકડાની ઈમારત સામાન્ય છે.

ચિંતિત માતાપિતા બચી ગયેલામાં પોતાના સંતાનોને શોધી શક્યા નહોતા. તેઓ સ્કૂલ આગળ જ રાહ જોઈ રહ્યા છે. પ્રમુખ વિલિયમ રુટોએ સમાચારને ભયંકર ગણાવ્યા હતા. તેમણે એક્સ પર લખ્યું હતું કે મેં લગતાવળગતા સત્તાવાળાઓને આ બનાવની તપાસ કરવાનો આદેશ આપ્યો છે, જે દોષિત હશે તેમની સામે કાર્યવાહી કરાશે.

તેમના નાયબ રિગાથી ગચાગુઆએ શાળાના વહીવટીકર્તાઓને બોર્ડિંગ સ્કૂલો માટેની શિક્ષણ મંત્રાલયની માર્ગદર્શિકાનો અમલ કરવાનો અનુરોધ કર્યો હતો.

કેન્યામાં શાળામાં આગ લાગવી એ સામાન્ય વાત છે. શિક્ષણ મંત્રાલયના તાજા અહેવાલ પ્રમાણે આ આગ કેફી દ્રવ્યોના દુષણ અને ક્ષમતા કરતાં વધારે ભીડને લીધે લાગે છે. માતાપિતા માને છે કે તેમના સંતાનો બોર્ડિંગ સ્કૂલોમાં ભણે તો તેમને અવરજવર ન કરવાની હોવાથી તેમને ભણવાનો વધુ સમય મળે છે. વિદ્યાર્થીઓએ કામનો બોજો અને રહેવાની હાલત વિરુદ્ધ કરેલા આંદોલન દરમિયાન અમુક વિદ્યાર્થીઓએ આગ ચાંપી હતી. વિદ્યાર્થીઓએ ૨૦૧૭માં નૈરોબીમાં લગાડેલી આગમાં ૧૦ હાઈસ્કૂલ સ્ટુડન્ટસ ભડથું થઈ ગયા હતા. ૨૦૦૧માં માચકોસ કાઉન્ટીમાં એક ડોર્મિટરીમાં લાગેલી ભયંકર આગમાં ૬૭ વિદ્યાર્થીઓ મરણ પામ્યા હતા. (એજન્સી)

### હાથરસમાં

છે. પોલીસના સુપરિન્ટેન્ડન્ટ નિપુન અગરવાલે કહ્યું હતું કે બસે આગ્રા-અલીગઢ નેશનલ હાઈવેમાં ઓવરટેક કરવાના પ્રયાસમાં વૅનને પાછળથી ટક્કર મારી હતી

ચાર ઘાયલની હાલત ગંભીર છે. પેસેન્જર આગ્રાથી હાથરસ જઈ રહ્યા હતા. (એજન્સી)

### ભારતના પ્રવીણ કુમારનો

ઊંચા કૂદકા બદલ સિલ્વર મેડલ અને ઉઝબેકિસ્તાનના તેમુરબેક ગિયાઝોવે ૨.૦૩ મીટર ઊંચા કૂદકા બદલ બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો.

પ્રવીણ નોઇડાનો છે. તેના ગોલ્ડ મેડલ સાથે ભારત કુલ છ ગોલ્ડ બદલ મેડલ-વિજેતા દેશોની યાદીમાં ૧૪મા સ્થાને આવી ગયું હતું. પ્રવીણ પૅરિસ પૅરાલિમ્પિક્સમાં મેડલ જીતનાર શરદ કુમાર (સિલ્વર) અને મરિયપ્પન થાંગાવેલુ (બ્રૉન્ઝ) પછીનો ત્રીજો ભારતીય સ્પર્ધક છે.

ટી-૬૪ કૅટેગરીમાં એવા સ્પર્ધકોનો સમાવેશ હોય છે જેમનો પગ ટૂંકો હોય છે અથવા પગની મૂવમેન્ટમાં તકલીફ હોય અથવા એક કે બન્ને પગ ગુમાવી ચૂક્યા હોય. પ્રવીણનો એક પગ જન્મથી જ ટૂંકો છે. નાનપણમાં પહેલાં તે વૉલીબૉલ રમતો હતો, પણ પછીથી ઊંચા કૂદકામાં તેને રુચિ થઈ હતી અને એની પ્રૅક્ટિસ શરૂ કરી દીધી હતી.

પૅરાલિમ્પિક્સના ઇતિહાસમાં ભારતનો આ સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ છે. શુક્રવારે સાંજે ભારતના કુલ ૨૬ ચંદ્રકમાં છ ગોલ્ડ ઉપરાંત નવ સિલ્વર અને અગિયાર બ્રૉન્ઝનો સમાવેશ હતો.

પ્રવીણે ૧.૮૯ મીટરની ઊંચાઈ રખાવીને પ્રયાસોની શરૂઆત કરી હતી અને પહેલા જ પ્રયાસમાં મોખરે હતો અને ગોલ્ડ મેડલ માટે ત્યારથી જ મજબૂત દાવેદાર હતો.

ત્યાર બાદ સ્પર્ધકો માટેનું બાર ૨.૧૦ મીટર ઊંચું કરવામાં આવ્યું હતું અને એમાં પ્રવીણ અને લૉક્સિડેન્ટ વચ્ચે તીવ્ર હરીફાઈ જામી હતી. છેવટે પ્રવીણ ચૅમ્પિયન બન્યો હતો.

# મ્હાડાના ૨૦૩૦ ફ્લેટની લોટરી આઠ ઓક્ટોબરે

મુંબઈઃ મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા)ના મુંબઈ વિભાગના ૨૦૩૦ ફ્લેટ માટેના લોટરી ડ્રોની તારીખ જાહેર કરવામાં આવી છે. આ ડ્રો આઠમી ઓક્ટોબરે યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાન ખાતે યોજાશે. મુંબઈ બોર્ડે ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં ૨,૦૩૦ ફ્લેટ માટે જાહેરાત જારી કરી હતી અને નવમી ઓગસ્ટથી અરજીઓ સ્વીકારવાનું શરૂ કર્યું હતું. ડ્રોના મૂળ કાર્યક્રમ મુજબ ચાર સપ્ટેમ્બરે ડિપોઝિટની રકમ સાથે અરજીઓ રજૂ કરવાની છેલ્લી તારીખ હતી. ત્યારબાદ પાત્ર અરજદારોની અંતિમ સૂચિ જાહેર કરી ડ્રોનું પરિણામ ૧૩ સપ્ટેમ્બરના રોજ જાહેર થવાનું હતું.અરજી વેચાણ - મંજૂરીને આડે એક અઠવાડિયાનો સમય બાકી હતો ત્યારે બોર્ડે અરજી વેચાણ - સ્વીકારની મુદતમાં વધારો કર્યો હતો. પરિણામે ૧૩ સપ્ટેમ્બરનો લોટરી ડ્રોનો સમય આગળ ધકેલાયો હતો. એ અનુસાર અરજીના વેચાણ - સ્વીકૃતિની અંતિમ તારીખ ૧૯ સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે. દરમિયાન બોર્ડે મ્હાડાની વેબસાઈટ પર ગુરુવારે મોડી રાત્રે સમયપત્રક રજૂ કર્યું હતું. આ સમયપત્રક અનુસાર આઠમી ઓક્ટોબરે ડ્રો કરવામાં આવશે. કમ્પ્યુટર સિસ્ટમ દ્વારા અરજીઓ રજૂ કરવાની અંતિમ તારીખ ૧૯ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૧૧:૫૯ વાગ્યે રહેશે. અરજી વેચાણ - સ્વીકૃતિ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અરજીઓની ચકાસણી કરી ૨૭ સપ્ટેમ્બરે સાંજે છ વાગ્યે પાત્ર અરજીઓની ડ્રાફ્ટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. ■

# બોરીવલી - વિરાર રેલવે માર્ગ વિસ્તરણનો માર્ગ મોકળો


મુંબઈઃ પશ્ચિમ રેલવેના બોરીવલી - વિરાર રેલવે લાઈનના વિસ્તરણમાં આડે આવતા ૨,૬૧૨ મેન્ગ્રોવ્સ દૂર કરવાની મંજૂરી બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે આપી હતી. પરિણામે આ માર્ગના વિસ્તરણનો માર્ગ મોકળો થયો છે. આ નિર્ણયને કારણે બોરીવલી અને વિરાર વચ્ચેના સ્ટેશનોમાં પાંચમી અને છઠ્ઠી રેલવે લાઈનનું બાંધકામ કરવાથી લોકલ ટ્રેનની મર્યાદા દૂર થશે તેમજ ઇંધણની બચત થશે અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે એમ હાઈ કોર્ટે જણાવ્યું છે. મુખ્ય ન્યાયમૂર્તિ દેવેન્દ્રકુમાર ઉપાધ્યાય અને ન્યાયમૂર્તિ અમિત બોરકરની ખંડપીઠે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ વિશાળ જનહિતનો છે અને તેના નોંધપાત્ર પર્યાવરણીય લાભો છે. આ સાથે જ પશ્ચિમ રેલવે પ્રશાસનને આ પ્રોજેક્ટથી પર્યાવરણને થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે ૭,૮૨૩ મેન્ગ્રોવ્સને ફરીથી રોપવાનો આદેશ આપવામાં આવ્યો છે. ■

# મુંબઈ પહોંચેલી કુવૈતની બોટ માલિકને સોંપાઈ

મુંબઈઃ ત્રણ શખ્સ સાથે મુંબઈ પહોંચી હોવાથી સુરક્ષા એજન્સીઓમાં ભય પેદા કરનારી કુવૈતની એક બોટ જપ્ત કરવામાં આવી એના સાત મહિના બાદ કાયદાકીય ઔપચારિકતા પૂરી થયા બાદ તેના માલિકને સોંપી દેવામાં આવી હોવાની માહિતી સંબંધિત અધિકારીઓએ આપી છે.

તમિલનાડુના ત્રણ શખ્સ સાથેની એક બોટ છઠ્ઠી ફેબ્રુઆરીએ મુંબઈ પહોંચી હતી. આ બોટ કુવૈતથી નીકળ્યા પછી એ કઈ તરફ જઈ રહી હતી એની ભાળ નહોતી મળતી. નવેમ્બર ૨૦૦૮માં પાકિસ્તાન દ્વારા ઘડવામાં આવેલા આક્રમણમાં મુંબઈએ મોટા દરિયાઈ આતંકવાદી હુમલાનો સામનો કર્યો હતો એ પાશ્વભૂમિ પર દરિયાઈ સુરક્ષા અંગે પ્રશ્નો ઊભા થયા હતા. જોકે, કુવૈતની બોટને આંતરી લેવામાં આવી હતી. ■






# સર્વે બાદ કૉંગ્રેસને વિશ્વાસઃ બહુમતી મેળવી સરકાર બનાવીશું

## મુખ્ય પ્રધાનની ખુરશી માટે સંઘર્ષ નહીંઃ કૉંગ્રેસ

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણી પૂર્વે કૉંગ્રેસ દ્વારા મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮માંથી ૧૭૨ બેઠકો પર કરવામાં આવેલા સર્વેક્ષણ બાદ કૉંગ્રેસે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં તેમનો વિજય થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેઓ ચૂંટણીમાં બહુમત મેળવીને સરકાર બનાવશે, તેવો વિશ્વાસ કૉંગ્રેસ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

કૉંગ્રેસના મહારાષ્ટ્ર પ્રદેશાધ્યક્ષ નાના પટોળે, પ્રભારી રમેશ ચેન્નિથલા અને મુંબઈ કૉંગ્રેસના અધ્યક્ષ તેમ જ સાંસદ વર્ષા ગાયકવાડે મુંબઈ ખાતે પત્રકાર પરિષદ યોજી હતી. આ પત્રકાર પરિષદમાં તેમણે ચૂંટણીના પરિણામો અંગે વાત કરી હતી.

ઉપરાંત મહાવિકાસ આઘાડીમાં મુખ્ય પ્રધાનની ખુરશી માટે ખેંચતાણ ન હોવાનું જણાવતા નાના પટોળેએ કહ્યું હતું કે જે મહારાષ્ટ્રમાં મુખ્ય પ્રધાનની ખુરશીની લડાઇ નથી. મહારાષ્ટ્રમાં જનતાની અધિકારની લડાઇ છે અને એ સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે.

મહાવિકાસ આઘાડીમાં હુંસાતુંસી ન હોવાનું જણાવતા પટોળેએ જણાવ્યું હતું કે મહાવિકાસ આઘાડીમાં બેઠકોની વહેંચણી યોગ્ય રીતે થશે. અમારામાં કોઇપણ નાનો ભાઇ નથી કે મોટો ભાઇ નથી. અમે ૧૭૨ બેઠકોની સમીક્ષા કરી છે અને તેના પરથી અમે મહારાષ્ટ્રમાં બહુમતીથી સરકાર બનાવીશું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં જનતા પરિવર્તન ઇચ્છે છે અને એ સર્વેક્ષણમાં સ્પષ્ટ થયું છે. રાજ્યમાં ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. નરેન્દ્ર મોદી અને ભાજપ ખેડૂત વિરોધી છે. ખેડૂતોને હું આહ્‌વાન કરું છું કે તે આગળ આવી અમારો સાથે આપે અને ભ્રષ્ટાચારી સરકારને સત્તાબહાર કરવામાં અમારી મદદ કરે.

# આઠ મંદિરના વિકાસ માટે ₹ ૨૭૫ કરોડ મંજૂર કર્યા

મુંબઈઃ સીએમ એકનાથ શિંદેની આગેવાની હેઠળની એક સર્વોચ્ચ સમિતિએ ગુરુવારે રિદ્ધપુર, ભીષ્ણૂર, જલીચા દેવ, પોહિચા દેવ અને પંચાલેશ્વર સહિત રાજ્યના આઠ મંદિર માટે રૂ.૨૭૫ કરોડની વિકાસ યોજનાઓને મંજૂરી આપી હતી.

શિંદેએ જણાવ્યું હતું કે ''તમામ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. આ વિકાસ યોજનાઓના સફળ અમલીકરણથી મહારાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારોના પ્રવાસન વિકાસને વેગ મળશે . આ શ્રી ચક્રધર સ્વામીની ૮૦૦ મી જન્મજયંતી વર્ષ છે. આ પ્રસંગે મહાનુભાવ પંથના ધર્મધામોના વિકાસ માટે માતબર ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. સંત શ્રી ગુલાબરાવ મંદિરના વિકાસ માટે અધિકારીઓ દ્વારા બે તબક્કામાં વૈશ્વિક દરખાસ્તો આમંત્રિત કરવામાં આવશે.સંત સાવતા માળીના ગામ સોલાપુર જિલ્લાના અરણ ગામને તીર્થસ્થળ તરીકે જાહેર કરવા માટે દરખાસ્ત રજૂ કરવી જોઈએ.

અધિકારીઓએ જણાવ્યું કે અમરાવતીમાં શ્રી સંત ગુલાબરાવ મહારાજ તીર્થસ્થાન કેન્દ્રના પ્રથમ તબક્કા માટે રૂ. ૨૫ કરોડ, રિદ્ધપુર માટે રૂ. ૧૪.૯૯ કરોડ, બીડના શ્રી પંચાલેશ્વર માટે રૂ. ૭.૯ કરોડ, શ્રી ક્ષેત્ર પોહી દેવ માટે રૂ. ૪.૫૪ કરોડ અને જાલનામાં જલી ચી દેવ રૂ. ૨૩.૯૯ કરોડ, વર્ધામાં શ્રી ગોવિંદ પ્રભુ મંદિર માટે રૂ. ૧૮.૯૭ કરોડ, નાગપુરના ધાપેવાડામાં શ્રી વિઠ્ઠલ મંદિર દેવસ્થાન માટે રૂ. ૧૬૪.૬૨ કરોડ અને કોલ્હાપુરના વડંગે ખાતે શિવ પાર્વતી તળાવના સુશોભિતકરણ માટે રૂ. ૧૪.૯૭ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા.

એક રાજકીય નિરીક્ષકે કહ્યું કે ''મંદિર વિકાસ યોજનાઓ પ્રદેશોની સ્થાનિક અર્થવ્યવસ્થાને વેગ આપશે અને સ્થાનિક લોકોને પણ લાભ થશે. મહાયુતિ સરકાર આને સદભાવના તરીકે જોઈ રહી છે, આ યોજનાઓનું અમલીકરણ સરળ નહીં હોય અને તેમાં લાંબો સમય લાગી શકે છે. ''

# મુંબ્રામાં ₹ ૯૫ લાખનું પાર્ટી ડ્રગ્સ પકડાયુંઃ બે પેડલરની ધરપકડ

મુંબઈઃ થાણે ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ નાર્કોટિક્સ સેલે (એએનસી) મુંબ્રા વિસ્તારથી રૂ. ૯૫ લાખની કિંમતનું એમડીએમએ નામનું પાર્ટી ડ્રગ્સ પકડી પાડી બે પેડલરની ધરપકડ કરી હતી. બંને આરોપી વિરુદ્ધ મુંબઈમાં ડ્રગ્સની તસ્કરીના ગુના દાખલ હોવાનું તપાસમાં જણાવ્યું હતું.

એએનસીના અધિકારીઓએ ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ તબરેઝ અબુજાફર બક્ષી અને એજાઝ શેર ખાન ઉર્ફે પઠાણ તરીકે થઇ હતી. તબરેઝ વિરારમાં રહે છે, જ્યારે એજાઝ રાજસ્થાનનો વતની છે. બંને હાલ પોલીસ કસ્ટડીમાં છે.

એએનસીના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે તાજેતરમાં મુંબ્રામાં વાય જંકશન બ્રિજ પાસે છટકું ગોઠવીને તબરેઝ બક્ષીને તાબામાં લીધો હતો. તેની પાસેથી રૂ. ૯૫.૨૦ લાખનું ડ્રગ્સ મળી આવ્યું હતું.

તબરેઝની પૂછપરછમાં તેને આ ડ્રગ્સ રાજસ્થાનના વતની એજાઝ શેર ખાને આપ્યું હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. આથી પોલીસે એજાઝ શેખ ખાનની શોધ આદરી હતી અને તેને વિરારની હોટેલ નજીકથી પકડી પાડ્યો હતો.

# માઉન્ટ મેરીના મેળા માટે બેસ્ટ દોડાવશે વધારાની બસ

મુંબઈઃ દર વર્ષની માફક આ વર્ષે પણ બાન્દ્રા (પશ્ચિમ)માં યોજાતા માઉન્ટ મેરીના મેળા દરમિયાન બેસ્ટ ઉપક્રમ દ્વારા વધારાની બસો દોડાવવામાં આવવાની છે.સપ્ટેમ્બર મહિનાના બીજા અઠવાડિયામાં યોજાતો માઉન્ટ મેરીનો મેળો આ વર્ષે ૮ સપ્ટેમ્બર, રવિવારથી ૧૫ સપ્ટેમ્બર,૨૦૨૪ દરમિયાન યોજાવાનો છે. માઉન્ટ મેરીના મેળામાં મોટી સંખ્યામાં લોકોનો ઘસારો બાન્દ્રા સ્ટેશન પર રહેતો હોય છે. તેથી દર વર્ષની માફક આ વર્ષે પણ આખું અઠવાડિયું બેસ્ટ ઉપક્રમ દ્વારા બાન્દ્રા (પશ્ચિમ) અને હિલ રોડ વચ્ચે દોડતી ૧૨૧ નંબરની બસની ફેરીમાં વધારો કરશે. એ સિવાય બસ નંબર સી-૭૧, એ-૨૦૨, ૩૨૧ લિમિટેડ, એ-૩૭૫, ૪૨૨, ૪૭૩ અને સી-૫૦૫ આ રૂટ પર વધારાની બસ દોડાવશે. માઉન્ટ મેરી ચર્ચ તથા ફાધર ઍગ્નેલ આશ્રમના પરિસરમાં માઉન્ટ મેરીના મેળા દરમિયાન પ્રવાસીઓની ભીડ મોટા પ્રમાણમાં ઉમટતી હોય છે. તેથી બસને માઉન્ટ મેરી ચર્ચ સુધી લઈ જઈ શકાતી નથી. તેથી વધારાની બસ બાન્દ્ર રેલવે સ્ટેશન (પશ્ચિમ)થી હિલ રોડ ગાર્ડન દરમિયાન જ દોડાવવામાં આવશે.

# પોર્શે કાર અકસ્માત પ્રકરણ સાથે સુનીલ ટિંગરેનો સંબંધઃ પોલીસ કમિશનર

પુણેઃ પુણેના કલ્યાણીનગર વિસ્તારમાં મળસકે બે સોફ્ટવેર એન્જિનિયરનો ભોગ લેનારા પોર્શ કાર અકસ્માત કેસમાં બિલ્ડર વિશાલ અગરવાલના સગીર પુત્રને તાબામાં લેવાયો હતો. આ પ્રકરણમાં એનસીપીના વિધાનસભ્ય સુનીલ ટિંગરેની પૂછપરછ કરવામાં આવી હતી. અકસ્માત પ્રકરણ સાથે ટિંગરેનો સંબંધ હોવાનું તપાસમાં સામે આવ્યું છે, એમ પોલીસ કમિશનર અમિતેશ કુમારે જણાવ્યું હતું. પોર્શે કાર અકસ્માતની તપાસ પુણે પોલીસે યોગ્ય રીતે કરી, પણ પોલીસની કાર્યપદ્ધતિ તેમ જ તપાસ બાબતે કેટલાકે શંકા વ્યક્ત કરી. સોશિયલ મીડિયા પર પોલીસની ટીકા કરવામાં આવી, પણ પોલીસે તપાસમાં બેદરકારી દાખવી નહીં. અકસ્માત પ્રકરણમાં દોષી જણાયેલા પ્રત્યેક સામે કાર્યવાહી કરવામાં આવી. અકસ્માત બાદ સુનીલ ટિંગરે યેરવડા પોલીસ સ્ટેશનમાં ગયા હતા અને આ પ્રકરણે તેમની પણ પૂછપરછ કરવામાં આવી. ટિંગરેએ પોલીસ પર દબાણ લાવ્યું હતું કે નહીં તે હાલ કહેવું યોગ્ય નથીં, પણ અકસ્માત પ્રકરણ સાથે ટિંગરેનો સંબંધ હોવાનું તપાસમાં સામે આવ્યું છે, એમ અમિતેશ કુમારે સ્પષ્ટ કર્યું છે.

# 'મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરો'

## કૉંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવારની વિચિત્ર માગણી

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાના વિરોધ પક્ષના વિજય વડેટ્ટીવારે મહારાષ્ટ્ર સરકાર પર પ્રહાર કરતા રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માગણી કરી હતી. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી હોવાનું કહી વડેટ્ટીવારે રાષ્ટ્રપતિ શાસન લાવવાની માગણી કરી હતી. પત્રકારો સાથે વાતચીત કરતા વડેટ્ટીવારે જણાવ્યું હતું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા ફક્ત નામ પૂરતાં છે. ગૃહ ખાતું સાવ નિષ્ફળ ગયું છે. જે લોકો સત્તામાં છે તે લોકો સંપૂર્ણપણે રાજકારણ રમવામાં રચ્યાપચ્યા છે અને લોકોને રઝળતાં મૂકી દીધા છે. તેમણે મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં બે બાળકોનાં થયેલા મૃત્યુની ઘટનાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે આ ઘટના મહારાષ્ટ્ર પર કાળી ટીલી સમાન છે. માતા-પિતાએ બાળકોની સારવાર માટે ૧૫ કિલોમીટર ચાલીને જવું પડ્યું હતું કારણ કે તેમના ગામડાંમાં ડૉક્ટર નહોતો. આરોગ્ય પ્રધાન અને પાલક પ્રધાન શું કરી રહ્યા હતા? આ સરકારને બરખાસ્ત કરીને અહીં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવું જોઇએ. નક્સલગ્રસ્ત ગઢચિરોલીમાં એક દંપતીએ તેમના બાળકોને સારવાર માટે ૧૫ કિલોમીટર દૂર પગપાળા ચાલીને લઇ જવાની ફરજ પડી હતી. આ ઘટનાને પગલે વડેટ્ટીવારે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માગણી કરી હતી.

# ડોંબિવલીમાં મિત્ર સાથે ₹ ૮.૧૭ લાખની છેતરપિંડી

થાણેઃ ડોંબિવલીમાં મૃત પિતાની જીવન વીમાની રકમમાંથી કટકી આપવાની લાલચે મિત્ર સાથે રૂ. ૮.૧૭ લાખની ઠગાઇ આચરવા પ્રકરણે ૩૮ વર્ષની મહિલા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. ડોંબિવલીના વિષ્ણુનગર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે બુધવારે નોંધાવાયેલી ફરિયાદને આધારે સોનિયા સુરેશ નાયર વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો દાખલ કરાયો હતો. સોનિયા નાયરે તેના મિત્રનો સંપર્ક સાધીને જણાવ્યું હતું કે તેના મૃત પિતા પાસે રૂ. ૮૮ લાખની ઇન્શ્યૂરન્સ પોલિસી હતી. આ રકમ જોઇન્ટ બેન્ક એકાઉન્ટમાં ફ્રીઝ કરવામાં આવી છે. સોનિયાએ મિત્રને કહ્યું હતું કે પોલિસીની રકમ મેળવવા એક્ટિવેશન ફી ચૂકવવા તેને રૂ. ૮.૧૭ લાખની જરૂર છે. રકમ મળતાં તેમાંથી હિસ્સો આપવાનું તેણે મિત્રને વચન આપ્યું હતું. મિત્રએ જુલાઇ, ૨૦૨૩થી જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન સોનિયાને રૂ. ૮.૧૭ લાખ ઓનલાઇન ચૂકવ્યા હતા.

## છેલ્લા પાનાનું ચાલુ

### ઘોડબંદરના

એસટી બસ ફ્લાયઓવર નજીક આવી ત્યારે તે ફ્લાયઓવરની રેલિંગ સાથે ભટકાઇ હતી. દરમિયાન અકસ્માતની જાણ થતાં ટ્રાફિક પોલીસનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અકસ્માત થયો ત્યારે બસમાં પ્રવાસી નહોતા. બસને ત્યાંથી હટાવ્યા બાદ વાહનવ્યવહાર પૂર્વવત થયો હતો.

### ખેડૂત આત્મહત્યા

કલેક્ટર દ્વારા વિતરિત કરવામાં આવશે. રાહત અને પુનર્વસન મંત્રી અનિલ ભાઈદાસ પાટીલે કહ્યું કે, ''જો ભંડોળની અછત હશે તો વધુ ફાળવવામાં આવશે, પરંતુ ખેડૂતોને અન્યાય કરવામાં આવશે નહીં.'' આ મુદ્દો ખાસ કરીને વિદર્ભ અને મરાઠવાડા પ્રદેશોમાં સંવેદનશીલ છે, જ્યાં ખેડૂતો મોટી સંખ્યામાં આત્મહત્યા કરે છે. માત્ર છેલ્લા છ મહિનામાં જ આ વિસ્તારોમાં ૧,૦૦૦ થી વધુ ખેડૂતોએ પોતાનો જીવ દીધો છે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રાજ્યને ખેડૂતો માટે આત્મહત્યા-મુક્ત બનાવવાનું વચન આપ્યું હતું, હવે મહારાષ્ટ્રમાં કૃષિ સંકટ અંગે વધતી ચિંતાઓ વચ્ચે તે વચન પૂરું કરવા દબાણનો સામનો કરવો પડી રહ્યો છે.

### સુધરાઈ પણ

ગણેશ મૂર્તિ સંકલન કેન્દ્રની પણ સુવિધા ભક્તો માટે ઉપલબ્ધ કરી છે.

મુંબઈમાં દર વર્ષે ગણેશોત્સવ દરમિયાન દસ હજારથી વધુ સાર્વજનિક અને બે લાખ કરતા વધુ ઘરમાં ગણપતિની મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે. તે માટે વિવિધ સુવિધા પૂરી પાડવા માટે પાલિકા બે અગાઉથી તૈયારીઓ કરી રહી હતી. દોઢ દિવસના, ત્રણ દિવસ, પાંચ દિવસ, ગૌરી ગણપતિ સહિત અનંત ચર્તુદશીના ગણેશમૂર્તિના વિસર્જન માટે પાલિકાએ મુંબઈની જુદી જુદી ચોપાટીઓ સહિત ૬૯ નૈસર્ગિક સ્થળોએ તૈયારી કરી છે. અધિક ઊંચાઈની ગણેશમૂર્તિ માટે વિસર્જનના સ્થળે મોટી ક્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે.

મુંબઈના જુદા જુદા વિસ્તારમાં ૨૦૪ કૃત્રિમ તળાવો વિસર્જન માટે તૈયાર કર્યા છે. એ સિવાય વિસર્જન સ્થળે લાઈફ ગાર્ડ, મોટર બોટ, મેડિકલ ટીમ, ઍમ્બ્યુલન્સની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. પર્યાવરણને ધ્યાનમાં રાખીને મૂર્તિના વિસર્જન માટે આવનારા ભક્તો પાસેથી ફૂલ-હારના નિર્માલ્યને દરિયામાં નહીં પધરાવતા તેની માટે અલગથી નિર્માલ્ય કળશની વ્યવવસ્થા કરવામાં આવી છે.

ગણેશોત્સવ દરમિયાન વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. તેથી આ સમય દરમિયાન જો વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડતો હોય તો તેનાથી બચવા માટે નાગરિકોએ ઝાડ નીચે ઊભા રહેવાથી દૂર રહેવાની અપીલ કરવામાં આવી છે.

### લોઅર પરેલમાં

આઠમા અને નવમા માળ પરના ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન્સ, ફોલ્સ સિલિંગ, ઓફિસ ફર્નિચર, રેકોર્ડ અને ફાઈલોને નુકસાન થયું હતું. એ સાથે જ ગ્રાઉન્ડ ફ્લોરથી દસમા માળ સુધીની કાચની બિલ્ડિંગની એક્રેલિક શીટ્સને પણ નુકસાન થયું હતું. કમલા મિલ કમ્પાઉન્ડની બિલ્ડિંગમાં લાગેલી આગ બાદ ફાયરબ્રિગેડના પાંચ ફાયર એન્જિન, સાત જમ્બો ટેન્કર ઘટના સ્થળે બચાવ કામગીરી માટે પહોંચી ગયા હતા. ઓપરેશન પર નજર રાખવા માટે બે ડિવિઝનલ ફાયર ઓફિસર, બે એડિશનલ ડિવિઝનલફાયર ઓફિસર હાજર હતા. આગ વહેલી સવારે લાગી હોવાથી સદ્નસીબે એ સમયે બિલ્ડિંગ ખાલી હતી, જેને કારણએ મોટી જાનહાનિ ટળી ગઈ હતી. જો આગ બપોરના સમયે લાગી હોય તો જાનહાનિ વધવાની શક્યતા હતી. આગ બુઝાવવાના પ્રયાસ દરમિયાન ફાયરબ્રિગેડના જવાનોએ બીજાથી ૧૪ માળ સુધીના ઓફિસના દરવાજાના તાળા તોડવા માટે હથોડાનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી, જેથી કરીને અંદર પ્રવેશ કરીને આગને બુઝાવવામાં સરળતા રહે. સવારના ૧૦.૧૫ વાગ્યા સુધીમાં ચારેબાજુથી આગને નિયંત્રણમાં લાવવામાં સફળતા મળી હતી. ફાયરબ્રિગેડના ઘટના સ્થળે હાજર રહેલા અધિકારીના કહેવા મુજબ તાત્કાલિક કાર્યવાહીને કારણે આગને ઝડપથી કાબૂમાં લેવામાં મદદ મળી હતી. કાચની બિલ્ડિંગ હોવાથી ગાઢ ધુમાડો અંદર ફેલાઈ ગયો હોવાથી શ્વસન ઉપકરણનો ઉપયોગ કરવો પડ્યો હતો. સદ્નસીબે બિલ્ડિંગની ફાયર સેફ્ટી સિસ્ટમ કામ કરતી હતી. આગનું ચોક્કસ કારણ તપાસ બાદ જ જાણી શકાશે. જોકે પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

### છ વર્ષમાં

જળાશયોમાં ૧૩,૦૮,૨૦૮ મિલ્યન લિટર જેટલો પાણીનો જથ્થો હતો. નોંધનીય છે કે મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવો હોય તો પહેલી ઑક્ટોબરના જળાશયમાં ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર જેટલો પાણીનો જથ્થો હોવો આવશ્યક છે.

### ફક્ત નસીબવાન હોવાથી

અમે સમાજના દરેક વર્ગ માટે નવી યોજનાઓ લઈને આવ્યા છીએ તેનો અમને ગર્વ છે. અમે લાડકી લેક (દીકરીઓ)થી શરૂઆત કરી હતી. લાડકી બહેન યોજના શરૂ થઈ. એસ.ટી.માં મહિલાઓને આપવામાં આવેલી રાહતો. સૌથી મહત્ત્વપૂર્ણ બેરોજગારોને તાલીમ આપવા માટે ૧૦ લાખનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, એમ એકનાથ શિંદેએ કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે હું મુખ્ય પ્રધાન બન્યો ત્યારે મને શું મળશે તેની મને કોઈ અપેક્ષા નહોતી. જ્યારે કામ થાય છે, ત્યારે જનતા તેનો રેકોર્ડ રાખે છે. મારી નીતિ એ છે કે હું લોકોને શું આપીશ. આગામી દિવસોમાં પણ હું આવી જ રીતે કામ કરવાનું ચાલુ રાખીશ. વિકાસના કામો ચાલુ રહેશે. સામાન્ય લોકો માટે કામ કરવાનું ચાલુ રહેશે. અઢી વર્ષમાં અમે ૬૦૦ નિર્ણયો લીધા. જ્યારે ફડણવીસ મુખ્ય પ્રધાન હતા, ત્યારે તેમણે ચાલુ કરેલી અને ઠાકરેએ બંધ કરેલી યોજનાઓ ફરી શરૂ કરી છે, એમ પણ તેમણે કહ્યું હતું.

જનતા બધું નક્કી કરે છે. લોકોએ મારા કરતાં વધુ વિચારવું જોઈએ. મુખ્ય પ્રધાન પદને લઈને કોઈ વિવાદ નથી. મહાયુતિ સરકારને કરેલા કામની પાવતી મળશે. દરેક વ્યક્તિ એક ટીમ તરીકે સાથે મળીને કામ કરે છે. લોકોને સરકાર ગમે છે, એવો દાવો તેમણે કર્યો હતો.

જ્યારે એવી ટિપ્પણી કરવામાં આવી કે તમે નસીબદાર છો? ત્યારે તેમણે કહ્યું હતું કે માત્ર નસીબદાર રહેવાથી કામ નથી થતું. તમારે રસ્તા પરથી ઉતરવું પડશે. લોકોની લાગણી સમજવી પડશે. તમારે પૂરમાં જવું પડશે. ફક્ત ફેસબુક લાઇવથી કામ કરતું નથી, મતભેદ અને મનભેદ વચ્ચે તફાવત છે. હું ટીમનો કેપ્ટન છું. બધા સાથે મળીને કામ કરી રહ્યા છે. આનું શ્રેય અમે વહાલી બહેનોને આપી રહ્યા છીએ. આ યોજના ચાલુ રહેશે. અમે ૨ કરોડ ખાતામાં પૈસા પહોંચાડી દીધા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે અમારી સરકાર આવી ત્યારથી તેઓ કહેતા હતા કે સરકાર પડી જશે. તેને કોઈ વાસ્તવિક જ્યોતિષી મળ્યો નથી. મેં કામથી બધા આરોપોનો જવાબ આપ્યો છે. હું સવાર સુધી કામ કરું છું તેનો મને સંતોષ છે. લોકોને જે જોઈએ છે તે આપવાનું કામ સરકારનું છે. આ કોઈ શોર્ટકટ પ્લાન નથી. તેમના પૈસા આપવામાં આવ્યા છે. હું ફરીથી લોકો સમક્ષ જવા માંગુ છું.

બાળ ઠાકરેને યાદ કરતાં તેમણે કહ્યું હતું કે લાડકી બહેન યોજના ચાલુ જ રાખવામાં આવશે. અમે જે કહ્યું તે પૂરી કરીશું. બાળ ઠાકરે કહેતા હતા કે શબ્દ આપતાં પહેલાં વિચારો અને વચન આપો. અમે વહાલી બહેનોને ટેકો આપ્યો. વહાલી બહેન નાપાસ કરનારાઓને પાઠ ભણાવશે.

### લાડકી બહેન યોજનાના

રાજ્યના મહેસૂલ ખાતાના પ્રધાન શંભુરાજ દેસાઇએ પત્રકારો સાથે વાતચીત દરમિયાન અજિત પવારના પક્ષ દ્વારા લાડકી બહેન યોજનાના પ્રચાર દરમિયાન જાહેરાતોમાંથી મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનો ફોટો ગાયબ હોવા બાબતે નારાજગી વ્યક્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે જનતા સુધી પહોંચવા માટે હાલ અજિત પવાર દ્વારા 'જન સન્માન યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે અને તે આ યાત્રા દરમિયાન લાડકી બહેન યોજના અંગે પણ લોકોમાં જાગરૂકતા ફેલાવે છે અને યોજનાનો પ્રચાર પ્રસાર કરે છે. જોકે આ દરમિયાન તેમની રેલીઓ અને કાર્યક્રમોમાં લાડકી બહેન યોજનાનું આખું નામ 'મુખ્ય પ્રધાન માઝી લાડકી બહેન યોજના'ને બદલે ફક્ત 'માઝી લાડકી બહેન યોજના' ઉપયોગમાં લેવામાં આવી રહ્યું છે. જેના કારણે શિવસેના તેમ જ ભાજપના પણ નેતાઓ નારાજ થયા હોવાનું જણાય છે.

**નામની બાદબાકી પ્રોટોકોલ વિરુદ્ધઃ દેસાઇ**

દેસાઇએ નારાજગી વ્યક્ત કરતા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર લાડકી બહેન યોજનાને વર્ચ્યુઅલી એટલે કે ડિજિટલ માધ્યમે હાઇજેક કરી રહ્યા હોવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે પ્રોટોકોલ મુજબ યોજનાની જાહેરાત દરમિયાન યોજનાનું આખું નામ સામેલ કરવું જોઇએ. જાહેરાતમાંથી મુખ્ય પ્રધાનના નામની બાદબાકી કરવી અયોગ્ય છે.

### મુંબઈ બન્યું

અને વિસર્જન દરમિયાન વાહનવ્યવહારની સરળતા માટે ટ્રાફિક પોલીસે પણ પોતાનો એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

શહેરમાં ગણેશોત્સવ દરમિયાન મુંબઈ પોલીસ દ્વારા વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જેમાં ૩૨ ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી), ૪૫ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (એસીપી) સહિત ૨,૪૩૫ પોલીસ અધિકારી અને ૧૨,૪૨૦ પોલીસ કર્મચારીને તહેનાત કરવામાં આવ્યા છે. ઉપરાંત મહત્ત્વના સ્થળોએ બંદોબસ્ત માટે ક્વિક રિસ્પોન્સ ટીમ (ક્યુઆરટી), સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ), રાયટ્સ કન્ટ્રોલ ફોર્સ, ડેલ્ટા અને કોમ્બેટ તેમ જ હોમગાર્ડની પણ મદદ લેવામાં આવી છે. તમામ પોલીસ કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે અને શંકાસ્પદ વ્યક્તિ કે પ્રવૃત્તિ પર નજર રાખવાનું દરેક પોલીસ સ્ટેશનને કહેવામાં આવ્યું છે. સંવેદનશીલ વિસ્તારોમાં વધારાનો બંદોબસ્ત ગોઠવાયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

લોકોની ગિરદીના સ્થળે પોલીસને સહકાર્ય કરવા, નધણિયાતી કે શંકાસ્પદ વસ્તુ નજરે પડે તો તાત્કાલિક પોલીસને તેની માહિતી આપવા અને મદદ માટે પોલીસ હેલ્પલાઇન ૧૦૦, ૧૧૨ પર સંપર્ક સાધવાનું પોલીસે જણાવ્યું હતું.

### ઘોડબંદર રોડ પરના ટ્રાફિકની

સાર્વજનિક બાંધકામ વિભાગ અને ટ્રાફિક પોલીસ સાથે બેઠક યોજી હતી અને પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે તાત્કાલિક અને લાંબા ગાળાની ઉપાયયોજના હાથ ધરવામાં આવશે એવું લાંબી ચર્ચા બાદ આશ્વાસન આપ્યું હતું.

ઘોડબંદર રોડ પર ભારે વાહનોની મુવમેન્ટ, રસ્તાની સ્થિતિ, સર્વિસ રોડ પરના પાર્કિંગ, હાથગાડીઓ, સિગ્નલ યંત્રણા, લેન માર્કિંગ, ફ્લાયઓવરની સ્થિતિ, ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા નાગરિકોની સમસ્યાની સાથે જ સ્કૂલમાં જતા બાળકોને ટ્રાફિકને કારણે થતી હાલાકી પર શુક્રવારની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક બાદ તાત્કાલિક સ્વરૂપે ભારે વાહનોના પ્રવેશ માટે રહેલા નિયમોનું ચુસ્ત રીતે પાલન કરાવવાનું અને ટ્રાફિક વિભાગને મદદ માટે ૫૦ વોર્ડન છે, તેમાં વધુ ૧૦૦ વોર્ડનની તાત્કાલિક ભરતી કરીને તેમની નિમણૂક કાપૂરબાવડીથી ગાયમુખ પટ્ટામાં કરવાનો આદેશ પણ આ સમયે આપવામાં આવ્યો હતો. ટ્રાફિક પોલીસ અને વોર્ડનને સવારના છ વાગ્યાથી રસ્તા પર તહેનાત કરવામાં આવશે. સવારના છ થી ૧૦ અને સાંજના પાંચથી નવ વાગ્યા સુધી તેમની વિશેષ ડ્યુટી હશે. સર્વિસ રોડ પરના પાર્કિંગ રોકવા, હાથગાડીને હટાવવાના કામ પણ હાથ ધરવાનો કમિશનરે આદેશ આપ્યો હતો.

## પારસી મરણ

તે દિનશી ફીરોઝ ખંભાતા તે મરીના દીનશી ખંભાતાના ખાવીંદ. તે મરહુમો જરુ ફીરોઝ ખંભાતાના દીકરા. તે દાયના ને કાર્લના બાવાજી. તે પરસીના ભાઇ. (ઉં. વ. ૭૭) રે. ઠે. મેરેથોન નેકટજેન, એરા ૨, ૩૨૦૨, લોઅર પરેલ, મુંબઇ-૪૦૦૦૧૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૭-૯-૨૪ના દીને બપોરે ૩.૪૦ ઉપરની બેનેટ નં.૫માં ડુંગરવાડી પર.

## જૈન મરણ

**પાટણ સાંડેસરા જૈન**

પાટણ નિવાસી (નીલકંઠ વૈદ્યની પોળ) હાલ મુંબઇ દર્શના વિનોદચંદ્ર સાંડેસરા (ઉં. વ. ૫૮) ગુરુવાર તા. ૫-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિનોદચંદ્ર ચીમનલાલ સાંડેસરા અને નીલાબેન વિનોદચંદ્રની સુપુત્રી. રાજેશભાઇની બેન. હિનાબેનના નણંદ. દેવાંગ અને રિદ્ધિના ફોઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ બોરીવલી સ્વ.ચંદ્રેશ અનોપચંદ ગોસલીયાના ધર્મપત્ની પ્રિતી (પ્રતિમા) (ઉં. વ. ૭૧) તે ૪/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે કુણાલના માતુશ્રી, મિત્તલના સાસુ. વીરના દાદી. લીંબોદ્રા નિવાસી સ્વ.અમૃતલાલ નરોત્તમદાસ શાહના પુત્રી. સ્વ. કૈલાશબેન, સ્વ. શૈલેષભાઇ, દિનેશભાઇ, પ્રફુલાબેનના બહેન, સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડીયાના સ્વ. પાંચીબેન રામજી કરશન ગાલા (ઉં. વ. ૮૨) તા. ૪-૯-૨૪ બુધવારના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. ઉમાબેન કરશન થોભણનાં પુત્રવધૂ. સ્વ. રામજી કરશનનાં ધર્મપત્ની. સુરેશ, કિશોર, સતીશ, રાજેશ, જીજ્ઞેશનાં માતુશ્રી. ભારતી, દિપીકા, રેખા, લક્ષ્મીનાં સાસુ. ડો. રાજવી, મહેક, ભવ્ય, ધૈર્ય, ધ્રુવના દાદી. સ્વ. રાણીબેન ભચુ લાલજી ગડાના દિકરી. પ્રાર્થના સોમવાર, તા. ૯-૯-૨૪ના ૪થી ૫.૧૫. ઠે. કરશન લધુ હોલ, દાદર વેસ્ટ.

**સ્થાનકવાસી દશા શ્રીમાળી જૈન**

અમરાપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. અમરચંદ જગજીવન દામાણીના ધર્મપત્ની ગં. સ્વ. મંજુલાબેન દામાણી (ઉં. વ. ૮૪) તા. ૬-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છ. તે વિજય-નીતા, સ્વ. મુકેશ-નેહા, કેતન-રૂપલના મમ્મી. તે સ્વ. ચુનીલાલ દેસાઇના પુત્રી. પ્રવીણભાઇ, સ્વ. શારદાબેન પારેખ તથા મધુબેન દેસાઇના બેન. તે જિનેશ, પ્રતીક, કૃપેશ, હાર્દિક, મિત, જીલ રોમીલ પારેખના દાદી. તે સ્વ. ગિરધરભાઇ, સ્વ. લાભુબેન દોશી, સ્વ. લીલાબેન દોશી, સ્વ. બાબુભાઇના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાધનપુરી જૈન**

રાધનપુર હાલ સાયન સ્વ. મૌનીકાંતભાઇ ભોગીલાલ પારેખ તથા રંજનબેનના પુત્ર વિરલ (ઉં. વ. ૫૩) તા. ૫-૯-૨૪ના ગુરુવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે પ્રીતીના પતિ. વિરાજ, ઋતિકના પિતા. દિપલ (આશ્ના) અનુપમ વસા તથા પાયલ પુનિત શાહના ભાઇ. અનુષ્ના, જશ, રિયાનના મામા. તથા સ્વ. હિમાંશુભાઇ પનાલાલ કોઠારી તથા મિનાક્ષીબેનના જમાઇ. લૌક્કિ વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

ઓથાવાલા રમાબેન પોપટલાલ પારેખના સુપુત્ર હસમુખભાઈ, તે પ્રજ્ઞાબેનના પતિ (ઉં. વ. ૬૭) તા. ૫-૯-૨૪ ના શ્રીજીચરણ પામેલ છે. હર્ષદ તથા નીલેશના ભાઈ. માલિની બીનાના જેઠ. સ્મિતા દેવેન્દ્રભાઈ ભુવાના ભાઈ. સુનીત મયંકના પિતાશ્રી. રાજુલાવાલા રતિલાલ અમીદાસ મહેતાના જમાઈ. લોકીક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

ડો. રવિન્દ્ર વિઠ્ઠલદાસ મહેતા (ઉં. વ. ૯૨)તા. ૫-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. હાલ મુંબઇ ઓપેરા હાઉસ નિવાસી તે સ્વ. હિરાબેન અને વિઠ્ઠલદાસ મહેતાના સુપુત્ર. ઉર્મિલા (ઉમા) ના પતિ. વિજય મહેતાના મોટાભાઇ. શાંતાબેન મગનલાલના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

અમરાવતી નિવાસી હાલ બોરીવલી સ્વ. ચંદુલાલ ઝવેરચંદ કારાવડિયાના ધર્મપત્ની સવિતાબેન કારાવડિયા (ઉં. વ. ૯૫) તે બુધવાર તા. ૪-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે અ. સૌ. લીના રજનીકાંત, સ્વ. શોભા ગિરીશ, અ. સૌ. પન્ના પરેશ, અ. સૌ.વર્ષા બિપીન શાહ, (કારાવડિયા)ના સાસુ. અ. સૌ. આશા પ્રવિણ કોઠારી, ગં. સ્વ. માયા હસમુખ મહેતાના માતુશ્રી. સ્વ. જયાબેન રતીલાલના દેરાણી. ગં. સ્વ. રંજનબેન, સ્વ. નટવરલાલ કારાવડિયાના જેઠાણી. સ્વ. વિજયાબેન સ્વ. અમૃતલાલ ગોરસિયા, ભારતીબેન, નરેન્દ્ર ધંધુસરિયાના ભાભી. ચિરાગ, સાગર, નિકીશા, કૃપા, અમિતા, કુણાલ, ગૌરવ, નિરવના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મહુઆવાળા હાલ મુંબઈ, ગં.સ્વ. રસીકાબેન કિશનભાઈ ગોરડીયા (ઉં. વ. ૮૭), તા. ૩-૯-૨૪ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કિશનભાઈ ગોરડીયાના ધર્મપત્ની. દિપક અને સાધનાના માતુશ્રી. સેજલ અને નૈમિષના સાસુજી. હરકુંવરબેન મોહનભાઈ દોશીના દિકરી. પ્રાર્થનાસભા તા. ૦૮-૦૯-૨૪ રવિવારના સવારે ૧૦ થી ૧૨ કલાકે, કે.સી કોલેજ, ચર્ચગેટ, મુંબઈ.

**નવપરગણા ભાવસાર**

સ્વ. જમનાદાસ વિઠ્ઠલદાસ ભાવસારની પુત્રી ગં. સ્વ. ડાહીબેન (બચુબેન) વિલેપાર્લે નિવાસી તે સ્વ. દેવદાસભાઇ મુળચંદદાસ ભાવસારના ધર્મપત્ની. તે ભીખુભાઇ, હેમંતભાઇ, સ્વ. મંજુબેન, રમાબેન, મધુબેનના બેન અવસાન તા. ૬-૯-૨૪ના થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|


ગણપતિ બાપ્પા મોરયા
સોસાયટી ચા®
SOCIETY TEA
500 g
FROM THE HOUSE OF
Hasmukhrai & Co.


BHOOMI
Serenity
LUXURY LIVING SPACES
Ganesha's grace, right where you live
Gajra group welcomes the honourable
Home Minister Shri Amit Shahji to the city on this auspicious occasion
0%
STAMP DUTY
Offer ends on 17th Sept
2 & 3 BHK STARTING AT ₹89 L*
NEAR AMANDOOT METRO STATION, SECTOR 37, KHARGHAR.
T&C Apply
Project by
GAJRA
Adorning Mother Earth
ISO 9001:2015 CERTIFIED COMPANY
20+ years | 65+ projects | 5000+ homes
Maharera Reg. No. P52000055280
www.maharera.mahaonline.gov.in
The large project is funded by LICHFL Housing & Infrastructure Fund through its Trustee i.e. LICHFL Trustee Company Private Limited.
www.bhoomiserenity.com
98 33 99 3000


TRIO spice
TRIO FOODS & HOSPITALITY
OPENING SOON
BIGGEST PURE VEG ROOFTOP RESTAURANT
IN MUMBAI AT GHATKOPAR (EAST)
89760 72766
7th Floor, Neelyog Square, R.B Mehta Road, Patel Chowk,
Ghatkopar (E), Mumbai - 400 077.


માનનીય ગૃહ અને સહકાર પ્રધાન
શ્રી અમિતભાઈ શાહનું
સ્વાગત કરે છે
AAKRUTI
REALTY
દર્શન ભાનુશાલી
હર્ષિલ શાહ
મિહિર દોડીયા
Associate Concern:
AAKRUTI Group of Companies
SHRIM BHANU CONSTRUCTION PVT. LTD.
Registered Address : 1/1, Narayan Nagar, Near Akshar Dham Building, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.
Correspondence Address : 810, Neelkanth Corporate Park, Kirol Road, Vidyavihar (W), Mumbai - 400 086.
Contact : +91 77000 05047 Email : aakruti.realty@gmail.com

RAJSHREE™ BUILDERS
Building A Future Into Every Home

www.rajshreebuilders.com
sales@rajshreebuilders.com





on the Occasion of the launch of a documentary
"Mumbai Samachar -200 not out"
Asia's oldest newspaper

# We Welcome

Honorable Home Minister

## Shri. Amit Shahji



મિચ્છામિ દુક્કડમ

શુભ ગણેશ ચતુર્થી

COMING SOON
NEW RESIDENTIAL ICON WITH
LARGE DECK AND
UNINTERRUPTED VIEWS
AT, DERASAR LANE, GHATKOPAR EAST

WORKING ON A
LUXURY WORKSPACE
AT GHATKOPAR EAST





9920 402 402

*T & C apply • Artist's Impression

BHARAT DIAMOND BOURSE
DIAMOND CENTRE OF THE WORLD

Heartiest Congratulations
&
Best Wishes For




On Completing


**203 YEARS OF JOURNALISM!**

Bharat Diamond Bourse
Celebrates
Two Centuries of Pride with Glory!
&
Union Ministry of Home Affairs
and Co-operation

**Shri Amit Shahji**

in Mumbai for unveiling of documentry
"Mumbai Samachar - 200 Notout"

Excellence in Journalism meets Excellence in Governance!



GJEPC INDIA
Sponsored by Ministry of Commerce & Industry

# WELCOME



## SHRI AMIT SHAH
### HON'BLE HOME MINISTER
### GOVT. OF INDIA

**The Gem & Jewellery Export Promotion Council (GJEPC) congratulates *Mumbai Samachar* on the completion of 203 years in the field of Journalism. Your unwavering commitment to providing accurate, reliable, and timely news has made a significant contribution to the Indian media landscape. Your dedication to informing and enlightening the public is truly commendable.**

**We wish *Mumbai Samachar* continued success in the years to come.**

**With Best Compliments from**

**VIPUL SHAH**
CHAIRMAN, GJEPC

**KIRIT BHANSALI**
VICE CHAIRMAN, GJEPC

The Gem & Jewellery Export Promotion Council
Sponsored by Ministry of Commerce & Industry

www.gjepc.org | gjepcindia | gjepcindia | gjepcindia



કિરણ જેમ્સ પ્રાયવેટ લિમિટેડ
માનનીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહ
નું સ્વાગત કરે છે.

દૈનિકની સફળતાની
વાર્તાનું વર્ણન કરતી ડોક્યુમેન્ટ્રી
**મુંબઈ સમાચાર - ૨૦૦ નોટઆઉટ**
ના લોન્ચ પર મુંબઈ સમાચાર ટીમને
**હાર્દિક અભિનંદન**

kiran

1st RANK
IN HIGHEST EXPORTER CUT & POLISHED DIAMONDS
15th TIME IGJ AWARD WINNER
from
GJEPC (INDIA)

kirangems.com




માનનીય ગૃહ અને સહકાર પ્રધાન

# શ્રી અમિતભાઈ શાહનું સ્વાગત કરે છે

મુંબઈ સમાચારને હાર્દિક અભિનંદન

અદ્વિતીય, નિષ્પક્ષ અને માહિતીસભર પત્રકારિતાના 203 વર્ષ બદલ

KIRIT BHANSALI

Smital Gems

bhansalikirit@gmail.com

BRIGHT OUTDOOR MEDIA LIMITED
SINCE 1980
INDIA'S 1st BSE SME LISTED OOH COMPANY

# माननीय केंद्रीय गृह मंत्री
# श्री अमित शाह जी
# का हार्दिक-हार्दिक अभिनंदन।






**Dr. Yogesh Lakhani,**
**CMD - Bright Outdoor Media Limited**

**8th september-2024**
**place: Hotel Sahara Star, Vile parle- Time: Evening 5.30 to 9.00**

# ।। मिच्छामी दुक्कड़म ।।



# तपस्वी बहुमान

तप धर्म का पालन वही कर सकता है जिसके पास संयम और धैर्य हो ।
यह आत्मा की शुद्धि और मोक्ष की प्राप्ति का सर्वोत्तम मार्ग है।

## धन्य जिनशासन। धन्य तपस्वी ।।

हमेशा आपके साथ..




**ॲड. मंगल प्रभात लोढा**
कैबिनेट मंत्री, महाराष्ट्र

मिलनेका समय: सुबह ९ बजे. संपर्क : लोढा कॉस्टिएरा, मुकेश चौक, नेपियन सी रोड, मुंबई.

NSE

Soch kar
Samajh kar
Invest kar




क्यूआर कोड स्कैन करें

ट्रेडिंग खाते की आधिकारिक शुरूआत
welcomeemail@nse.co.in
से पुष्टि मिलने के बाद ही होती है

@nseindia

यदि कोई प्रश्न हो तो ignse@nse.co.in पर मेल करें

# કેન્દ્ર પૂરગ્રસ્ત તેલંગણા-આંધ્રને તમામ મદદ કરી રહ્યું છે : ગૃહ મંત્રાલય

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર પૂરગ્રસ્ત આંધ્ર પ્રદેશ અને તેલંગણાને રાહત અને બચાવ કામગીરીમાં સમયસર જરૂરી મદદ કરી રહ્યું છે અને કેન્દ્રની આંતર ખાતાકીય ટુકડી બન્ને રાજ્યોના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે, એવી માહિતી કેન્દ્રના ગૃહમંત્રાલયના અધિકારીએ શુક્રવારે આપી હતી.

પૂરને લીધે થયેલા નુકસાનની આંતર ખાતાકીય ટુકડી તત્કાળ આકારણી કરશે એમ અધિકારીએ ઉમેર્યું હતું.

ગૃહ મંત્રાલયના વધારાના સચિવ સંજીવ કુમાર જિન્દાલે માહિતી આપી હતી કે નેશનલ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સની ૨૬ ટીમ, ભારતીય હવાઈ દળના આઠ હેલિકૉપ્ટર અને ભારતીય નૌકાદળના ત્રણ હેલિકૉપ્ટર અને એક ડોર્નિયર વિમાન બચાવ અને રાહત કામગીરી માટે આંધ્ર પ્રદેશમાં મોકલવામાં આવ્યાં છે. તેલંગણામાં એનડીઆરએફની સાત ટીમ અને ભારતીય હવાઈદળના બે હેલિકૉપ્ટર મોકલવામાં આવ્યાં છે.

જિન્દાલે એક નિવેદનમાં કહ્યું હતું કે કેન્દ્ર સરકાર આંધ્ર પ્રદેશ અને તેલંગણાની રાજ્ય સરકારોને રાહત અને બચાવ કામગીરીમાં બધી સમયસર જરૂરી મદદ કરી રહી છે. પહેલી સપ્ટેમ્બરની રાત્રે પૂરે અનેક વિસ્તારને ભરડામાં લીધા ત્યારથી ગૃહપ્રધાનના આદેશ મુજબ એનડીઆરએફની ટીમ અને આઈએએફના હેલિકૉપ્ટર બન્ને રાજ્યોમાં મોકલવામાં આવ્યા. ગૃહપ્રધાનના આદેશથી નિષ્ણાતોની એક ટીમ વિજયવાડા (આંધ્ર પ્રદેશ)મોકલવામાં આવી જે પૂર મેનેજમેન્ટ, જળાશયોનું મેનેજમેન્ટ અને બંધની સલામતીની આકારણી કરી રહી છે અને પૂરમાં રાહત આપવા માટે તત્કાળ ભલામણો કરે છે. એનડીઆરએફએ આંધ્ર પ્રદેશમાં ૩૫૦ લોકોને બચાવ્યા છે અને ૧૫,૦૦૦ લોકોને બીજે ખસેડ્યા છે, જ્યારે તેલંગણામાં ૬૮ લોકોને બચાવ્યા છે અને ૩,૨૦૦નું સ્થળાંતર કર્યું છે. (એજન્સી)

# રાજસ્થાન સરકારમાં ૧૦૦થી વધુ આઇએએસ અધિકારીઓની સાગમટે બદલી

જયપુરઃ રાજસ્થાન સરકારે એક મોટા વહીવટી ફેરબદલમાં જયપુર અને બાંસવાડાના વિભાગીય કમિશનરો સહિત ૧૦૦થી વધુ આઇએએસ અધિકારીઓની બદલી કરી છે.

ગુરુવારે મોડી રાત્રે કર્મચારી વિભાગના આદેશ અનુસાર ૯૬ ભારતીય વહીવટી સેવા (આઇએએસ) અધિકારીઓની બદલી કરવામાં આવી હતી, જ્યારે ઓર્ડરની રાહ જોઇ રહેલા ૧૦ અધિકારીઓને નવી પોસ્ટિંગ મળી છે. જો કે અધિક મુખ્ય સચિવ (નાણાં) અખિલ અરોરા અને મુખ્ય સચિવ (ગૃહ) આનંદ કુમારે તેમના હોદ્દા જાળવી રાખ્યા છે. અરોરા અગાઉની કૉંગ્રેસ સરકાર દરમિયાન નાણાં વિભાગમાં અધિક મુખ્ય સચિવ પણ હતા. કુમાર ૨૦૨૨થી ગૃહ વિભાગમાં છે. ફેરબદલમાં જેઓની બદલી કરવામાં આવી છે તેમાં જયપુર અને બાંસવાડાના ડિવિઝનલ કમિશનરો તેમજ જયપુર સહિત ૧૩ જિલ્લાના કલેક્ટરનો સમાવેશ થાય છે. અધિક મુખ્ય સચિવ(સ્વાસ્થ્ય) તરીકે નિયુક્ત શુભ્રા સિંહ રોડવેઝના ચેરમેનનો પદભાર સંભાળશે. તેમની બદલીની ચર્ચા ઘણા સમયથી ચાલી રહી હતી.

ગાયત્રી એ રાઠોડને પ્રવાસન વિભાગમાંથી હટાવીને આરોગ્ય વિભાગમાં મુખ્ય સચિવ બનાવવામાં આવ્યા છે. ભાસ્કર સાવંતને પબ્લિક હેલ્થ એન્જિનિયરિંગ વિભાગના મુખ્ય સચિવ બનાવવામાં આવ્યા છે. સમિત શર્માને પશુપાલન વિભાગમાં મોકલવામાં આવ્યા છે. પરિવહન વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રેયા ગુહાને ગ્રામીણ વિકાસ વિભાગમાં મોકલવામાં આવ્યા છે. કૃષિ વિભાગમાં મુખ્ય સચિવ રહી ચૂકેલા વૈભવ ગલરિયા શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગમાં મુખ્ય સચિવ તરીકેનો હોદ્દો સંભાળશે. તેઓ ટી રવિકાંતનું સ્થાન લેશે, જેમને ખાણ અને પેટ્રોલિયમ વિભાગમાં મુખ્ય સચિવ બનાવવામાં આવ્યા છે.

બાંસવાડાના ડિવિઝનલ કમિશનર નીરજ કે પવનને રમતગમત વિભાગમાં વહીવટી સચિવ બનાવવામાં આવ્યા છે. રશ્મિ ગુપ્તા આરુષિ અજય મલિકના સ્થાને જયપુર ડિવિઝનલ કમિશનરનું પદ સંભાળશે. જયપુરના નવા કલેક્ટર જીતેન્દ્ર સોનીને ડુડુ અને જયપુર ગ્રામીણ કલેક્ટરનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે.

# જમ્મુ -કાશ્મીરમાં ડ્રગ્સનું દૂષણ ખતરનાક સ્તરે પણ રાજકીય પક્ષોના આંખમીંચામણાં

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરમાં માદકદ્રવ્યોનું દૂષણ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. છેલ્લાં ચાર વર્ષોમાં ૬,૫૬૪ કેસ નોંધવામાં આવ્યા છે અને માદક દ્રવ્યોના અપરાધો સંબંધમાં ૯,૪૦૦થી વધારે લોકોની ધરપકડ કરવામાં આવી છે.

જોકે રાજકીય પક્ષોએ આ સામે શાહમૃગની યાદ અપાવે એવા આંખમીંચામણાં કર્યા છે. કૉંગ્રેસ, નેશનલ કોન્ફરન્સ, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) અને ભારતીય જનતા પાર્ટી (ભાજપા) સહિત કોઈ પણ પ્રમુખ રાજકીય પક્ષોએ વિધાનસભાની ચૂંટણી દરમિયાન માદકદ્રવ્યોના દૂષણને ખતમ કરવાને મુખ્ય એજન્ડા બનાવ્યો નથી. રાજકીય નિવેદનબાજી જમ્મુ-કાશ્મીર માટે ખાસ દરજ્જો અને રાજ્યનો દરજ્જો ફરી આપવાની આસપાસ ફરી રહી છે. કાયદાનું પાલન કરાવતી એજન્સીઓએ બહાર પાડેલા આંકડાઓ પ્રમાણે ડ્રગ્સને સંબંધિત કેસમાં ઉછાળો આવ્યો છે.

૨૦૨૧માં ૧,૬૮૧ કેસ નોંધવામાં આવ્યા હતા અને એમાં ૨,૫૦૦ની ધરપકડ કરવામાં આવી. ૨૦૨૨માં ૧,૬૯૩ કેસ નોંધાયા અને ૨,૪૦૦ની ધરપકડ કરવામાં આવી. ૨૦૨૩-૨૪માં આ સંખ્યા વધીને ૩,૧૯૦ થઈ હતી અને ૪,૫૦૦ જણની ધરપકડ થઈ હતી.

સત્તાવાર રેકોર્ડ પ્રમાણે છેલ્લાં થોડા વર્ષોમાં હેરોઈનની જપ્તી પણ વધી છે. ૨૦૨૦માં ૧૨૮ કિલો હેરોઈન જપ્ત કરાયું. ૨૦૨૧માં ૧૯૮ કિલો હેરોઈન પકડાયું, ૨૦૨૨માં ૨૧૨ કિલો અને ૨૦૨૩માં ૨૦૦ કિલો હેરોઈન જપ્ત થયું. છેલ્લાં ચાર વર્ષોમાં પકડવામાં આવેલા હેરોઈનની કિંમત ૩૦,૦૦૦ કરોડ રૂપિયા હતી.

કેફીદ્રવ્યનું સેવન વધતું જતું હોવા છતાં રાજકીય પક્ષોએ આ મુદ્દાની ઉપેક્ષા કરી છે. લોકો એવો સવાલ કરી રહ્યા છે કે ડ્રગ્સની સમસ્યાને રાજકીય પક્ષો કેમ પ્રાથમિકતા આપતી નથી.

પીડીપીના ભૂતપૂર્વ વિધાનસભ્ય ખુરશીદ આલમ કહે છે કે ડ્રગ્સનું વધતું સેવન એ અમારી પ્રાથમિકતા છે. એમ ન વિચારો કે અમે એની ઉપેક્ષા કરી છે. જોકે ચૂંટણી એક દાયકાથી વધારે સમય પછી થઈ રહી છે તથા જમ્મુ અને કાશ્મીર પાસેથી તેનો રાજ્યનો દરજ્જો અને ખાસ દરજ્જો છીનવી લેવામાં આવ્યો છે. અમારે લોકોને આ બાબતની જાણ કરવી પડે છે, પરંતુ એ સાથે અમારા યુવાનો અમારું ભવિષ્ય છે અને ડ્રગ્સના દૂષણને ખતમ કરવી એ અમારી પ્રાથમિકતા છે.

કૉંગ્રેસના એક નેતાએ આ ચિંતાને દોહરાવી કહ્યું કે મહામારીનું રૂપ લેનાર ડ્રગ્સના મૂળ કારણો માટે તત્કાળ ઉપાય કરાશે. આ મુદ્દે નેશનલ કોન્ફરન્સ અને બીજા પક્ષોએ ટિપ્પણી કરી નથી.

# "શિક્ષણ સન્માન સમારંભ"




મુંબઈઃ શૈક્ષણિક ક્ષેત્રમાં બેમિસાલ 53 સાલ પૂર્ણ કરનાર પ્રહલાદરાય ડાલમિયા લાયન્સ મહાવિદ્યાલય માલાડના ટ્રસ્ટી અને કર્ણધાર પરિષદના મહામંત્રી લાયન કન્હૈયાલાલ ઘ. સરાફના માર્ગદર્શનમાં આયોજિત "શિક્ષણ સન્માન સમારંભ" માં 108 પ્રાધ્યાપકો અને અધ્યાપકોને એમના વ્યક્તિગત ફોટા સાથેનું સ્મૃતિચિહ્ન, પુષ્પકલિકા અને ફૂડ પેકેટ આપી બહુમાન કરવામાં આવ્યું. શ્રી સરાફે એમના પ્રાસંગિક સંબોધનમાં "શિક્ષક દિવસ" ની મહત્તાઅને સમાજના ઘડતરમાં શિક્ષકોની ભૂમિકા ઉપર ભાર મૂકયો હતો.

કૉલેજ પ્રબંધનના લાયન શ્યામસુંદર રૂઈઆ, લાયન ડૉ. શરદ રૂઈઆ, લાયન કમલ રૂઈઆ, લાયન અશોક બૈરાગરા, લાયન વિકાસ ક. સરાફ, લાયન અતીત રૂઈઆ, લાયન અમિત અગ્રવાલ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

પ્રાચાર્ય પ્રો. ડૉ. ડી. એન. ગંજેવાર, ઉપપ્રાચાર્ય ડૉ. માધવી નિઘોસકર વ પ્રા. સુભાષિની નાયકર, જુનિયર કોલેજ પ્રભારી શ્રી. અનિલ બાગડે વ શ્રીમતી કિરણ મિશ્રા અને કાર્યક્રમ સમન્વયક ડૉ. જયપ્રકાશ યાદવનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન છાત્ર અબ્દુલ્લા લકડાવાલા અને નિધિ ભંડારીએ કર્યું હતું.

# મુંબઈ-ફ્રેન્કફર્ટ ફ્લાઈટનું બૉમ્બની ધમકીને પગલે તુર્કીમાં ઉતરાણ

મુંબઈઃ અહીંથી ફ્રેન્કફર્ટ જવા શુક્રવારે રવાના થયેલી વિસ્તારા બોઇંગ ૭૮૭ ફ્લાઇટ (યુકે ૨૭)માં બૉમ્બની ધમકીને પગલે તેનું તુર્કીમાં અર્જુરમ વિમાનમથકે તાકીદનું ઊતરાણ કરાવાયું હતું.

વિમાનના ટોઇલેટમાંના ટિસ્યૂ પેપરમાં હાથથી લખાયેલા સંદેશામાં જણાવાયું હતું કે 'વિમાનમાં બૉમ્બ છે.'

ફ્લાઇટે તુર્કીમાં સલામત રીતે ઊતરાણ કર્યું, તે પછી વિમાનની તપાસ કરાઇ હતી, પરંતુ કોઇ જોખમી વસ્તુ નહોતી મળી.

ટોઇલેટમાંથી મળેલા ટિસ્યૂ પેપર પર લખેલા સંદેશાનું લખાણ કોણે લખ્યું હતું, તેની તપાસ કરાઇ રહી છે.

વિમાનના બધા મુસાફર અને કર્મચારીઓ સલામત હોવાનું કહેવાય છે. આ ઘટનાના સંબંધમાં વધુ તપાસ ચાલી રહી છે.

# જો વિનેશ 'દેશ કી બેટી'માંથી 'કૉંગી કી બેટી' બનવા માગતી હોય તો અમને શું વાંધો હોઈ શકેઃ અનિલ વિજ

બિડ દસ્તાવેજ પોસ્ટ દ્વારા વેચવામાં કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
ચીફ એન્જિનિયર
(વોટર સપ્લાય પ્રોજેક્ટ)

PRO/1209/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**મધ્ય રેલવે**

ઈ-ઓક્શન નોટિસ

મુંબઈ ડિવિઝન, મધ્ય રેલવેએ નિમ્નલિખિત મિલકતોને લીઝ માટેના ઈ-ઓક્શન માટે www.ireps.gov.in પર ઈ-ઓક્શન પદ્ધતિએ મગાવવામાં આવે છે. રસ ધરાવતા બિડરોએ ઈ-ઓક્શન લીઝીંગ મોડ્યુલમાં નોંધણી કરાવવી આવશ્યક છે. ઈ-ઓક્શન પહેલાં બધા આવશ્યક દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. વધુ વિગતો માટે રસ ધરાવતા બિડરોને www.ireps.gov.in વેબસાઈટ પર નિમ્નલિખિત ઈ-ઓક્શનની વિગતો જાણી લેવા જણાવવામાં આવે છે.

| અનુ. ક્ર. | શ્રેણી | પેટા શ્રેણી | લિલામ શરૂ થશે |
|---|---|---|---|
| ૧ | જાહેરાત | સ્ટેશન પરિસર (ડિજિટલ) | 10/09/2024, 24/09/2024 |
| | | સ્ટેશન પરિસર (નોન-ડિજિટલ) | 13/09/2024 |
| | | ઓઓએચ | 20/09/2024 |
| | | મોબાઈલ એસેટ (ઈન્ટિરિયર અને એક્સટિરિયર) બંને | 12/09/2024, 23/09/2024 |
| ૨ | પાર્કિંગ | મિશ્ર | 10/09/2024, |
| ૩ | પાર્સલ | એસએલઆર અને એસએલઆરએલએચબી ૦૧એસએલઆર૦૧વીપી | 09/09/2024, 10/09/2024, 19/09/2024, 23/09/2024, |
| ૪ | પે એન્ડ યુઝ | પે એન્ડ યુઝ | 10/09/2024, 11/09/2024, 14/09/2024, 20/09/2024, |
| ૫ | અન્ય એનએફઆર | બીબી-સી-પીઆરકિઓક્સ૩ | 13/09/2024 |
| ૬ | અન્ય એનએફઆર | રોહા અને કલ્યાણ ખાતે વેઈટિંગ રૂમ | 12/09/2024 |
| ૭ | અન્ય એનએફઆર | પાર્સલ સ્કેનર | 11/09/2024 |

વધુ ઉમેરા / સુધારા, લોટ/કેટલોગ પાછું ખેંચવું, તારીખમાં ફેરફાર, મુદત વધારો, સ્પષ્ટતા વગેરે જો કોઈ હોય તો લિલામ સંબંધી તો તે ફક્ત વેબસાઈટ પર અપલોડ કરવાની રહેશે. બિડરે નિયમિત રીતે વેબસાઈટની મુલાકાત લઈને જાણકારી રાખવી. AK-395

ટિકિટ માટે યુટીએસ એપ ડાઉનલોડ કરો

**SHRI VILE PARLE KELAVANI MANDAL**
SVKM's NMIMS New Building, 10th Floor (West Wing), V.L. Mehta Road, Vile Parle (West), Mumbai - 400 056

NOTICE

To,
The Members of
SHRI VILE PARLE KELAVANI MANDAL
*Shri/Smt.*

Notice is hereby given that the Annual General Meeting of **SHRI VILE PARLE KELAVANI MANDAL** will be held on **Monday, 30th September, 2024 at 10.30 a.m.** at Mukesh R. Patel Auditorium, SVKM's NMIMS Building, V.L. Mehta Road, Vile Parle (West), Mumbai – 400 056 and at NMIMS Campus Auditorium Shirpur (online), to transact the following business:

1. To confirm the minutes of the Annual General Meeting held on Tuesday- 9th May, 2023.
2. To receive and adopt the Annual Report and Audited Statement of Accounts of the Mandal for the year ended 31st March, 2024.
3. To appoint Auditors for the year 2024-2025 and fix their remuneration.
4. To approve the Registration of Memorandum of Association of SVKM's NMIMS Deemed to be University as required by University Grants Commission (Institutions Deemed to be Universities) Regulations 2023, with Registrar of Societies.
5. To approve the compliance in respect of SVKM NMIMS Global University as required under the Maharashtra Private Universities (Establishment and Regulation) Act, 2023
6. To dispose of such matters as may be referred to it by the Managing Committee.
7. To transact any other business of a general interest as may be allowed by the Chairman of the Meeting.

You are requested to be present.

Yours Faithfully,
For & On behalf of
SHRI VILE PARLE KELAVANI MANDAL

Place: Mumbai
Dated: 7th September, 2024

Dr. Jayant P. Gandhi
Hon. Secretary

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

સ્યૂઅરેજ ઓપરેશન વિભાગ

કા.અ.યા. (મ.) શહેર/૨/૧૭૦૬/લવ્હગ્રોવ્હ સંકુલ

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે દર્શાવેલ કામો માટે ઈ-ટેન્ડરો મંગાવે છે:

| ક્ર. નં. | કામનું વર્ણન | રૂ.માં બારડી | ટેન્ડર સંદર્ભ નંબર | પાકતી તારીખ |
|---|---|---|---|---|
| ૧ | રોબર્ટ રોડ પમ્પિંગ સ્ટેશન ખાતે ફાઉન્ડેશન બેઝ પ્લેટ સાથે KBL મેક મેઈન પંપ નં.-૪ની બેક પુલ - આઉટ અસેમ્બલીની બદલીકરણ. | રૂા. ૧૧,૦૦૦/- | ૨૦૨૪_MCGM_૧૦૮૦૪૮૫_૧ | ૧૨.૦૯.૨૦૨૪ |
| ૨ | કોલાબા STP ખાતે ઓનલાઈન મોનીટરીંગ સિસ્ટમની N.F. રોડ પમ્પિંગ સ્ટેશન અને વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ (બીન-વ્યાપક) ખાતે MCC પેનલ અને ઓટોમેશન સિસ્ટમમાં રિપેર્સ અને મોડિફિકેશન | રૂા. ૭,૦૦૦/- | ૨૦૨૪_MCGM_૧૦૮૦૫૦૬_૧ | ૧૨.૦૯.૨૦૨૪ |

વધુ વિગતો માટે વેબસાઈટ: https://mahatenders.gov.in/nicgep/app પર લોગ ઓન કરો.

સહી/-
એક્ષિક્યૂટિવ એન્જિનિયર મિકે. (સ્યુ.) શહેર-II i/c

PRO/1187/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# રોનાલ્ડોનો ૯૦૦મો ગોલઃ નવા વર્લ્ડ રેકૉર્ડથી બેહદ ખુશ

## લિયોનેલ મેસી ૮૩૮ ગોલ સાથે બીજા નંબરે અને બ્રાઝિલના પેલે ત્રીજા સ્થાને




બેન્ફિકા (પોર્ટુગલ)ઃ પોર્ટુગલનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો વિશ્વનો એવો પહેલો ફૂટબોલર બન્યો છે જેણે કુલ ૯૦૦ ગોલ કર્યા છે.

રોનાલ્ડોએ આ સિદ્ધિ ગુરુવારે અહીં યુઇફા નૅશન્સ ટુર્નામેન્ટમાં ક્રોએશિયા સામેની મૅચમાં હાંસલ કરી હતી અને એ બદલ પત્રકારો સાથેની વાતચીતમાં બેહદ આનંદ વ્યક્ત કર્યો હતો.

પોર્ટુગલે આ મૅચમાં ક્રોએશિયાને ૨-૧થી હરાવ્યું હતું. પોર્ટુગલ વતી એક ગોલ ડિઓગો ડૅલોટે (સાતમી મિનિટમાં) અને બીજો ગોલ રોનાલ્ડોએ (૩૪મી મિનિટમાં) કર્યો હતો. પોર્ટુગલ આ મેચ ૨-૧ને બદલે ૨-૦થી જીતી શક્યું હોત, પરંતુ મૅચનો પહેલો ગોલ કરનાર ડૅલોટથી ૪૧મી મિનિટમાં ઑન ગોલ થઈ જતાં ક્રોએશિયાને ફોગટનો ગોલ મળી ગયો હતો અને છેવટે પોર્ટુગલને ૨-૧થી જીતવા મળ્યું હતું.

હાલમાં પ્રૉફેશનલ ફૂટબૉલમાં સાઉદી અરેબિયાની અલ નાસર ટીમ વતી રમતા રોનાલ્ડોએ ૯૦૦ ગોલની સિદ્ધિ વિશે પત્રકારોને કહ્યું હતું કે 'હું ૯૦૦ ગોલના મારા જાદુઈ આંકથી બેહદ ખુશ છું. આ એક એવો ધ્યેય હતો જે હું ઘણા સમયથી હાંસલ કરવા ઈચ્છતો હતો. મને ખાતરી હતી કે હજી સારું રમી શકું છું એટલે ગમે ત્યારે આ ઉપલબ્ધિ મેળવીશ જ.'

રોનાલ્ડોએ આનંદ વ્યક્ત કરીને ભાવુક થતાં એવું પણ કહ્યું હતું કે '૯૦૦ ગોલની સિદ્ધિને હું કરીઅરની સૌથી અનોખી ઉપલબ્ધિ ગણું છું. ખુદ હું તેમ જ લોકો પણ જાણે છે કે આવી મોટી અને અસાધારણ સિદ્ધિ મેળવવા માટે શારીરિક તથા માનસિક રીતે ફિટ રહેવું પડે અને એ માટે ઘણી મહેનત કરવી પડે.'

રોનાલ્ડોએ હજી થોડા જ દિવસ પહેલાં પોતાના રિટાયરમેન્ટ વિશેની અફવાને ખોટી ગણાવી હતી. જોકે નિવૃત્તિ વિશેની યોજના બાબતમાં તેણે કોઈ ખુલાસો પણ નહોતો કર્યો.

રોનાલ્ડો ૨૦૦૨ની સાલથી પ્રૉફેશનલ અને આંતરરાષ્ટ્રીય ફૂટબૉલ મૅચો રમે છે. તેના ૯૦૦ ગોલમાં વિશ્વમાં હાઈએસ્ટ ૧૩૧ ઇન્ટરનૅશનલ ગોલ સામેલ છે. લિયોનલ મેસી ૧૦૯ ગોલ સાથે આંતરરાષ્ટ્રીય ખેલાડીઓમાં રોનાલ્ડો પછી બીજા નંબરે છે. ■

### સૌથી વધુ ગોલ કોના?

(૧) ક્રિસ્ટિયાનો રોનાલ્ડો, ૯૦૦ ગોલ
(૨) લિયોનેલ મેસી, ૮૩૮ ગોલ,
(૩) પેલે, ૭૬૨ ગોલ
(૪) રોમારિયો, ૭૫૫ ગોલ
(૫) ફરેન્ક પુસ્કેસ, ૭૨૪ ગોલ

# સૅન મૅરિનો દેશની ફૂટબૉલ ટીમ ૨૦ વર્ષમાં પહેલી વાર જીતી!

## ૨૦૦૪થી ૨૦૨૪ દરમ્યાન ૧૪૦ મૅચમાંથી એકેય મૅચમાં વિજય નહીં



સૅન મૅરિનોઃ યુરોપ ખંડમાં ઇટલીની લગોલગ આવેલા સૅન મૅરિનો દેશની નૅશનલ ફૂટબૉલ ટીમે ગુરુવારે અનોખો ઇતિહાસ રચ્યો હતો. ફિફા રૅન્કિંગમાં છેક ૨૧૦નો નંબર ધરાવતી આ ટીમે છેલ્લાં ૨૦ વર્ષ દરમ્યાન ૧૪૦ મૅચમાં એક પણ મૅચ નહોતી જીતી શકી, પણ હવે આ ટીમ એ સૌથી ખરાબ સમયકાળમાંથી બહાર આવી ગઈ છે અને પહેલી વાર સ્પર્ધાત્મક મૅચમાં વિજય હાંસલ કર્યો છે.

એપ્રિલ, ૨૦૦૪થી ૨૦૨૪ સુધીમાં ૧૪૦માંથી મોટા ભાગની મૅચમાં પરાજિત થનાર અને બાકીની મૅચને ડ્રૉમાં જતી જોનાર સૅન મૅરિનોની ટીમે ગુરુવારે યુઇફા નૅશન્સ લીગ નામની ટૂર્નામેન્ટમાં લિક્ટેન્સ્ટેઇન દેશની ટીમને ૧-૦થી હરાવી દીધી હતી.

આ જીત સૅન મૅરિનોના ખેલાડીઓ તેમ જ તેમના અસંખ્ય ચાહકો માટે મોટા ઉત્સવ જેવી છે. તેમણે આ વિજયને ખૂબ સેલિબ્રેટ કર્યો હતો.

સૅન મૅરિનો વિશ્વનો પાંચમા નંબરનો સૌથી નાનો દેશ છે. ટાપુ જેવા આ દેશમાં ૩૩,૦૦૦ લોકો વસે છે. ગુરુવારે એની ફૂટબૉલ ટીમના નિકો સેન્સૉલીએ ૫૩મી મિનિટમાં લિક્ટેન્સ્ટેઇનના નબળા ડિફેન્સને પારખી લઈને ગોલ કરી દીધો હતો.

સૅન મૅરિનોની ટીમ આ પહેલાં ૨૦૦૪માં આંતરરાષ્ટ્રીય મૅચ જીતી હતી. એ વિજય પણ લિક્ટેન્સ્ટેઇનની ટીમ સામે મેળવ્યો હતો.

ત્યાર બાદ સૅન મૅરિનોની ટીમને ક્યારેય જીતવા નહોતું મળ્યું અને ગુરુવારે એ જ હરીફ ટીમ સામે સૅન મૅરિનોએ ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. ૨૦૦૪માં સૅન મૅરિનોની જે ટીમ લિક્ટેન્સ્ટેઇન સામે જીતી હતી ત્યારે વર્તમાન ટીમના કેટલાક ખેલાડીઓ બાળ અવસ્થામાં હતા.

સૅન મૅરિનોની ટીમ અત્યાર સુધીમાં કુલ ૨૦૬ ફૂટબૉલ મૅચ રમી છે જેમાં ૧૨ મૅચ ડ્રૉમાં લઈ જવામાં સફળ થઈ છે.

આ ટીમ વતી માત્ર ૩૪ ગોલ થયા છે, જ્યારે આ ટીમની વિરુદ્ધ કુલ ૮૨૪ ગોલ થયા છે અને એ રીતે ફૂટબૉલ રમતા ૨૦૦થી વધુ દેશોમાં આ દેશનો દેખાવ સૌથી ખરાબ પર્ફોર્મન્સીઝમાં ગણાય છે. ■

# શારાપોવા પ્રેક્ષક બનીને મંગેતર સાથે આવી યુએસ ઓપન જોવા

## એક સમયની બ્યૂટી ક્વીન અને બ્રિટિશ પાર્ટનર ઍલેક્ઝાંડરને એક પુત્ર છે

ન્યૂ યૉર્કઃ અહીં ૨૦૦૬માં યુએસ ઓપનનું ટાઇટલ જીતનાર ભૂતપૂર્વ ચૅમ્પિયન રશિયાની મારિયા શારાપોવા ગુરુવારે પ્રેક્ષક બનીને આર્થર ઍશ સ્ટેડિયમમાં આવી હતી અને મૅચ માણી હતી. તે બ્રિટિશ મંગેતર ઍલેક્ઝાંડર ગિલ્કેસ સાથે અરીના સબાલેન્કા અને એમ્મા નૅવારો વચ્ચેની સેમિ ફાઇનલ જોવા આવી હતી.

આ મૅચમાં બેલારુસની સબાલેન્કાએ અમેરિકાની નૅવારોને ૬-૩, ૭-૨થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.



રશિયાની મારિયા શારાપોવા અને બ્રિટનના ઍલેક્ઝાંડરને બે વર્ષનો દીકરો છે.

શારાપોવા ૩૭ વર્ષની છે. તેનો ફિયૉન્સ ઍલેક્ઝાંડર ૪૫ વર્ષનો છે. ઍલેક્ઝાંડર ત્વચા-નિષ્ણાત છે અને હરાજીને લગતી કેટલીક જાણીતી વેબસાઇટનો સ્થાપક છે. શારાપોવા અને ઍલેક્ઝાંડર છ વર્ષથી રિલેશનશિપમાં છે. ડિસેમ્બર, ૨૦૨૦માં તેમણે સગાઈ કરી હતી. ૨૦૨૨ના જુલાઈમાં શારાપોવાએ પુત્રને જન્મ આપ્યો હતો.

શારાપોવાએ ૨૦૦૬માં યુએસ ઓપનની સેમિ ફાઇનલમાં એ સમયની ટૉપ-સીડેડ ઍમેલી મૉરેસ્મોને અને પછી ફાઇનલમાં જસ્ટિન હેનિનને હરાવી હતી.

શારાપોવા 'ચૅમ્પિયન્સ ઑફ ઇક્વાલિટી' નામના સામાજિક સંગઠન સાથે જોડાયેલી છે. આ સંગઠન સ્ત્રીઓને ખેલકૂદ તેમ જ મનોરંજનના ક્ષેત્રે સમાનતા અપાવવાની લડતમાં આગેવાની લે છે.

શારાપોવા-ઍલેક્ઝાંડરની સાથે અમેરિકી ટીવી પ્રૉડ્યુસર અને સ્ક્રીનરાઇટર શૉન્ડા રાઇમ્સ તેમ જ ટેનિસ-લેજન્ડ બિલી જીન કિંગ પણ હાજર હતાં. ■

# ૧૯ વર્ષના મુશીર ખાને સચિન તેન્ડુલકરનો ૩૩ વર્ષ જૂનો રેકૉર્ડ-સ્કોર ઓળંગી લીધો



બેન્ગલૂરુઃ દુલીપ ટ્રોફીની ચાર દિવસીય મૅચમાં ઇન્ડિયા-બી ટીમનો મુશીર ખાન ગુરુવારના પ્રથમ દિવસે સદી ફટકાર્યા પછી શુક્રવારના બીજા દિવસે પણ છવાઈ ગયો હતો. સૌથી મોટું કારણ એ હતું કે તેણે ક્રિકેટિંગ-ગૉડ સચિન તેન્ડુલકરનો ૩૩ વર્ષ જૂનો ઐતિહાસિક સ્કોર પાર કર્યો હતો. ઇન્ડિયા-એ સામે ઇન્ડિયા-બી ટીમે ૩૨૧ રન બનાવ્યા એમાં ૧૮૧ રન ૧૯ વર્ષીય મુશીર ખાનના હતા જે તેણે ૩૭૩ બૉલમાં પાંચ સિક્સર અને સોળ ફોરની મદદથી બનાવ્યા હતા.

તાજેતરમાં જ ભારત વતી ડેબ્યૂ કરનાર સરફરાઝ ખાનનો નાનો ભાઈ મુશીર ખાન દુલીપ ટ્રોફીમાં ડબલ સેન્ચુરીની સિદ્ધિ મેળવવાની તૈયારીમાં જ હતો ત્યાં કુલદીપ યાદવે તેને રિયાન પરાગના હાથમાં કૅચઆઉટ કરાવી દીધો હતો. મુશીર ભલે ડબલ સેન્ચુરી ન ફટકારી શક્યો, પરંતુ તેણે સચિનના લગભગ સાડાત્રણ દાયકા પહેલાંના રેકૉર્ડને ઓળંગી લીધો હતો. દુલીપ ટ્રોફીમાં ડેબ્યૂ મૅચમાં સૌથી વધુ રન બનાવવાનો રેકૉર્ડ અગાઉ સચિનના નામે હતો. તેણે ૧૯૯૧ના જાન્યુઆરી મહિનાની એ મૅચમાં ૧૫૯ રન બનાવ્યા હતા. દુલીપ ટ્રોફીની ડેબ્યૂ મૅચમાં સૌથી વધુ રન બનાવનારાઓમાં હાલમાં ટીનેજર બાબા અપરાજિતના નામે છે. બાબાએ ૨૧૨ રન બનાવ્યા હતા. તેના પછી બીજા નંબરે યશ ધુલ છે. તેણે ૧૯૩ રન બનાવ્યા હતા. ત્રીજા નંબરે હવે મુશીર છે અને સચિન ચોથા નંબરે છે.

મુશીર અને નવદીપ સૈની વચ્ચે આઠમી વિકેટ માટે ૨૦૫ રનની ભાગીદારી થઈ હતી અને એ સાથે મુશીરની વિકેટ પડી હતી. સૈનીએ ૧૪૪ બૉલમાં એક સિક્સર અને આઠ ફોર સાથે ૫૬ રન બનાવીને ઇન્ડિયા-બીને સવાત્રણસો આસપાસનો સ્કોર અપાવવામાં મોટું યોગદાન આપ્યું હતું. ઇન્ડિયા-એ વતી આકાશ દીપે ચાર વિકેટ તેમ જ આવેશ ખાન અને ખલીલ અહમદે બે-બે વિકેટ લીધી હતી. ■

# દુલીપ ટ્રોફીમાં માનવ સુથારના સપાટા પછી અક્ષર ફરી અસરદાર રમશે?

## ઈન્ડિયા-એ ટીમના રિયાન પરાગ અને કેએલ રાહુલની આજે કસોટી

અનંતપુર/બેન્ગલૂરુઃ દુલીપ ટ્રોફીમાં ચાર દિવસના પ્રથમ મુકાબલામાં અનંતપુરમાં ઇન્ડિયા-સી અને ઇન્ડિયા-ડી વચ્ચે જોરદાર મુકાબલો જામ્યો છે. આ મુકાબલામાં ખાસ કરીને બે લેફ્ટ-આર્મ સ્પિનર ગુજરાતના અક્ષર પટેલ અને રાજસ્થાનના માનવ સુથાર વચ્ચે ચડિયાતા પુરવાર થવા માટેની હરીફાઈ જામી છે. ઋતુરાજ ગાયકવાડના સુકાનમાં ઇન્ડિયા-સીએ બાબા ઇન્દ્રજિતના ૭૨ રનની મદદથી ૧૬૮ રન બનાવ્યા હતા અને ફક્ત ચાર રનની સરસાઈ મેળવી હતી. ઇન્ડિયા-ડીના હર્ષિત રાણાએ ચાર વિકેટ ઉપરાંત અક્ષર પટેલ અને સારાંશ જૈને બે-બે વિકેટ લીધી હતી. ઇન્ડિયા-ડીએ પ્રથમ દાવના ૧૬૪ રન બાદ શુક્રવારે બીજા દિવસની રમતના અંત સુધીમાં બીજા દાવમાં આઠ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા જેમાં કૅપ્ટન શ્રેયસ ઐયરના ૫૪, દેવદત્ત પડિક્કલના ૫૬ રન અને રિકી ભૂઈના ૪૪ રનનો સમાવેશ હતો. પહેલા દાવમાં ૮૬ રન બનાવનાર અક્ષર ૧૧ રને રમી રહ્યો હતો. ટીમ-સીના માનવ સુથારે માત્ર ૩૦ રનમાં પાંચ વિકેટ લીધી હતી.

હવે અક્ષર પટેલ શનિવારે બીજા દાવમાં વધુ કેટલા રન બનાવશે એના પર આધાર છે. બીજી બાજુ, ઇન્ડિયા-સીને ટાર્ગેટ અપાયા બાદ ટીમ-ડીનો અક્ષર પટેલ બોલિંગમાં તેમને ફરી કેટલો ભારે પડે છે એના પર સૌની નજર રહેશે. જોકે અક્ષરની સાથે હર્ષિત રાણા અને અર્શદીપ સિંહ વગેરે બોલર્સ પણ ઇન્ડિયા-સીને વિજયથી વંચિત રાખી શકશે.

બેન્ગલૂરુમાં ઇન્ડિયા-બીએ મુશીર ખાનના ૧૮૧ રન તથા નવદીપ સૈનીના ૫૬ રનની મદદથી ૩૨૧ રન બનાવ્યા બાદ બીજા દિવસની રમતના અંત સુધીમાં ઇન્ડિયા-એ ટીમ બે વિકેટે ૧૩૪ રન બનાવ્યા હતા. રિયાન પરાગ ૨૭ રને અને કેએલ રાહુલ ૨૩ રને રમી રહ્યા હતા. આજે તેઓ વધુ કેટલા રન બનાવશે એના પરથી મૅચનું ભાવિ નક્કી થઈ શકે. ■

# ન્યૂ ઝીલૅન્ડ-અફઘાનિસ્તાન વચ્ચે પહેલી વાર રમાશે ટેસ્ટ મૅચ અને એ પણ ભારતમાં!





ન્યૂ ઝીલૅન્ડના ક્રિકેટર્સ (ડાબે) ભારત આવ્યા છે. કિવીઓની ટીમમાં શ્રીલંકાના ભૂતપૂર્વ સ્પિનર રંગાના હેરાથનો તેમ જ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર વિક્રમ રાઠોર (જમણે)નો સમાવેશ છે. હેરાથ ન્યૂ ઝીલૅન્ડની ટીમનો સ્પિન-બોલિંગ કોચ છે. તે પાકિસ્તાનના સક્લેન મુશ્તાકનું સ્થાન લેશે. વિક્રમ રાઠોર કિવીઓની ટીમનો બૅટિંગ-કોચ બન્યો છે.

નવી દિલ્હીઃ સોમવારે ભારતના ગ્રેટર નોઇડામાં ન્યૂ ઝીલૅન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચે એકમાત્ર ટેસ્ટની શ્રેણી શરૂ થશે. નવાઈની વાત એ છે બન્ને દેશ પહેલી જ વખત ટેસ્ટ-ક્રિકેટમાં સામસામે આવી રહ્યા છે. આ મૅચ સવારે ૧૦.૦૦ વાગ્યે શરૂ થશે.

અફઘાનિસ્તાનને ૨૦૧૮માં ટેસ્ટ-ક્રિકેટનો દરજ્જો મળ્યો હતો અને અત્યાર સુધીમાં એની કુલ નવ ટેસ્ટ મૅચ રમાઈ છે. અફઘાનિસ્તાનની ટેસ્ટ ટીમ ભારત, બાંગ્લાદેશ, આયરલૅન્ડ, શ્રીલંકા, વેસ્ટ ઇન્ડિઝ અને ઝિમ્બાબ્વે સામે રમાઈ છે, પરંતુ ન્યૂ ઝીલૅન્ડ સામે અફઘાન ક્રિકેટર્સ પહેલી જ વખત ટેસ્ટ રમશે.

હશમતુલ્લા શાહિદી અફઘાનિસ્તાનનો કૅપ્ટન છે અને ટીમમાં ત્રણ નવોદિતનો સમાવેશ છે. ઓપનર રિયાઝ હાસન, ઑલરાઉન્ડર શમસુરાહમ અને પેસ બોલર ખલીલ અહમદ પહેલી જ વખત ટેસ્ટ રમશે.

અફઘાનની ટીમમાં ઇબ્રાહિમ ઝદ્રાન, રેહમત શાહ, અફસર ઝઝાઈ (વિકેટકીપર), અઝમતુલ્લા ઓમરઝાઈ, ઝિયા-ઉર-રહમાન વગેરેનો પણ સમાવેશ છે.

ટિમ સાઉધીના સુકાનમાં રમનારી કિવીઓની ટીમમાં કેન વિલિયમસન, ડેવૉન કૉન્વે (વિકેટકીપર), ટૉમ લૅથમ (વિકેટકીપર), વિલ યંગ, ડેરિલ મિચલ, ગ્લેન ફિલિપ્સ, રાચિન રવીન્દ્ર, મિચલ સૅન્ટનર, એજાઝ પટેલ, મૅટ હેન્રી વગેરે સામેલ છે. ■

# પંતનો 'ફ્લાઇંગ કૅચ' થયો વાઈરલઃ જોકે ફૅન્સ તેની બૅટિંગથી ખુશ નથી

## દુલીપ ટ્રોફીની પહેલી જ મૅચમાં ફક્ત સાત રન બનાવ્યા



શુક્રવારે બેન્ગલૂરુમાં ફીલ્ડિંગ દરમ્યાન રિષભ પંત. તેણે શુક્રવારે ઈન્ડિયા-એના મયંક અગરવાલના ડાઈવિંગ કૅચ ઉપરાંત પણ ઘણી સારી ફીલ્ડિંગ કરી હતી. (પીટીઆઇ)

બેન્ગલૂરુઃ ટીમ ઇન્ડિયાનો વિકેટકીપર-બૅટર રિષભ પંત કાર-અકસ્માત બાદ બે વર્ષ પછી પહેલી વાર રેડ-બૉલ ક્રિકેટ રમી રહ્યો છે. જોકે જૂનના ટી-૨૦ વર્લ્ડ કપ ઉપરાંત બીજી કેટલીક મર્યાદિત ઓવર્સની મૅચો રમી ચૂકેલા પંતની ફિટનેસ અને વિકેટકીપિંગ વિશે ટીકા થતી રહી છે અને તેની તુલના બીજા કેટલાક વિકેટકીપર્સ સાથે કરવામાં આવી છે, પરંતુ સામાન્ય રીતે ખેલાડીઓ પર્ફોર્મન્સથી ટીકાકારોને જવાબ આપી દેવા માટેની તકની રાહ જોતા હોય છે. રિષભ પંત સાથે શુક્રવારે આવું જ થયું. તેણે અહીં ચાર દિવસની મૅચોવાળી દુલીપ ટ્રોફીમાં કમાલનો ડાઇવિંગ કૅચ પકડીને ટીકાકારોની જાણે બોલતી બંધ કરી દીધી હતી.

ઇન્ડિયા-એનો ઓપનર મયંક અગરવાલ ૪૪ બૉલમાં બનાવેલા ૩૬ રને રમી રહ્યો હતો અને તેની ઇનિંગ્સ માંડ જામી હતી ત્યારે પેસ બોલર નવદીપ સૈનીના એક બૉલમાં ગ્લાન્સ કરવા ગયો ત્યારે વિકેટની પાછળ રિષભ પંતના હાથમાં તેનો કૅચ ઝીલાઈ ગયો હતો.

હજી દોઢ વર્ષ પહેલાં ઘૂંટણની સર્જરી કરાવનાર પંતે ડાબી તરફ ડાઇવ મારીને મયંક અગરવાલને નવજીવન મળે એવી કોઈ તક નહોતી આપી. પંતે ડાઇવ મારીને એવો કૅચ પકડ્યો કે એનો વીડિયો વાઇરલ થઈ ગયો છે. ઓપનર મયંક અગરવાલ ૩૬ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. બન્ને વિકેટ ઇન્ડિયા-બીના નવદીપ સૈનીએ લીધી હતી.

એક્સ પર તેના કેટલાક ફૅન્સે લખ્યું કે પંત હવે ટેસ્ટ-ક્રિકેટમાં કમબૅક કરવા ફરી તૈયાર છે. જોકે બીજા કેટલાક ક્રિકેટપ્રેમીઓએ પંતની બૅટિંગ વિશે શંકા વ્યક્ત કરી હતી. એક ક્રિકેટલવરે જવાબમાં લખ્યું, 'હા ભાઈ, તારી વાત સાચી છે. તે ગુરુવારે સાત રનની ધમાકેદાર ઇનિંગ્સ રમ્યો હતો.'

પંત ગુરુવારે આકાશ દીપના બૉલમાં શુભમન ગિલના હાથમાં કૅચઆઉટ થયો હતો.

ઉલ્લેખનીય છે કે પંતે ૩૩ ટેસ્ટમાં પાંચ સદીની મદદથી ૨૨૭૧ રન બનાવ્યા છે અને વિકેટની પાછળથી કુલ ૧૩૩ શિકાર કર્યા છે. ■







# સાંગલીની જાહેર સભાથી ઉદ્ધવ ઠાકરેએ જાણી જોઈને પીઠ ફેરવી?




મુંબઇ: મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષ શિવસેના ઠાકરે જૂથે ગુરુવારે કડેગાંવમાં મહાવિકાસ અઘાડીના બે મુખ્ય પક્ષોના રાષ્ટ્રીય અધ્યક્ષ અને લોકસભામાં વિપક્ષના નેતાની હાજરીમાં યોજાયેલી બેઠકમાંથી પીઠ ફેરવી લીધી હતી. લોકસભા ચૂંટણી દરમિયાન ધારાસભ્ય ડો. વિશ્વજીત કદમનું અપક્ષ વિશાલ પાટીલનું સમર્થન અને શિવસેનાના ઉમેદવાર પહેલવાન ચંદ્રહર પાટીલની શરમજનક હાર તેની પાછળનું મુખ્ય કારણ માનવામાં આવે છે.

પતંગરાવ કદમની પ્રતિમાના અનાવરણ અને સ્મારક સ્થળના લોકાર્પણ સમારોહ પ્રસંગે ધારાસભ્ય ડો. કદમે આમંત્રણ આપ્યું હતું. શરદચંદ્ર પવાર રાષ્ટ્રવાદી કોંગ્રેસના પ્રમુખ શરદ પવાર સહિત અન્ય ઘટક પક્ષોના નેતાઓ અને પદાધિકારીઓ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. જોકે, આ બેઠકમાં શિવસેના ઠાકરે જૂથના વડા ઉદ્ધવ ઠાકરેથી લઈને સાંગલીના સ્થાનિક સ્તરના નેતાઓની ગેરહાજરી સ્થળ પર ચર્ચાનો વિષય બની હતી. આ કાર્યક્રમ માટે શિવસેના પક્ષપ્રમુખ ઉદ્ધવ ઠાકરેને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે, એમ વિધાનસભ્ય ડો. કદમે આઠ દિવસ પહેલા મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું. લોકસભા ચૂંટણીમાં શિવસેનાને સાંગલીની બેઠક મળી હતી. પરંતુ આ જગ્યા માટે ડો. કદમ અંત સુધી આગ્રહી રહ્યા. અંતે, ઠાકરે જૂથનો વિજય થયો અને તેમના વતી પહેલવાન ચંદ્રહર પાટીલની ઉમેદવારી જાહેર કરવામાં આવી. આ નિર્ણય છતાં સાંગલીથી કોંગ્રેસના નેતા વિશાલ પાટીલે બળવો કરીને અરજી દાખલ કરી હતી. તેમના અભિયાનમાં ડો. કદમ જાહેરમાં દેખાયા ન હોવા છતાં, તેમના મતવિસ્તારમાં વિશાલ પાટીલનો મત હિસ્સો અને વિજય પછીની ઉજવણીમાં તેમની કેન્દ્રીય ભાગીદારી ઘણું કહી ગઈ. સાંગલી લોકસભા ચૂંટણી પછી, કા કોંગ્રેસ-શિવસેના ઠાકરે જૂથ રાજ્યસ્તરે એક થયા હોવા છતાં, સાંગલીમાં, બંને પક્ષો અને તેમના નેતાઓ વચ્ચે ફૂટ પડી ગઈ છે. આના પરિણામે આજે ડો. કદમના કાર્યક્રમથી ઠાકરેથી માંડીને સ્થાનિક અધિકારીઓએ પણ મોઢું ફેરવી લીધું હોવાનું કહેવાય છે. આદિત્ય ઠાકરે, સંજય રાઉત, પાર્ટીના સંપર્ક નેતા ભાસ્કર જાધવ પણ આ કાર્યક્રમમાં આવ્યા ન હતા. ■







# ૧૧ વર્ષની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ: શિક્ષકની ધરપકડ

મુંબઈ: બીડમાં ૧૧ વર્ષની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચરવા બદલ ૩૦ વર્ષના શિક્ષકની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. પેઠબીડ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એ.કે. મુદલિયારે કહ્યું હતું કે આરોપી તેના નિવાસસ્થાને વિદ્યાર્થીઓને અરબી અને ઉર્દૂ શીખવતો હતો. અન્ય વિદ્યાર્થીઓ જતા રહ્યા બાદ આરોપી શિક્ષક વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચરતો હતો. તેણે અનેક વાર વિદ્યાર્થિનીને વાસનાનો શિકાર બનાવી હતી. ઉપરાંત તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય પણ કર્યું હતું. દરમિયાન વિદ્યાર્થિનીએ પેટમાં દુખાવાની ફરિયાદ કરતાં પરિવારજનો તેને ડોક્ટર પાસે લઇ ગયા હતા. તબીબી તપાસમાં વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચરાયું હોવાનું સામે આવ્યું હતું. વિદ્યાર્થિનીએ તેના પરિવારજનોને જણાવ્યું હતું કે આરોપી શિક્ષક તેની સાથે છેલ્લા ત્રણ મહિનાથી આવું કૃત્ય કરતો હતો અને તેની જાણ કોઇને ન કરવાની તેણે ધમકી પણ આપી હતી. વિદ્યાર્થિનીના પરિવારે આ પ્રકરણે શિક્ષક વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

## બૃહન્મુંબઈ મહાનગરપાલિકા

### શ્રી ગણેશ ભક્તો અને શ્રી ગણેશોત્સવ મંડળોને સંભવિત જોખમ અંગે ચેતવણી

બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની હદમાં આવેલ તમામ શ્રી ગણેશ ભક્તો અને શ્રી ગણેશોત્સવ મંડળોને જાણ કરવામાં આવે છે કે નીચેની યાદીમાં આપેલ રેલવે પરના પુલ ઘણા જૂના છે અને જોખમી બની ગયા છે. તેમજ નીચેની યાદીમાંના કેટલાક પુલોનું સમારકામ ચાલી રહ્યું છે અથવા તો ચોમાસા બાદ શરૂ કરવામાં આવશે. તેથી, તમામ ગણેશ ભક્તોએ મૂર્તિના આગમન/વિસર્જન માટે આ પુલ પાર કરતી વખતે નીચેની બાબતોનું ધ્યાન રાખવું જોઈશે.

૧) કરી રોડ ઉપરનો બ્રિજ, આર્થર રોડ (ચિંચપોકલી રેલ્વે પરનો પુલ) અને ભાયખલા રેલ્વે પરનો પુલ, આ પુલો પર એક સમયે ૧૬ ટન (ભક્તો અને વાહનોનું સંયુક્ત વજન) કરતાં વધુ ન હોવું જોઈએ, આની કાળજી લેવી.

૨) લાઉડ સ્પીકરનો ઉપયોગ કરીને પુલ પર નૃત્ય ન કરવું જોઈએ અને પુલ પરથી નીચે ઉતરીને ઉત્સવનો આનંદ માણવો જોઈએ.

૩) એક સમયે શ્રદ્ધાળુઓની ભીડ કર્યા વિના / પુલ પર લાંબો સમય રોકાયા વિના તરત જ પુલ પરથી આગળ વધો, પોલીસ અને મ્યુનિસિપલ વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર આગળ વધો.

પુલોની (Bridges) યાદી

| મધ્ય રેલવે | પશ્ચિમ રેલવે |
|---|---|
| ૧) ઘાટકોપર રેલ્વે બ્રિજ (રેલ ઓવર બ્રિજ) | ૭) ફ્રેન્ચ રેલ્વે બ્રિજ (ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડ વચ્ચે) |
| ૨) કરી રોડ રેલ્વે બ્રિજ (રેલ ઓવર બ્રિજ) | ૮) કેનેડી રેલ્વે બ્રિજ (ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડ વચ્ચે) |
| ૩) ચિંચપોકલી રેલ્વે બ્રિજ ખાતે સાને ગુરુજી માર્ગ, આર્થર રોડ | ૯) ફોકલેન્ડ રેલ્વે બ્રિજ (ગ્રાન્ટ રોડ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે) |
| ૪) ભાયખલા રેલ્વે બ્રિજ (રેલ ઓવર બ્રિજ) | ૧૦) મહાલક્ષ્મી સ્ટેશન રેલ્વે બ્રિજ |
| પશ્ચિમ રેલ્વે | ૧૧) પ્રભાદેવી-કેરોલ રેલ્વે બ્રિજ |
| ૫) મરીન લાઇન્સ રેલ્વે બ્રિજ (રેલ ઓવર બ્રિજ) | ૧૨) લોકમાન્ય ટિળક રેલ્વે બ્રિજ, દાદર. |
| ૬) સેન્ડહર્સ્ટ રોડ રેલ્વે બ્રિજ (ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડ વચ્ચે) | |

*** સાયન સ્ટેશન રેલ્વે બ્રિજ (રેલ ઓવર બ્રિજ) ટ્રાફિક માટે બંધ છે.**

ખાસ સૂચના - મુંબઈ (શહેર) જિલ્લાના શ્રી ગણેશ ભક્તોને ખાસ સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત તમામ પુલો પર શોભાયાત્રા કાઢતી વખતે ભક્તોએ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરીને નાચવું જોઈએ નહીં. બને તેટલી વહેલી તકે પુલ પાર કરો. તેમજ સૂચનાઓનું કાળજીપૂર્વક પાલન કરો અને ગણેશોત્સવમાં વિસર્જનની કામગીરીને યોગ્ય રીતે પાર પાડવા માટે બૃહન્મુંબઈ મહાનગરપાલિકા અને ટ્રાફિક પોલીસને સહકાર આપો.

બૃહન્મુંબઈ મહાનગરપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ અને સુવિધાઓ વિશેની માહિતી અને આ વર્ષના ગણેશોત્સવ માટે તૈયાર કરાયેલ માહિતી પુસ્તિકા ડાઉનલોડ કરવા માટે આપવામાં આવેલ ક્યૂઆર કોડને સ્કેન કરો.

બૃહન્મુંબઈ મહાનગરપાલિકા | ટ્રાફિક પોલીસ, બૃહન્મુંબઈ

PRO/1192/ADV/2024-25



(ROC D 2758)

## મુંબઈ બન્યું ગણરાયામય

# ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આજથી ગણેશોત્સવનો શુભારંભ

### ૧૫,૦૦૦ પોલીસ અધિકારી-કર્મચારી રહેશે ખડેપગે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિઘ્નહર્તાનું આજે વાજતે-ગાજતે આગમન થવાનું હોવાથી મુંબઈ પોલીસે પણ બંદોબસ્તની તૈયારી કરી લીધી છે. ગણેશોત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન નિર્માણ ન થાય એ માટે મહાગરમાં ૧૫,૦૦૦ પોલીસ અધિકારી-કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે. બીજી તરફ બાપ્પાના આગમન

(જુઓ પાનું ૪) ▸▸



**'અગ્નિ' સ્વરૂપે ગણરાયાઃ** આજથી ગણેશોત્સવની શરૂઆત થાય છે અને શહેરના બધા મોટા મંડળોમાં ભગવાન શ્રી ગણેશની ઊંચી પ્રતિમાઓ બેસાડાઇ ગઇ છે. તસવીરમાં ખેતવાડીની ૧૦મી ગલ્લીના ઓમ તાંડવ સાર્વજનિક ગણેશોત્સવ મંડળ દ્વારા લવાયેલી અગ્નિ સ્વરૂપના ગણેશજીની મૂર્તિ જોઇ શકાય છે. (જયપ્રકાશ કેળકર)

### સુધરાઈ પણ સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશોત્સવ માટે મુંબઈ મહાનગરપાલિકા તમામ તૈયારીઓ સાથે સજ્જ થઈ ગઈ છે. ગણેશના વિસર્જન માટે ૬૯ નૈસર્ગિક સ્થળની સાથે જ પાલિકાએ ૨૦૪ કૃત્રિમ વિસર્જન સ્થળ તૈયાર કર્યા છે. એ સિવાય ફરતા વિસર્જન સ્થળ તેમ જ

(જુઓ પાનું ૪) ▸▸

### કૃત્રિમ તળાવની યાદી જીપીએસ પર

મુંબઈના જુદા જુદા વિસ્તારમાં ૨૦૪ કૃત્રિમ તળાવો વિસર્જન માટે તૈયાર કર્યા છે. નાગરિકોને કૃત્રિમ તળાવના સ્થળોની માહિતી સરળતાથી મળી રહે તે માટે જીપીએસ લોકેશન સહિતની યાદી પાલિકાની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

### મત્સ્યડંખથી બચવાની અપીલ

ગણેશોત્સવ દરમિયાન મુંબઈના દરિયા કિનારા 'બ્લૂ બટન જેલીફિશ', 'સ્ટિંગ રે' પ્રજાતિની માછલીઓ જોવા મળતી હોય છે. તેથી વિસર્જન દરમિયાન ભક્તોને સંભાળીને રહેવાની અપીલ કરવામાં આવી છે. માછલીનો ડંખ થાય તો તરત પ્રથમોપચાર કરવાની સલાહ પણ આપવામાં આવી છે.

### મેટ્રો વનની ફેરીમાં વધારો

ગણેશોત્સ દરમિયાન સાત સપ્ટેમ્બરથી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી વર્સોવાથી ઘાટકોપર વચ્ચે દોડતી મેટ્રો ટ્રેનની ફેરીઓમાં વધારો કરવામં આવવાનો છે. ગણેશોત્સવ દરમિયાન વર્સોવાથી ઘાટકોપર વચ્ચે છેલ્લી ટ્રેન રાતના ૧૨.૧૦ વાગે ઉપડશે. હાલ છેલ્લી મેટ્રો ટ્રેન ૧૧.૨૦ વાગે છૂટે છે. તો ઘાટકોપરથી વર્સોવા વચ્ચે છેલ્લી ટ્રેન ૧૧.૪૫ વાગે ઉપડે છે, તે ગણેશોત્સવ દરમિયાન ૧૨.૪૦ વાગે ઉપડશે.

# ઘોડબંદરના ફ્લાયઓવર પર ફરી અકસ્માતઃ એસટી બસ રેલિંગ સાથે ભટકાઇ



થાણેઃ ઘોડબંદર ખાતે માનપાડા ખાતે શુક્રવારે સવારે સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી)ની બસ ફ્લાયઓવર પર રેલિંગ સાથે ભટકાઇ હતી. સદનસીબે એ સમયે બસમાં કોઇ પણ પ્રવાસી નહોતા. અકસ્માતને કારણે ઘોડબંદર રોડ પર થોડા સમય માટે ટ્રાફિજામ સજાર્યો હતો.

છેલ્લા કેટલાક દિવસોથી ઘોડબંદર રોડ પર અકસ્માતોને કારણે ટ્રાફિકજામ સર્જાતાં વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી રહી છે. શુક્રવારે સવારે ફરી એસટી બસને અકસ્માત નડ્યો હતો અને તેને કારણે ટ્રાફિકજામ સર્જાતાં વાહનચાલકો અટવાયા હતા. થાણેથી ઘોડબંદર તરફ જઇ રહેલી

(જુઓ પાનું ૪) ▸▸

### ઘોડબંદર રોડ પરના ટ્રાફિકની સમસ્યામાં તાત્કાલિક સુધારો કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેના અતિવ્યસ્ત ઘોડબંદર રોડ પર છેલ્લા થોડા દિવસથી ભયાનક ટ્રાફિકની સમસ્યા સર્જાઈ છે. વાહનચાલકો કલાકોને કલાકો સુધી ટ્રાફિકમાં ફસાઈ રહ્યા છે ત્યારે થાણે મહાનગપાલિકાના કમિશનર સૌરભ રાવે શુક્રવારે તાત્કાલિક ધોરણે એમએમઆરડીએ,

(જુઓ પાનું ૪) ▸▸

### મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેની કરી ટીકા

## ફક્ત નસીબવાન હોવાથી ચાલતું નથી, રસ્તા પર ઊતરવું પડે છે

મુંબઈઃ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શુક્રવારે રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની આકરી ટીકા કરી હતી અને કહ્યું હતું કે ફક્ત નસીબવાન હોવાથી ચાલતું નથી, તેને જાળવી રાખવા માટે રસ્તા પર પણ ઉતરવું પડે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે 'મુખ્યમંત્રી લાડકી બહિણ યોજના' એટલી લોકપ્રિય બની છે કે વિરોધીઓ ડરી ગયા છે. અઢી વર્ષમાં અમે રાજ્યને ઔદ્યોગિક ક્ષેત્રે પ્રથમ ક્રમે લઈ આવ્યા છીએ. લાડકી બહેનોએ વિરોધીઓને ચોંકાવી દીધા છે.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ એક મરાઠી ચેનલના કાર્યક્રમમાં બોલતાં ઉદ્ધવ ઠાકરેની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતુ કે સરકારમાં આવ્યા બાદ અમે ૧૨૨ પ્રોજેક્ટને મંજૂરી આપી છે. અગાઉની સરકારે ૨ પ્રોજેક્ટ પણ શરૂ કર્યા ન હતા. અમારો ટાર્ગેટ આ રાજ્યને ઉદ્યોગ ક્ષેત્રે આગળ લઈ જવાનો હતો. જ્યારે અમે દાવોસ ગયા હતા ત્યારે અમે ૧.૩૭ લાખ કરોડના એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. અમારી પાસે આવડત છે. કનેક્ટિવિટી સારી છે. હવે ૮૪ હજાર કરોડના પ્રોજેક્ટ શરૂ થઈ રહ્યા છે. માગ્યા વગર કશું જ મળતું નથી. ઘરમાં બેસીને કશું થતું નથી.

(જુઓ પાનું ૪) ▸▸

# છ વર્ષમાં પહેલી વખત રાજ્યના મોટા બંધ ૧૦૦ ટકા છલકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આ વર્ષે ચોમાસામાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મુશળધાર વરસાદ પડ્યો હોવાને કારણે મોટા ભાગના બંધ છ વર્ષ બાદ તેની પૂર્ણ ક્ષમતાએ એટલે કે ૧૦૦ ટકા છલકાઈ ગયા છે. તો મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં પણ પાણીનો જથ્થો ૯૮ ટકા થઈ ગયો છે.

આ વર્ષે રાજ્યમાં ચોમાસાનું આગમન જલદી થયા બાદ જૂન મહિનામાં વરસાદનું પ્રમાણ ઓછું રહ્યું હતું. જોકે જુલાઈ મહિનામાં મોટાભાગના જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ રહ્યો હતો. તો ઑગસ્ટ મહિનામાં પણ અમુક જિલ્લામાં ભારે વરસાદ રહ્યો હતો, તેને કારણે છેલ્લા છ વર્ષ બાદ પહેલી વખત મોટા બંધ ૧૦૦ ટકા છલકાઈ ગયા છે. કૃષિ વિભાગના જણાવ્યા મુજબ રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ ૧૨૧ ટકા વરસાદ પડ્યો છે.

ઉજની, કોયના, જાયકવાડીની સાથે જ ભાતસા અને વૈતરણા બંધ પણ લગભગ ૧૦૦ ટકા છલકાઈ ગયા છે. ગયા વર્ષે આ સમયે મોટાભાગના બંધમાં કુલ મળીને ૬૫ ટકા પાણીનો સ્ટોક હતો.

રાજ્યના મોટા બંધની સાથે જ મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં ૯૮.૦૬ ટકા એટલે કે ૧૪,૧૭,૨૭૬ મિલ્યન લિટર જેટલો પાણીનો જથ્થો જમા થઈ ગયો છે. હજી ચોમાસાને પૂરું થવામાં એક મહિનાનો સમય છે, તેથી આગામી દિવસમાં જળાશયો ૧૦૦ ટકા છલકાઈ જવાની શક્યતા છે. ગયા વર્ષે આ જ સમયે

(જુઓ પાનું ૪) ▸▸

# બદલાપુરથી પનવેલ ફક્ત ૧૦ જ મિનિટ

### બદલાપુરથી મુંબઈ માત્ર અડધો કલાક

બદલાપુરઃ બદલાપુરથી પનવેલ સુધીની ૪.૨૫ કિલોમીટર લાંબી ટનલ ૧૫ મહિનાના વિક્રમ સમયમાં પૂર્ણ થઇ ગઇ છે. આ પ્રોજેક્ટ પૂરો કરવા માટે બે વર્ષની સમય મર્યાદા નક્કી કરવામાં આવી હતી. જોકે, ટનલનું કામ સમય પહેલા જ પૂરું થઈ ગયું છે. આ ટનલના કારણે બદલાપુરથી પનવેલ સુધીની સફર માત્ર ૧૦ જ મિનિટમાં પૂરી થઈ જશે.

વડોદરા જેએનપીટી હાઇવે પર બદલાપુરથી પનવેલ સુધી ૪.૨૫ કિલોમીટર લાંબી મહારાષ્ટ્રની સૌથી મોટી ટનલ બનાવવામાં આવી છે. આ ટનલ માત્ર ૧૫ મહિનામાં તૈયાર થઈ ગઈ હોવાથી બદલાપુર અને નવી મુંબઈ વચ્ચેના પ્રવાસનું સ્વરૂપ બદલાઈ જશે.

પાલઘર, થાણા અને રાયગઢ જિલ્લામાં હાલ વડોદરા જેએનપીટી હાઇવેનું કામ ચાલી રહ્યું છે. બદલાપુરથી પનવેલ ટનલ આ હાઇવેનો સૌથી મહત્ત્વપૂર્ણ તબક્કો છે. આ માટે તૈયાર કરવામાં આવેલી બદલાપુરથી પનવેલ સુધી ૪.૨૫ કિલોમીટર લાંબી ટનલ ૨૨ મીટર પહોળી છે અને તેમાં ચાર લેન હશે. આ ટનલના બાંધકામમાં બે વર્ષનો સમય લાગવાની સંભાવના હતી, પણ કામ માત્ર ૧૫ મહિનામાં જ પૂરું થઈ ગયું છે. કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ પણ ટનલનું કામ નિયત સમય કરતાં વહેલું પૂરું કરવા બદલ પ્રશંસા કરી છે.

એક વાર હાઈવે ચાલુ થઈ ગયા બાદ ટનલના કારણે માત્ર ૧૦ મિનિટમાં બદલાપુરથી પનવેલ સુધીની મુસાફરી શક્ય બનશે. બદલાપુરથી મુંબઈ સુધીની સફર અટલ સેતુના માધ્યમથી માત્ર ૩૦થી ૪૦ મિનિટમાં કરી શકાશે. આ હાઈવેને કારણે નવી મુંબઈ એરપોર્ટને કનેક્ટિવિટી મળશે. આ મહામાર્ગ પર માલસામાનની મોટા પાયે હેરફેર થવાની સંભાવના હોવાથી બદલાપુર અને તેની આસપાસના પટ્ટામાં હાઇવે પર કમર્શિયલ હબ અને ગોદામ ઊભાં થશે જેના કારણે સ્થાનિક લોકોને રોજગારીમાં મોટો વધારો થશે. ■



શ્રી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

જન્મ: તા. ૧૮/૧૧/૧૯૩૪ — અરિહંત શરણ: તા. ૬/૯/૨૦૨૪

સ્વ. મહેન્દ્રભાઈ હેમચંદ કોઠારી

ગોંડલ નિવાસી (ઉ. વર્ષ ૮૯)

માતા/પિતા : સ્વ. ચંપાબેન હેમચંદ કોઠારી

પત્ની : સ્વ. હંસાબેન કોઠારી

પુત્ર/પુત્રવધુ : સ્વ. ધર્મીન - દિપ્તી કોઠારી

પૌત્રીઓ : અ.સૌ. નુપુર અર્પિત નારેચણિયા, બંસરી કોઠારી

દિકરી/જમાઈ : પુનમ કમલેશ મોદી, પુજા રાજેશ દોશી

સાળા : ધીરેન્દ્રભાઈ અભેચંદ દોશી

દોહિત્રી/દોહિત્રો : વિધી - નીલ, હર્ષ-સ્વાધિ, માનસી

શ્વસુર પક્ષ : સ્વ. અભેચંદ અમરચંદ દોશી

ભાઈઓ : સ્વ. કનૈયાલાલ કોઠારી, શ્રી હસમુખરાય, શ્રી રમેશભાઈ, શ્રી ચંદ્રકાન્તભાઈ, શ્રી ડોલરભાઈ, શ્રી મહેશભાઈ

બેનો : સ્વ. મંછાબેન શાંતિભાઈ મહેતા, સ્વ. પ્રભાબેન છોટાલાલ શાહ, સ્વ. પુષ્પાબેન મહાસુખભાઈ શેઠ, સ્વ. વિજયાબેન હર્ષદરાય શેઠ

નિવાસસ્થાન : બી-૩, ક્ષેમા હા. કો. ઓ. સો., સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ

લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.


# લોઅર પરેલમાં કમર્શિયલ બિલ્ડિંગમાં લાગેલી આગ પાંચ કલાકે નિયંત્રણમાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોઅર પરેલ (પશ્ચિમ)માં કમલા મિલ્સ કમ્પાઉન્ડમાં આવેલી ૧૪ માળની કાચની બિલ્ડિંગ ટાઈમ્સ ટાવરમાં શુક્રવારે વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. પાંચ કલાકની જહેમત બાદ ફાયરબ્રિગેડે આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. સદ્નસીબે આગમાં કોઈને ઈજા થઈ નહોતી. જોકે આગની ઘટનાએ ફરી એક વખત કમલા મિલ્સ કમ્પાઉન્ડમાં ફાયર સેફ્ટીને લઈને ચિંતા ઊભી કરી છે.

લોઅર પરેલમાં ૧૪ માળના કમર્શિયલ ટાઈમ્સ ટાવરના ઈલેક્ટ્રિક પેનલમાં સવારે ૬.૨૦ વાગે શરૂ થયેલી આગ લેવલ બે સુધી પહોંચી ગઈ હતી. પોલીસ અને પાલિકાના સ્થાનિક વોર્ડ ઓફિસ સ્ટાફ સાથે ફાયરબ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ફાયરબ્રિગેડના



(જયપ્રકાશ કેળકર)

અધિકારીના જણાવ્યા મુજબ આગ સાતમા માળથી ૧૦ માળ સુધી પેનલમાં લાગેલા ઈલેક્ટ્રિક વાયરિંગ સુધી સીમિત રહી હતી. જો આ દરમિયાન સાતમા,

(જુઓ પાનું ૪) ▸▸

# 'આત્મહત્યાનું પ્રમાણ વધારે હોવાથી મરાઠાઓને પછાત ન ગણી શકાય'

### અનામતના વિરોધીઓનો હાઈ કોર્ટમાં યુક્તિવાદ

મુંબઈઃ કોઇ સમુદાયના નાગરિકોની આત્મહત્યાનો દર વધુ હોવાથી એ સમુદાય પછાત છે એવું ન કહી શકાય. મરાઠા સમુદાયને સરકારી નોકરીઓ અને શિક્ષણમાં અનામતનો વિરોધ કરી રહેલા અરજદારોએ ગુરુવારે હાઇ કોર્ટને જણાવ્યું હતું કે આત્મહત્યા અને અનામત વચ્ચે કોઈ સંબંધ નથી.

નિવૃત્ત ન્યાયમૂર્તિ સુનિલ શુક્રેની અધ્યક્ષતામાં રાજ્ય પછાત વર્ગ આયોગના અહેવાલમાં મરાઠા સમુદાય ત્રણ દાયકા પાછળ હોવાની રજૂઆત કરવામાં આવી છે. વાસ્તવમાં ચિત્ર જુદું જ છે. અસામાન્ય અથવા અસાધારણ સંજોગો ન હોવા છતાં મરાઠા સમુદાયને અનામત આપવામાં આવી રહી છે એવા આરોપનો અરજદારો વતી પુનરુચ્ચાર કરવામાં આવ્યો છે. મરાઠા સમુદાયમાં આત્મહત્યાની સંખ્યા વધારે છે એવી રજૂઆત કમિશન દ્વારા કરવામાં આવી છે. જોકે, માત્ર પછાત હોવાને કારણે જ આત્મહત્યા નથી કરવામાં આવતી. એના જુદા જુદા કારણો છે જે કમિશન દ્વારા નથી રજૂ કરવામાં આવ્યા, એમ પણ અરજદારોએ અદાલતને જણાવ્યું છે.

જો કોઈ જૂથને છેલ્લા કેટલાક વર્ષોથી મુખ્ય પ્રવાહમાંથી બહાર કરી દેવાથી જો તેને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય, તો તે જૂથને તેની સુરક્ષા માટે અનામત આપવામાં આવે છે. જોકે, મરાઠા સમુદાય બાબતમાં આવું નથી થતું એમ પણ અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ પ્રદીપ સંચેતીએ અદાલતને જણાવવા પ્રયાસ કર્યો હતો. કેટલા મરાઠા ખેડૂત ગરીબી રેખા નીચે છે તેની આંકડાકીય માહિતી ઉપલબ્ધ નથી. સુપ્રીમ કોર્ટે મરાઠા અનામત રદ કરતી વખતે સ્પષ્ટ કર્યું હતું કે જ્ઞાતિ કે કોમના પછાતપણાની ચકાસણી માટે દર ૧૦ વર્ષે સર્વે કરવો જોઈએ. થોડા દિવસ પહેલાં સુપ્રીમ કોર્ટે એક મહત્વનો નિર્ણય આપ્યો હતો કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાંથી કોણ વધુ પછાત છે કે ઓછું પછાત છે તેનો સર્વે કરીને તે મુજબ અનામત આપે. ■

### 'વિપક્ષોને દુઃખ ન થયું, ફક્ત રાજકીય રોટલા શેક્યા'

# શિવાજી મહારાજની પ્રતિમાના મુદ્દે ફડણવીસના વિપક્ષ પર પ્રહાર

મુંબઈઃ સિંધુદુર્ગના રાજકોટ કિલ્લા ખાતે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડી ત્યાર બાદ મોટો હોબાળો થયો હતો અને ખાસ કરીને વિપક્ષો દ્વારા આ મામલે સરકારની આકરી ટીકા કરી વિરોધ પ્રદર્શન અને મોરચાઓ પણ કાઢવામાં આવ્યા હતા. આ મામલે હવે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મહાવિકાસ આઘાડી પર ટીકાસ્ત્રો છોડ્યાં હતાં અને શિવાજી મહારાજના નામે રાજકારણ કરવા બદલ મહાવિકાસ આઘાડીના પક્ષોને વખોડ્યા હતા.

ફડણવીસે કહ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજ એ મરાઠી માણસો, મહારાષ્ટ્ર અને તમામ હિંદુ સમાજના આરાધ્ય છે. આ ઘટના બનવાથી મહારાષ્ટ્રની જનતા અને શિવપ્રેમીઓને એટલું જ દુઃખ થયું જેટલું દુઃખ આપણને આપણા ભગવાનની પ્રતિમા તૂટે ત્યારે થાય છે. જોકે, આ મુદ્દા પર જે રીતે રાજકારણ કરાયું તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. ■

### મહારાજે સુરત લૂંટ્યું નહીં, ચઢાઇ કરી હતી

છત્રપતિ શિવાજી મહારાજે સુરત શહેર લૂંટ્યું એવો ખોટો ઇતિહાસ લોકો સામે મૂકવા બદલ ફડણવીસે કૉંગ્રેસની ટીકા કરતા કહ્યું કે શિવાજી મહારાજે સુરત લૂંટ્યું નહોતું. તેમણે સુરત પર બે વખત હલ્લાબોલ કર્યો હતો. અબ્દાલી, તૈમુર લંગ, અલ્લાઉદ્દીન જે કરતા હતા, તેને લૂંટ કહેવાય. શિવાજી મહારાજે સામાન્ય જનતાને હાથ પણ લગાવ્યો હતો કે શું?

### મહારાજને લૂંટારુ કહે તે શરદ પવારને ચાલશે?

ફડણવીસે શરદ પવારની ટીકા કરતા કહ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજને લૂંટારુ કહેવા એ શરદ પવારને ચાલશે કે? મારા મહારાજા શિવાજી લૂંટારુ નહોતા. તેમણે સામાન્ય પ્રજાને ક્યારેય રંજાડી નહોતી. ■


દુઃખદ અવસાન



(ઉંમર ૧૦૩ વર્ષ)

શ્રી બી એલ શાહ

"શાહ સાહબ"

પતિ : સ્વ.શાંતિ દેવી શાહ

બુધવાર, ૪ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ અવસાન પામેલ છે.

-: પ્રાર્થના સભા :-

રવિવાર, તા. ૮ સપ્ટેમ્બર ૨૦૨૪, સમયઃ સવારના ૧૦ કલાક થી ૧૨ કલાક સુધી

સ્થાન : સેન્ચુરી ભવન સભાગ્રહ, ગ્રાઉન્ડ ફ્લોર, વરલી, મુંબઈ

-: શોકાકુલ :-

| વિજયલક્ષ્મી દાલમિયા | રાજ શાહ | રતન શાહ | અરુણા શાહ |
|---|---|---|---|
| સંજય, વેણુ, સુનંદા, સંદીપ, અનુરાધા, અક્ષય, રાશિ, નિકિતા, પ્રણવ, સાક્ષી, ધ્રુવ, રેવા | અમિતા<br>અપર્ણા, કિરેન, અર્ચના, અર્ચિત, સિદ્ધાંત, દેવ, નીલ | સંગીતા<br>પરાગ, શાલ્વી, નિમય, અનુરાગ | દીપા<br>વરુણ, લૌરા, તુષાર, ભાવના, અવની |

અને સમગ્ર શાહ પરિવાર


### ખેડૂત આત્મહત્યા પીડિતોના પરિવારો માટે નાણાકીય સહાય ફરી શરૂ

મુંબઇઃ તીવ્ર પ્રતિક્રિયા અને ટીકાઓ પછી, મહારાષ્ટ્ર સરકારે આત્મહત્યા કરનારા ખેડૂતોના પરિવારો માટે આર્થિક સહાય રોકવાનો નિર્ણય પાછો ખેંચી લીધો છે. આ યોજના આત્મહત્યા કરનારા ખેડૂતોના વારસદારોને ૧ લાખ રૂપિયાની રાહત આપે છે. ૩ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલા પ્રારંભિક સરકારી પરિપત્રમાં, સરકારે જણાવ્યું હતું કે કટોકટી ભંડોળ હવે ઉપલબ્ધ રહેશે નહીં, જેની વ્યાપક ટીકા થઇ હતી.

વિપક્ષે દાવો કર્યો કે આ ભંડોળને 'લાડકી બહેન' યોજનામાં વાળવામાં આવી રહ્યું છે. જો કે, નવા સરકારી પરિપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ યોજના માટેના ભંડોળ વિભાગીય કમિશનરોને ફાળવવામાં આવ્યા છે અને અગાઉની જેમ જ જિલ્લા

(જુઓ પાનું ૪) ▸▸

### મહાયુતિમાં 'પોસ્ટરે' પાડી તિરાડ

# લાડકી બહેન યોજનાના બેનરમાંથી શિંદેનો ફોટો ગાયબ હોવાના કારણે વિવાદ

મુંબઈઃ લાડકી બહેન યોજનાની લોકપ્રિયતાના કારણે એક તરફ મહાયુતિ સરકારને વિધાનસભાની ચૂંટણીમાં ફાયદો થાય તેવી શક્યતા છે ત્યારે આ યોજનાના કારણે મહાયુતિના પક્ષોમાં તિરાડ ઊભી થાય તેવી પણ શક્યતા જણાઇ રહી છે.

અજિત પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કોંગ્રેસ) દ્વારા સોશિયલ મીડિયામાં મુકાતી લાડકી બહેન યોજનાની જાહેરાતોમાંથી તેમ જ બેનર-પોસ્ટરોમાંથી મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનો ફોટો ગાયબ હોવાના કારણે શિવસેના(એકનાથ શિંદે જૂથ)ના નેતા નારાજ થયા છે.

એકનાથ શિંદેના ફોટાની ગેરહાજરી સામે શિવસેનાના પ્રધાને વાંધો ઉઠાવ્યો હતો.

(જુઓ પાનું ૪) ▸▸


PAC n DELIVER

INTERNATIONAL COURIER

Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**

Contact : Mr. ANUJ SANGOI

8879991866

Email - sales@pacndeliver.com

"20 Yrs of Quality Service"


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**